દૈનિક
# મુંબઈ સમાચાર
૨૦૪ વર્ષ
R.N.I. No. 1563/1957 ★
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપના: ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તક: ૨૦૫ ■ Volume 69 ■ Issue 83 ■ વિક્રમ સંવત ૨૦૮૨
ચૈત્ર વદ - ૭ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 9 April 2026, Thursday ■ REGD.No. MCS/058/2024-26
ગુરુવાર, ૯ એપ્રિલ ૨૦૨૬, કિંમત ₹ ૧૦.૦૦ | લાડકી પૂર્તિ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u




આશા, મદદ અને માનવતાનું રાષ્ટ્રવ્યાપી સપ્તાહ

## શ્રી અનંતભાઈ અંબાણી ના જન્મદિવસ નિમિત્તે અનંત સેવાની હાર્દિક શુભેચ્છાઓ

## સન્માન સપ્તાહ

સેવા, કરુણા અને સકારાત્મક પરિવર્તન માટેની તેમની પ્રેરણાદાયી દ્રષ્ટિને સમર્પિત આ વિશેષ સપ્તાહ ઉજવવામાં આવી રહ્યું છે.

તેમના ઉમદા વિચારો અને દ્રઢ સંકલ્પથી પ્રેરાઈ આજે **અનંત સેવા ફાઉન્ડેશન** નો ગૌરવપૂર્ણ શુભારંભ કરવામાં આવ્યો છે, સમાજમાં સકારાત્મક બદલાવ લાવવાના એક નવા પ્રારંભ તરીકે.



જો કોઈ પરિવારને તબીબી સારવારની જરૂર પડે, કોઈ બાળકને અભ્યાસ માટે મદદ જોઈતી હોય, વિશેષક્ષમતાવાળા (દિવ્યાંગ) વ્યક્તિને સહાયક બનવાનું હોય, કોઈએ અનિચ્છાએ રોજગાર ગુમાવ્યો હોય અને ફરી સ્વાવલંબી બનવા કૌશલ્ય શીખવા વિકસાવવા માંગતા હોય, કે કોઈ પ્રાણી પીડામાં હોય – તો અમારી હેલ્પલાઈન પર સંપર્ક કરો. જરૂર પડે ત્યારે તમારી સાથે ઉભા રહેવું એ અમારી જવાબદારી જ નહીં, પણ નૈતિક પ્રતિબધ્ધતા છે.

**અનંત સેવા ફાઉન્ડેશન**
હેલ્પલાઈન નંબર :
**89 58 58 58 58**

AYP ANANT YUVA PRATISHTHAN | ANANT™ SEVA FOUNDATION | I ♥ UMBAI® Foundation



# જન્મદિવસની હાર્દિક શુભેચ્છાઓ

આશા, સેવા અને માનવતાને રાષ્ટ્રીય સ્તરે ઉજવતુ અઠવાડિયુ



## માન અને ગૌરવનું એક અઠવાડિયુ

દ્રષ્ટીવાન વ્યક્તિત્વને સમર્પિત જે સેવા અને પરિવર્તન માટે પ્રેરણા આપે છે.

# શ્રી અનંત અંબાણીજી

AYP ANANT YUVA PRATISHTHAN | ANANT® SEVA FOUNDATION | I ♥ MUMBAI® Foundation

ઉચ્ચ આદર્શોથી પ્રેરાઈને શ્રી અનંત અંબાણીજી આજે ગૌરવ સાથે પ્રારંભ કરે છે. અનંત સેવા ફાઉન્ડેશન



દૈનિક
# મુંબઈ સમાચાર
૨૦૪ વર્ષ
R.N.I. No. 1563/1957 ★
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૫ ■ Volume 69 ■ Issue 83 ■ વિક્રમ સંવત ૨૦૮૨
ચૈત્ર વદ - ૭ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 9 April 2026, Thursday ■ REGD.No. MCS/058/2024-26
ગુરુવાર, ૯ એપ્રિલ ૨૦૨૬, કિંમત ₹ ૧૦.૦૦ | લાડકી પૂર્તિ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# બે સપ્તાહનો યુદ્ધવિરામ

SCAN FOR TODAY'S GOLD RATE
ANTARA GOLD RATE
જુના સોનાના ઘરેણા શ્રેષ્ઠ ભાવે ખરીદીશું
ANTARA GOLD & DIAMONDS
DADAR 022 4041 5565 | BORIVALI 022 6811 5565

**▶ અમેરિકા અને ઈરાન વચ્ચે યુદ્ધવિરામની જાહેરાત છતાં હુમલાઓ ચાલુ જ છે ▶ શસ્ત્રવિરામ કેટલો ટકશે એ જ મોટો સવાલ ▶ સઉદી અરેબિયાની મહત્ત્વની ઑઈલ પાઈપલાઈન પર ઈરાનનો હુમલો ▶ યુએઈને પણ ડ્રોનથી ટાર્ગેટ કર્યું ▶ ભારતનો યુદ્ધવિરામને આવકાર**

દુબઈઃ ઇરાન, અમેરિકા અને ઇઝરાયલ બે અઠવાડિયાં યુદ્ધવિરામ માટે બુધવારે સહમત થયા હતા. આમ છતાં, યુદ્ધવિરામની જાહેરાતના થોડા કલાક બાદ ઇરાન, સંયુક્ત આરબ અમીરાત (યુએઇ), સઉદી અરેબિયા, બાહરીન, ઇઝરાયલ, લેબેનોન અને કુવૈતે પોતાના પર હુમલા થયા હોવાનો આક્ષેપ કર્યો હતો. સઉદી અરેબિયાની મહત્ત્વની ઓઇલ પાઇપલાઇન પર ઇરાને મિસાઇલ હુમલો કર્યો હતો. યુએઈ પર પણ ડ્રોન હુમલા કરાયા હતા. આને કારણે આ શસ્ત્રવિરામ કેટલો ટકશે એ જ એક મોટો સવાલ છે.

યુદ્ધવિરામ માટે મધ્યસ્થી કરનારા પાકિસ્તાન અને અન્ય અમુક દેશે દાવો કર્યો હતો કે હવે ઇઝરાયલ દ્વારા લેબેનોનમાં હુમલા બંધ કરાશે. આમ છતાં, ઇઝરાયલે લેબેનોનમાં હુમલા અટકાવવા સંમતિ સધાઇ હોવાનો ઇનકાર કર્યો હતો.


યુદ્ધવિરામની જાહેરાત બાદ તહેરાનની શેરીઓમાં મોટી સંખ્યામાં દેખાવકારોએ ભેગા થઇને 'અમેરિકાને મોતને ઘાટ ઉતારો, ઇઝરાયલને મારી નાખો, સમાધાન કરનારા લોકોને ખતમ કરો' કહેતા નારા

(જુઓ પાનું ૨) ▶▶




**મુંબઈ સમાચાર આયોજિત જગતની સૌપ્રથમ...**

## માતૃભાષા ભાગવત સપ્તાહનું ભવ્ય સમાપન




મુંબઈના બોરીવલીની ચીકુવાડીમાં સ્વ. શ્રી બાળાસાહેબ ઠાકરે ક્રીડાસંકુલમાં ખાસ ઊભી કરાયેલી સનાતન નગરીમાં બીજી એપ્રિલે શરૂ થયેલી મુંબઈ સમાચાર આયોજિત માતૃભાષા ભાગવત સપ્તાહનું ગઈ કાલે ભવ્ય સમાપન થયું હતું. આ સાત દિવસ દરમ્યાન હજારો મુંબઈગરા પરમ પૂજ્ય રમેશભાઈ ઓઝા ભાઈશ્રીની અમૃતવાણીમાંથી શબ્દદેહે અવતરેલી ભાગવત કથાની ગંગામાં ડૂબકી લગાવીને પાવન થયા હતા. ભાગવત કથાના રંગે રંગાયેલા બોરીવલીમાંની સનાતન નગરીમાં આટલી મોટી સંખ્યામાં ભાવિકોની હાજરી છતાં કોઈને જરા પણ અગવડ નહોતી પડી એવી સરસ વ્યવસ્થા 'મુંબઈ સમાચાર' દ્વારા કરવામાં આવી હતી. માતૃભાષાની સતત સેવા કરનાર ભાષાના મશાલચીઓના લાભાર્થે યોજવામાં આવેલી આ ભવ્યાતિભવ્ય ભાગવત સપ્તાહમાં મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન શ્રી દેવેન્દ્ર ફડણવીસ પણ ખાસ હાજર રહ્યા હતા. (અમય ખરાડે)

વધુ અહેવાલ, તસવીરો ૧૦ ૧૧

**– માતૃભાષા ભાગવત સપ્તાહના સાતેય દિવસના વિગતવાર અહેવાલોઅને તસવીરો માટે જોતા રહો મુંબઈ સમાચાર.**

## શૅરબજારમાં તેજીનું જબરું તોફાનઃ રોકાણકારોએ ૧૬ લાખ કરોડ રળ્યા

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઇઃ પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા યુદ્ધમાં સીઝફાયરની જાહેરાત થતાં વેંત વૈશ્વિક ઇક્વિટી માર્કેટમાં આવેલા જોરદાર ઉછાળા અને ક્રૂડ ઓઈલના ભાવમાં નોંધાયેલા ઝડપી ઘટાડાને પગલે સેન્સેક્સ ૨,૯૪૬.૩૨ પોઈન્ટ ઉછળીને ૭૭,૫૬૨.૯૦ની સપાટીએ, જ્યારે નિફ્ટી ૮૭૩.૭૦ પોઈન્ટ ઉછળીને ૨૩,૯૯૭.૩૫ પોઇન્ટની સપાટી પર બંધ થયો છે.

બુધવારના સત્રના તીવ્ર ઉછાળાથી રોકાણકારોની સંપત્તિમાં ઘણા વખતે સારો વધારો જોવા મળ્યો હતો. બીએસઇ પર લિસ્ટેડ તમામ કંપનીઓનું કુલ માર્કેટ કેપિટલાઈઝેશન રૂ.૪૨૯.૨૬ લાખ કરોડ સામે રૂ.૧૬.૨૫ લાખ કરોડ વધીને રૂ.૪૪૫.૫૧ લાખ કરોડ રહ્યું હતું.

શેરબજારમાં જોવા મળેલા ઉછાળાના મુખ્ય પાંચ કારણોમાં ઈરાન-અમેરિકાએ જાહેર કરેલો બે અઠવાડિયાનો યુદ્ધવિરામ, બેરલદીઠ ૯૫ ડૉલરથી નીચે ઊતરી ગયેલા ક્રૂડ ઓઇલના ભાવ, બોન્ડ યીલ્ડમાં ઘટાડો, વૈશ્વિક બજારોમાં તેજી અને રૂપિયાના ભાવમાં આવેલો ઉછાળો સામેલ છે.

એશિયન બજારોમાં, દક્ષિણ કોરિયાના બેન્ચમાર્ક કોસ્પીમાં ૬.૮૭

(જુઓ પાનું ૨) ▶▶

## ગુજરાતીઓને અભણ કહેનાર ખડગેની સાન ઠેકાણે આવી ખરી, માફી માગી

નવી દિલ્હીઃ કૉંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ બુધવારે કેરલમમાં ચૂંટણી પ્રચાર દરમિયાન ગુજરાતના લોકોને અભણ કહેવા બદલ માફી માગી હતી અને કહ્યું હતું કે તેમને ગુજરાતના લોકો પ્રત્યે ખૂબ આદર છે. નોંધનીય છે કે રવિવારે કેરલમ વિધાનસભાની ચૂંટણી પ્રચાર દરમિયાન એક ભાષણમાં ખડગેએ ગુજરાતના લોકોને અભણ ગણાવ્યા હતા અને કહ્યું હતું કે વડાપ્રધાન નરેન્દ્ર મોદી તેમને મૂર્ખ બનાવી રહ્યા છે.ખડગેએ બુધવારે 'એક્સ' પર પોસ્ટ કરીને કહ્યું હતું કે કર્યું હતું કે, તાજેતરમાં જ કેરલમમાં મે એક ચૂંટણી રેલીને સંબોધતા કરેલી કેટલીક ટિપ્પણીઓને જાણી જોઈને ખોટી રીતે રજૂ કરવામાં આવી રહી છે. તેમ છતાં હું જવાબદારી લેતા મારા તરફથી દિલગીરી વ્યક્ત કરું છું. ગુજરાતના લોકો પ્રત્યે મારા મનમાં સર્વોચ્ચ સન્માન રહ્યું છે અને હંમેશા રહેશે. ત્યાંના લોકોની લાગણીઓને ઠેસ પહોંચાડવાનો મારો ક્યારેય ઈરાદો નહોતો.

કોંગ્રેસ અધ્યક્ષે કેરલમની ચૂંટણી સભામાં કહ્યું હતું કે કેરલમના લોકોને ગેરમાર્ગે ન દોરો. તેઓ ખૂબ જ બુદ્ધિશાળી અને શિક્ષિત છે. મોદી, વિજયન, તમે બંને ગુજરાતના અથવા અન્ય સ્થળોના અભણ લોકોને મૂર્ખ બનાવી શકો છો, પરંતુ તમે કેરલમના લોકોને મૂર્ખ બનાવી શકતા નથી. તેમણે આ ટિપ્પણી કરતા આરોપ લગાવ્યો હતો કે મોદી અને વિજયન બંને એક જ માર્ગ પર ચાલી રહ્યા છે. ખડગેની ટિપ્પણીનો જવાબ આપતા ભારતીય જનતા પાર્ટીએ તેને ગુજરાત અને ઉત્તર ભારતના લોકોનું અપમાન ગણાવ્યું હતું. ભાજપે મંગળવારે ખડગે પાસેથી

(જુઓ પાનું ૨) ▶▶

## વ્યભિચાર અને ગે સંબંધો પરના ચુકાદા 'સારા કાનૂન' નહોતાઃ કેન્દ્રે સુપ્રીમને કહ્યું

નવી દિલ્હીઃ કેરલમના સબરીમાલા મંદિર સહિતના ધાર્મિક સ્થળે મહિલાઓ સાથે રાખવામાં આવતા કહેવાતા ભેદભાવના કેસની સુનાવણી કરી રહેલી દેશના મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાંતની અધ્યક્ષતામાંની સર્વોચ્ચ અદાલતની નવ ન્યાયાધીશની બંધારણીય બૅન્ચે ધાર્મિક સ્વતંત્રતાના વ્યાપ અંગે સાત સવાલ કર્યા હતા.

સર્વોચ્ચ અદાલતે પૂછ્યું હતું કે બંધારણની કલમ પચીસ અને છવીસ હેઠળ 'નૈતિકતા'નો વ્યાપ શું છે? અને શું તેમાં 'બંધારણીય નૈતિકતા'નો સમાવેશ થાય છે?

દરમિયાન, કેન્દ્રે સર્વોચ્ચ અદાલતને જણાવ્યું હતું કે વ્યભિચારને અપરાધ નહિ ગણતા કેસ અને સજાતીય સંબંધને લગતા કેસમાંના ચુકાદા 'બંધારણીય નૈતિકતા' આધારિત હતા,

(જુઓ પાનું ૨) ▶▶

### ભગવાન અયપ્પાના ભક્ત ન હોય એ સબરીમાલાના રિવાજોને પડકારી શકે?

નવી દિલ્હીઃ સુપ્રીમ કોર્ટે બુધવારે કેન્દ્ર સરકારને સવાલ કર્યો હતો કે ભગવાન અયપ્પાનો ભક્ત ન હોય તે કેરળસ્થિત સબરીમાલા મંદિરના રીવાજોને કઈ રીતે પડકારી શકે.

કેરળના સબરીમાલા મંદિર સહિત જુદા જુદા ધર્મના ધાર્મિકસ્થળોમાં મહિલાઓ સાથે કરવામાં આવતા ભેદભાવ સંબંધિત અરજીની સુનાવણી દરમિયાન નવ ન્યાયાધીશની બનેલી ખંડપીઠે આ ટીપ્પણી કરી હતી.

નવ ન્યાયાધીશની બનેલી ખંડપીઠમાં મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાન્ત, ન્યાયાધીશ બી. વી. નાગરત્ન, એમ. એમ. સુંદરેસ, અહસાનુદ્દીન

(જુઓ પાનું ૨) ▶▶

## ખાતર પરની સબસિડીમાં ૧૨ ટકાનો વધારો કરાયો

**જયપુર મેટ્રો ફેઝ-ટૂને મંજૂરીઃ રાજસ્થાન ઑઈલ રિફાઈનરી માટેનો ખર્ચ બમણો કરીને ૭૯,૪૫૯ કરોડ**

નવી દિલ્હીઃ સરકારે ૨૦૨૬ની ખરીફ પાકની મોસમ માટે ફૉસ્ફેટિક અને પૉટાસિક ખાતર પરની સબસિડીમાં ૧૨ ટકાનો વધારો કરવાનો નિર્ણય લીધો હતો. આ ઉપરાંત, રાજસ્થાનને બે મોટી ભેટ અપાઇ હતી. એક, રાજસ્થાન ઑઇલ રિફાઇનરીના પ્રકલ્પ માટેનો ખર્ચ બમણો કરીને ૭૯,૪૫૯ કરોડ રૂપિયા કરાયો હતો. બીજો, જયપુર મેટ્રો ફૅઝ-ટૂને બહાલી અપાઇ હતી.

ચાલુ વર્ષની (૨૦૨૬ની) ખરીફની મોસમ માટેની ફૉસ્ફેટિક અને પૉટાસિક ખાતર પરની સબસિડી વધારીને રૂપિયા ૪૧,૫૩૪ કરોડ કરાઇ હતી. પશ્ચિમ એશિયામાંના યુદ્ધને કારણે ખાતરના વૈશ્વિક ભાવમાં થયેલા વધારામાં દેશના ખેડૂતોને રાહત આપવા આ નિર્ણય લેવાયો હતો. વડા પ્રધાન નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં મળેલી કેન્દ્રના

(જુઓ પાનું ૨) ▶▶

## અરુણાચલમાં જળવિદ્યુત પ્રોજેક્ટ માટે ૪૦,૦૦૦ કરોડની ફાળવણી

નવી દિલ્હીઃ કેન્દ્રીય મંત્રીમંડળે બુધવારે અરુણાચલ પ્રદેશમાં બે મુખ્ય જળવિદ્યુત પ્રોજેક્ટ્સના નિર્માણ માટે કુલ ૪૦,૧૫૦ કરોડ રૂપિયાના રોકાણને મંજૂરી આપી છે. સરકાર નવીનીકરણીય ઊર્જા અને પ્રાદેશિક માળખાગત સુવિધાઓના વિકાસને વેગ આપવા માટે આ નિર્ણય લઈ રહી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં કેબિનેટની આર્થિક બાબતોની કેબિનેટ સમિતિ (સીસીઈએ) એ કમલા જળવિદ્યુત પ્રોજેક્ટ (૧,૭૨૦ મેગાવોટ)

(જુઓ પાનું ૨) ▶▶

## આજે આસામ, કેરલમ અને પુડુચેરીમાં મતદાન

નવી દિલ્હીઃ નવ એપ્રિલે યોજાનારી કેરલમ, આસામ અને પુડુચેરી વિભાનસભાની ચૂંટણીના પ્રચારના પડઘમ મંગળવારે શમી ગયા હતા. આ ત્રણે રાજ્યમાં એક જ તબક્કામાં મતદાન યોજાશે.

આસામ ૧૨૬, કેરલમ ૧૪૦ અને પુડુચેરીમાં વિધાનસભાની ૩૦ બેઠક માટે ચૂંટણી યોજાશે.

ચોથી મેએ પરિણામ જાહેર કરવામાં આવશે. કુલ ૧૮૪૯ ઉમેદવાર સ્પર્ધામાં છે.

કેરળમાં મુખ્ય પ્રધાન પિનારાયી વિજયનના વડપણ હેઠળનો એલડીએફ સતત ત્રીજી મુદત માટે સત્તા મેળવવાની દિશામાં આગળ વધી રહ્યો છે.

આસામમાં મુખ્ય પ્રધાન હિમંતા બિસ્વા શર્માના વહીવટનો રેકોર્ડ ચૂંટણીપ્રચારના કેન્દ્રસ્થાને છે.

પુડુચેરીની ૩૦ બેઠક માટે ૨૯૪ ઉમેદવાર સ્પર્ધામાં છે. (એજન્સી)

## વિકાસદરનો અંદાજ ૭.૬ ટકાથી ઘટાડી ૬.૯ ટકા કર્યો રિઝર્વ બૅંકે

**વ્યાજદર યથાવત્ રાખ્યાઃ ફુગાવાનો ૪.૬ ટકાનો અંદાજ**

મુંબઈઃ પશ્ચિમ એશિયાની કટોકટીથી ઉદ્ભવતા કોમોડિટીના ભાવમાં વધારો અને સપ્લાય ચેઇન વિક્ષેપો વચ્ચે, રિઝર્વ બૅંકે બુધવારે ચાલુ નાણાકીય વર્ષ માટે ભારતનો જીડીપી વૃદ્ધિ દર ૬.૯ ટકા રહેવાનો અંદાજ લગાવ્યો હતો, જે ૨૦૨૫-૨૬ માટે અંદાજિત ૭.૬ ટકા કરતા ઓછો છે. આરબીઆઈ વ્યાજદરમાં પણ કોઈ ફેરફાર નહોતો કર્યો. ૨૦૨૬-૨૭ માટે પ્રથમ દ્વિમાસિક નાણાકીય નીતિનું અનાવરણ કરતા, આરબીઆઈના ગવર્નર સંજય મલ્હોત્રાએ જણાવ્યું હતું કે મુખ્ય શિપિંગ માર્ગોમાં વિક્ષેપો અને નૂર અને વીમા ખર્ચમાં વધારો થવાથી વેપારી નિકાસ પર પ્રતિકૂળ અસર થઈ શકે છે. રિઝર્વ બૅંકે બુધવારે ચાલુ નાણાકીય વર્ષ માટે છૂટક ફુગાવાનો અંદાજ ૪.૬ ટકા રાખ્યો હતો, જે સરકાર દ્વારા નિર્ધારિત ફુગાવાના લક્ષ્યાંક ૪ ટકાની અંદર વત્તા - ઓછા બે ટકાની સહિષ્ણુતા બેન્ડ સાથે છે. માર્ચમાં પશ્ચિમ એશિયા સંઘર્ષ ક્ષેત્રના વિસ્તરણ અને (જુઓ પાનું ૨) ▶▶

ત્રિભોવનદાસ ભીમજી ઝવેરી




અક્ષય તૃતિયા ઓફર્સ
ડાયમંડ જ્વેલરી પર કોઈ મેકિંગ નથી અને મફત સોનાનો સિક્કો ડાયમંડ જ્વેલરીની ખરીદી પર
ફ્લેટ 50% ની છૂટ ગોલ્ડ જ્વેલરી ની મેકિંગ ચાર્જ પર
ગોલ્ડ રેટ પ્રોટેક્શન તમારી જ્વેલરી બુક કરો અને બુકિંગ રેટ અથવા વર્તમાન રેટ જે પણ ઓછો હોય તે મેળવો
100% વેલ્યુ કોઈપણ જુના સોના ના એક્સચેંજ પર મેળવો
શરતો લાગુ
ઝવેરી બજાર । બોરીવલી (૫) । ઘાટકોપર । સાંતાક્રુઝ (૫)
મરીન ડ્રાઈવ । થાના (૫) । વસઈ । વાશી । કલ્યાણ
ઝવેરી બઝાર સ્ટોર બધા રવિવારે ખુલ્લો રહેશે

## એકસ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# ઈરાન-અમેરિકા પાકિસ્તાનની વાત માને એ ભારત માટે સારું નથી

**અમેરિકા-ઈઝરાયલ** વર્સીસ ઈરાનના યુદ્ધમાં ગાજ્યા મેઘ વરસ્યા નહીં જેવો ઘાટ થઈ ગયો. અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે ૨૪ કલાક પહેલાં જ કરેલી પ્રેસ કોન્ફરન્સમાં હુંકાર કરેલો કે, અમેરિકા હવે ઈરાનને નહીં છોડે ને કાલે સવાર પડશે ત્યારે દુનિયાના નકશામાંથી દુનિયાની એક સૌથી જૂની સંસ્કૃતિ સાવ ભુંસાઈ જશે. મતલબ કે, અમેરિકા ઈરાનને બિલકુલ સાફ કરી નાંખશે. ટ્રમ્પે એક દિવસ પહેલાં પણ ધમકી આપી હતી કે, ઈરાન સમજૂતી નહીં કરે તો પોતે ઈરાનને નરક બનાવી દેશે કેમ કે ઈરાનને અમેરિકા એક રાતમાં જ ખતમ કરી શકે તેમ છે.

ટ્રમ્પની આ બધી વાતો સાંભળીને બધાંને એવું જ લાગવા માંડેલું કે, ઈરાન તો ગયું ને ટ્રમ્પ ઈરાનને પણ સપાટ મેદાન કરીને જ છોડશે. ભારતમાં પણ સૌને લાગેલું કે, બુધવારે સવારે ઉઠીશું ત્યારે તો ઈરાનનું અસ્તિત્વ જ મટી જશે પણ બુધવારે સવારે તો સાવ અલગ જ ખેલ જોવા મળ્યો. બુધવારે સવારે ડોનલ્ડ ટ્રમ્પે યુધ્ધવિરામની જાહેરાત કરી નાખી. ઈરાનની સભ્યતાને ખતમ કરવાની વાતો કરનારા ટ્રમ્પે જાહેરાત કરી નાખી કે, ઈરાન અને અમેરિકા યુદ્ધનો અંત લાવવા માટે ચર્ચા કરી શકે એ માટે યુદ્ધવિરામ બે અઠવાડિયાં માટે લંબાવવાનો નિર્ણય લેવાયો છે. ટ્રમ્પની જાહેરાતની મિનિટોમાં જ ઈરાને પણ યુદ્ધવિરામ સ્વીકારી લીધું હોવાની જાહેરાત કરી નાખતાં ઘમાસાણ યુદ્ધ થવાની વાતોનું સુરસુરિયું થઈ ગયું છે.

ઈરાન અને અમેરિકા વચ્ચેનો યુદ્ધવિરામ આખી દુનિયા માટે સારા સમાચાર છે કેમ કે બંને જંગે ચડ્યા તેમાં આખી દુનિયાની પત્તર ખંડાઈ ગઈ છે. ક્રૂડ ઓઈલની અછતના કારણે આખી દુનિયામાં કકળાટ મચેલો છે ને ચીજવસ્તુઓના ભાવ આસમાને પહોંચ્યા છે. બંને વચ્ચેનું યુદ્ધ લંબાય તો અડધી દુનિયાએ ભૂખે મરવાનો વારો આવે એવી હાલત છે તેથી સૌ ઈચ્છતા જ હતા કે, યુદ્ધ પતી જાય પણ અમેરિકા ને ઈરાન બંને મમતે ચડેલાં તેથી આખી દુનિયા અદ્ધર જીવે હતી. તેમાં ટ્રમ્પે વળી ઈરાનને સાવ પતાવી દેવાની વાત કરી તેથી સૌના જીવ તાળવે ચોંટી ગયેલા કેમ કે ટ્રમ્પ ગમે તે ફિશિયારી મારે પણ સામાન્ય હુમલાથી કોઈ દેશને એક રાતમાં પતાવી દેવો શક્ય નથી. આ કારણે લોકોને ટ્રમ્પ ઈરાન પર પરમાણુ હુમલો કરવાની વેતરણમાં તો નથી ને એવી ચિંતા પણ હતી. સદનસીબે આ બધી ચિંતાઓ નિરાધાર સાબિત થઈ છે ને ટ્રમ્પ તેમના સ્વભાવ પ્રમાણે જ ફાંકા-ફોજદારી કર્યા પછી પાણીમાં બેસી ગયા છે.

ટ્રમ્પે યુદ્ધવિરામ સ્વીકાર્યો એ તો સારી વાત છે જ પણ વધારે સારી વાત એ છે કે, ટ્રમ્પ ઢીલાઢફ પણ પડી ગયા છે. સત્તાવાર રીતે ઈરાન સાથે મંત્રણા કરી શકાય એ માટે યુદ્ધવિરામ સ્વીકારાયો હોવાની વાત કરાઈ છે પણ ટ્રમ્પે એવું કહ્યું છે કે, શાંતિ કરારને અંતિમ સ્વરૂપ આપીને તેનો અમલ કરવા માટે સમય મળી રહે એટલે યુદ્ધવિરામ સ્વીકાર્યો છે. તેનો અર્થ એ થયો કે, અમેરિકા ગમે તે ભોગે ઈરાન સાથે શાંતિ ઈચ્છે છે. ટ્રમ્પની ઉંમર થઈ ગઈ છે એટલે તેમને પોતે શું ભરડે છે તેનું ભાન નથી રહેતું પણ આશા રાખીએ કે, ટ્રમ્પની આ વાત સાચી નીકળે ને ખરેખર ઈરાન સાથે શાંતિ કરાર થઈ જાય.

ટ્રમ્પે આટલા બધા હાકલા પડકારા પછી યુદ્ધવિરામ કેમ સ્વીકારી લીધો તેનાં કારણો જગજાહેર છે. ટ્રમ્પે સામ-દામ, દંડ, ભેદ એમ બધા રસ્તા અપનાવી જોયા પણ ઈરાને મચક ના આપી તેમાં ટ્રમ્પ ઢીલાઢફ થઈ ગયા છે. ટ્રમ્પે હુમલા શરૂ કરીને ઈરાનનું નાક દબાવવા પ્રયત્ન કર્યો તો ઈરાને હોર્મુઝ સ્ટ્રેટ બંધ કરીને અડધી દુનિયાનું નાક દબાવી દીધું. ટ્રમ્પે હોર્મુઝ સ્ટ્રેટ ખોલાવવા માટે જાત જાતના ઉધામા કરી જોયા પણ ઈરાન પર કોઈ અસર ના થઈ. ટ્રમ્પ છેલ્લે યુનાઈટેડ નેશન્સની સિક્યુરિટી કાઉન્સિલમાં પણ ગઈ પણ ચીન અને રશિયાએ વીટો વાપરીને અમેરિકાનો પોપટ કરી નાખ્યો પછી ટ્રમ્પ પાસે કાં કુમલો કરીને ઈરાનનો સાવ ઘડોલાડવો કરી નાખવો કાં બે પગ વચ્ચે પૂંછડી દબાવીને બેસી જવું એ બે જ વિકલ્પ હતા. ટ્રમ્પે બીજો વિકલ્પ સ્વીકારીને શાણપણ વાપર્યું છે કેમ કે અમેરિકા ઈરાન પર જોરદાર હુમલો કરે પછી ઈરાન શાંત બેસવાનું નહોતું. ઈરાન પણ એવો જ જવાબ આપે તેમાં ભડકો થઈ ગયો હોત.

અમેરિકાએ ઈરાન સાથે યુદ્ધવિરામ સ્વીકાર્યો પણ ઈઝરાયલે લેબેનોન પર હુમલા શરૂ કર્યા છે. તેનો મતલબ એ થયો કે, મિડલ ઈસ્ટમાં હોળી તો સળગેલી જ રહેશે પણ લેબેનોન પર હુમલા ચાલુ રહે તેમાં દુનિયા પર મોટી અસર નથી પડતી. લેબેનોન ને સીરિયા ને ઈરાક ને એ બધા દેશોમાં તો બારે મહિના ખૂનામરકી ચાલ્યા જ કરે છે તેથી તેની ચિંતા કરવાની જરૂર નથી. આ બધા દેશો પર કટ્ટરવાદીઓ ચડી બેઠા છે ને એ બધા પોતાના પાપે જ મરવાના છે, આપણે તો ઈરાન સાથે અમેરિકાના શાંતિ કરાર થઈ જાય ને હોર્મુઝ સ્ટ્રેટ ખૂલી જાય એટલે બધી સમસ્યાઓનો અંત આવી જાય.

અમેરિકા-ઈરાન યુદ્ધવિરામ સારો સંકેત છે પણ આપણને અકળાવે એવી વાત એ છે કે ઈરાન અને ટ્રમ્પ બંનેએ આ યુદ્ધવિરામનો જશ પાકિસ્તાનના વડા પ્રધાન શાહબાઝ શરીફ અને આર્મી ચીફ ફિલ્ડ માર્શલ અસીમ મુનીરને આપી દીધો છે. ટ્રમ્પે પોતાના સોશ્યલ મીડિયા પ્લેટફોર્મ ટ્રુથ પર લખ્યું છે કે, પાકિસ્તાનના વડા પ્રધાન શાહબાઝ શરીફ અને પાકિસ્તાનના આર્મી ચીફ ફિલ્ડ માર્શલ અસીમ મુનીર સાથેની વાતચીતના આધારે યુધ્ધવિરામનો નિર્ણય લીધો છે. શાહબાઝ શરીફે સોશ્યલ મીડિયા પર મોડી રાત્રે મૂકેલી પોસ્ટમાં ઈરાન અને અમેરિકા વચ્ચેની વાતચીતને આગળ વધારવા માટે ઈરાનનો ખાતમો કરવા માટે અંતિમ હુમલો કરવા માટેની મહેતલ બે અઠવાડિયાં લંબાવવા વિનંતી કરી હતી. શરીફે આ જ પોસ્ટમાં ઈરાનને બે અઠવાડિયાં માટે હોર્મુઝ સ્ટ્રેટ ખોલવા માટે કહ્યું હોવાનો દાવો પણ કર્યો હતો. ટ્રમ્પે પોતે શરીફ અને મુનીરની વાત સ્વીકારી હોવાનો દાવો કર્યો પછી ઈરાને પણ શરીફનો આભાર માન્યો. ઈરાનના વિદેશ મંત્રી સૈયદ અબ્બાસ અરાઘાચીએ તો શરીફ ને મુનીર બંનેને વહાલા ભાઈઓ ગણાવીને ઓવારણાં લઈ લીધાં.

ભારત માટે પાકિસ્તાનની અમેરિકા અને ઈરાન સાથેની ગાઢ દોસ્તી સારો સંકેત નથી. પાકિસ્તાન આપણું કટ્ટર દુશ્મન છે કેમ કે પાકિસ્તાન ભારતમાં અરાજકતા અને અશાંતિ ફેલાવવા માટે આતંકવાદ ફેલાવે છે. અમેરિકા અને ઈરાન બંને ભારતનાં મિત્ર છે ને બંને સાથે ભારતનાં વ્યાપક આર્થિક હિતો સંકળાયેલાં છે. હવે આપણા બે મિત્રો દુશ્મનની નજીક જાય એ સારું તો ના જ કહેવાય ને? ■

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

ઉત્તરાયણ – સૌર વસંતઋતુ, ગુરુવાર, તા. ૯-૪-૨૦૨૬,
ભદ્રા સમાપ્તિ

- ભારતીય દ્નિાંક ૧૯, માહે ચૈત્ર, શકે ૧૯૪૮
- વિક્રમ સંવત ૨૦૮૨, શા. શકે ૧૯૪૮, ચૈત્ર વદ -૭
- જૈન વીર સંવત ૨૫૫૨, માહે ચૈત્ર, તિથિ વદ-૭
- પારસી શહેનશાહી રોજ ૨૮મો જમીઆદ, માહે ૮મો આવાં, સને ૧૩૯૫
- પારસી ફસલી રોજ ૨૮મો જમીઆદ, માહે ૯મો આદર, સને ૧૩૯૫
- પારસી ફસલી રોજ ૨૦મો બહેરામ, માહે ૧લો ફરવરદીન, સને ૧૩૯૫
- મુસ્લિમ રોજ ૨૦મો, માહે ૧૦મો શવ્વાલ, સને ૧૪૪૭
- મીસરી રોજ ૨૨મો, માહે ૧૦મો શવ્વાલ, સને ૧૪૪૭
- નક્ષત્ર મૂળ સવારે ક. ૦૮-૪૭ સુધી, પછી પૂર્વાષાઢા
- ચંદ્ર ધનુમાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ ધનુ (ભ, ધ, ફ, ઢ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૨૮, અમદાવાદ ક. ૦૬ મિ. ૨૬, સ્ટા. ટા.
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૫૨, અમદાવાદ ક. ૧૮ મિ. ૫૬, સ્ટા. ટા.

મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ

- ભરતી : સાંજે ક. ૧૬-૩૯, મધ્યરાત્રિ પછી ક. ૦૩-૫૩ (તા. ૧૦)
- ઓટઃ સવારે ક. ૦૯-૨૮ રાત્રે ક. ૨૨-૪૩
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૨, 'પિંગલ' નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૮, 'પરાભવ'નામ સંવત્સર, ચૈત્ર કૃષ્ણ – સપ્તમી. મંગળ દર્શન પૂર્વમાં, ભદ્રા સમાપ્તિ સવારે ક. ૦૮-૧૧.
- શુભાશુભ દિનશુદ્ધિઃ સામાન્ય દિવસ.
- મુહૂર્ત વિશેષઃ ગુરુ-શુક્ર ગ્રહદેવતાનું પૂજન, આંબળાના ઔષધીય પ્રયોગો, વિદ્યારંભ, માલ વેંચવો, મિલકત લેવડદેવડ, ખેતીવાડી, ધાન્ય ઘરે લાવવું, પશુ લે-વેંચ.
- આચમનઃ ચંદ્ર-શનિ ચતુષ્કોણ મતલબી સ્વભાવના, ચંદ્ર-શુક્ર ત્રિકોણ કળાપ્રેમી, ચંદ્ર-ગુરુ પ્રતિયુતિ દંભી સ્વભાવ.
- ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-શનિ ચતુષ્કોણ, ચંદ્ર-શુક્ર ત્રિકોણ, ચંદ્ર-ગુરુ પ્રતિયુતિ (તા. ૧૦). મંગળનો પૂર્વમાં ઉદય થાય છે.
- ગ્રહગોચરઃ સૂર્ય-મીન, મંગળ-મીન, માર્ગી બુધ-કુંભ (બુધ દેખાશે), માર્ગી ગુરુ-મિથુન, શુક્ર-મેષ (શુક્ર પશ્ચિમમાં દેખાશે) માર્ગી શનિ-મીન (શનિ અસ્ત) રાહુ-કુંભ, કેતુ-સિંહ, માર્ગી હર્ષલ-વૃષભ, માર્ગી નેપ્ચૂન-મીન, માર્ગી પ્લુટો-મકર. ■

## મુખ્બિરે ઈસ્લામ

અનવર વલિયાણી
anwar.v@bombaysamachar.com

# સુફિયાના શાયર અમીર ખુસરો વિશે જાણવા જેવી વાતો

**હિન્દવલી** હઝરત ખ્વાજા નિઝામુદ્દીન અવલિયા, અલ્લાહ, ઈશ્વરના મહાન સંતના મુરીદ; શિષ્ય હઝરત અમીર ખુસરો ઉત્તમ કવિ જ નહીં એક સારા લેખક અને એક સારા આલિમ; જાણકાર; સંપૂર્ણ વિદ્વાન પણ હતા.

* જે જમાનામાં અમીર ખુસરો પૈદા થયા હતા, તે બાદશાહી યુગ હતો.

* ગ્યાસુદ્દીન બલબનનો તે રાજયકાળ હતો.

– જયારે અમીર ખુસરોને પહેલીવાર દરબારમાં બોલાવવામાં આવ્યા ત્યારે આપની ઉંમર નાની હતી.

–બલબન પછી ખિલ્જી રાજાઓનો દૌર આવ્યો.

– જલાલુદ્દીન ખિલ્જી એક ઈલ્મી, જ્ઞાનિ શિક્ષિત દોસ્ત અદલ નવાઝ; ન્યાયપ્રિય બાદશાહ હતા. તેમણે હઝરત ખુસરોને ખાસ હોદ્દો આપ્યો અને દૌલતમંદ અમીરો માટે જે ખાસ લિબાસ, પહેરવેશ રાખવામાં આવતો તે લિબાસ, પહેરવેશ અમીર ખુસરોને આપવામાં આવ્યો હતો. આ કારણને લીધે જ આપ 'અમીર'ના નામથી જાણીતા; મશહૂર થયા છે.

આપનો જન્મ હીજરી વરસ ૬૫૧માં ઈટા જિલ્લામાં આવેલા એક નાનકડા ગામ પ્યાલીમાં થયો હતો. આપ બલ્ખના એક આબરૂદાર ખાનદાનના ફરઝંદ હતા. આ ખાનદાનમાં ઈલ્મ અને દૌલતની કસરત હતી. આપના પિતાનું નામ અમીર સૈફુદ્દીન મહેમુદ હતું. આપ બલ્ખના અમીરઝાદા હતા. ચંગેઝખાનના જમાનામાં આપ ભારત આવ્યા અને શાહી દરબારમાં મોટા અધિકારી બન્યા. આપના બે ભાઈ હતા. એક ભાઈનું નામ અગરાઝુદ્દીન અલીશાહ હતું અને બીજા ભાઈનું નામ હિસામુદ્દીન હતું. હઝરત અમીર ખુસરોનું નામ અબુલ હસન છે. આપનો લકબ યમીનુદ્દીન છે. આપ હઝરત ખ્વાજા નિઝામુદ્દીન અવલીયા, મહેબૂબે ઈલાહી (અલ્લાહના પ્રિય) મુરીદ અને ખલીફા (અધિકારી) હતા.

જ્યારે આપની ઉંમર નવ વર્ષની થઈ ત્યારે આપના પિતાની છત્રછાયા જતી રહી. પિતાના ઈંતેકાલ (અવસાન) પછી, આપની માતાના દૂરના એક સગાએ આપની તા'લીમ-તરબીયત (સંસ્કાર, શિક્ષણ, પરવરીશ) માટે બહુ જ ધ્યાન આપ્યું. આપની તાલીમ હિન્દુસ્તાનની રાજધાની દિલ્હીમાં થઈ.

જ્યારે હઝરત ખુસરોની ઉંમર આઠ વર્ષની હતી ત્યારે આપના પિતા, આપને લઈને હઝરત નિઝામુદ્દીન મહેબૂબે ઈલાહી પાસે આવ્યા હતા. આપના પિતા હઝરત નિઝામુદ્દીન રહમતુલ્લાહ અલયહ પાસે ઘરની અંદર ગયા, પરંતુ બાળક ખુસરો દરવાજા પાસે બેસી ગયા અને થોડાક અશઆર (પંક્તિઓ) લખી. આપે ત્યાં બેઠા બેઠા જે પંક્તિઓ લખી તે આ મુજબ છેઃ

*તુ આં શાહી કે બર ઐવાને કસરત*
*કબૂતર ગર નશીનદ બાઝ ગરદદ*
*ગરીબે મુસ્તમન્દે બર બર આમદ*
*બયાયદ અન્દરૂ, યા બાઝ ગરદદ?*

ઉપરોક્ત અશઆર (પંક્તિ)ઓનો સરળ ગુજરાતીમાં અર્થ આ મુજબ થાય છેઃ 'આપ તે બાદશાહ છો કે જેના મહેલની છત ઉપર જો કબૂતર આવીને બેસી જાય તો બાજ (પક્ષી જેવું) બની જાય. (બાઝ એક શિકારી પક્ષી છે). એક ગરીબ હાજતમંદ આપના દરવાજે હાજર થયો છે. કહો તો અંદર આવે અને કહો તો પાછો ચાલ્યો જાય.

આ અશઆર લખવાનો હેતુ એવો હતો કે હઝરત અમીર ખુસરો પોતાના થનાર કશ્ફ (પ્રત્યક્ષ જ્ઞાન) અને કામિલ (સંપૂર્ણ)પણાની પરીક્ષા લેવા ચાહતા હતા.

હઝરત ખ્વાજા નિઝામુદ્દીન મહબૂબે સુબ્હાનીએ પોતાના રૂહાની કશ્ફ (ઈશ્વરી પ્રેરણા)થી આ વાત જાણી લઈ, પોતાન એક ખાદિમ (સેવક)ને ફરમાવ્યું- 'જાવ, એક તુર્કઝાદો બહાર બેઠો છે, તેની સામે આ શે'ર (પંક્તિ) પઢી લો અને પાછા આવો.'

બયાયદ અન્દરૂં, મર્દે હકીકત
કે બા મા યક નફસ હમરાઝ ગરદદ
અગર અલ્લાહ બુવદ આં મર્દે નાદાં
*અઝાં રાહે કે આમદ, બાઝ ગરદદ.*

અર્થઃ 'મર્દે હકીકત અંદર ચાલ્યા આવે, જેથી આપણે થોડીવાર આપસમાં રાઝની વાતો કરીએ. જો (તુ) મર્દે નાદાન અને બેવકુફ છે, તો, જે રસ્તેથી આવ્યો છે તે રસ્તેથી પાછો ચાલ્યો જા.'

હઝરત અમીર ખુસરો રહમતુલ્લાહ અલયહએ જ્યારે આ જવાબની પંક્તિઓ સાંભળી ત્યારે હઝરત મહેબૂબે ઈલાહીની ખિદમત (સેવા)માં હાજર થઈ ગયા અને બૈઅત લીધી. (ઈમાન) લઈ આવ્યો અને આપના મુરીદ; શિષ્ય બની ગયા. આમ તો અમીર ખુસરૂની ફિતરત, ટેવ; (સમજદારી)નું ખમીર, રોઝે અફઝલથી ઈશ્કો મહોબ્બતની ચાસણીથી ગુંદેલું હતું. પરંતુ મુરશિદ (ગુરુ)ની સોહબતે આપને પહેલાથી વધુ સરમસ્ત અને શયદાઈ (સંપૂર્ણ) બનાવી દીધા. આપ દરેક પળ પડછાયા; સાયાની માફક ખ્વાજાની સાથે જ રહેતા હતા. હઝરતને પણ અમીર ખુસરૂથી એવી જ મહોબ્બત અને દિલનો સંબંધ હતો. ઘણીવાર તો હઝરત નિઝામુદ્દીન અવલિયા રહમતુલ્લાહ અલયહ ફરમાવતા હતા કે જ્યારે કયામતમાં સવાલ થશે કે અય નિઝામુદ્દીન! શું લાવ્યા છો? તો તે સવાલના જવાબમાં હું ખુસરોને પેશ કરી દઈશ.

જ્યારે હઝરત નિઝામુદ્દીન દુઆ માગતા હતા, ત્યારે હઝરત અમીર ખુસરોની તરફ ઈશારો કરીને ફરમાવતા હતા – 'ઈલાહી! બસોઝે સીનએ ઈ તુર્ક, મોરા બબખ્શ'. અર્થઃ 'હે અલ્લાહ! આ તુર્કના સીના (છાતી)ની આગ મહોબ્બત (ઈશ્ક)ના તુફેલમાં મને બખ્શી દે!' હઝરત નિઝામુદ્દીન અવલીયા રહમતુલ્લા અલયહનો કાયદો હતો કે આપ જ્યારે સુવા માટે તશરીફ લઈ જતા, ત્યારે મુલાકાતીઓને દરવાજા પર રોકી દેવામાં આવતા હતા, પરંતુ હઝરત અમીર ખુસરો માટે એ પાબંદી ન હતી. અમીર ખુસરો, હઝરત ખ્વાજા નિઝામુદ્દીનની સાથે જ તેમની આરામગાહમાં બેસતા અને તેમના જ કદમોમાં સુઈ જતા હતા. એકવાર એવું બન્યું કે ઘણા દિવસો સુધી ખુસરોને હઝરત સાથે આરામગાહમાં સુવાનું મળ્યું નહીં. પરંતુ કેટલાક મહિના બાદ એ સિલસિલો ફરી શરૂ થયો ત્યારે તેની ખુશાલીમાં હઝરત અમીર ખુસરોએ નીચે જણાવેલો શે'ર લખ્યો હતો-

ન ખુફત ખુસરો મીસ્કી, અઝ હવસ શબહા
*કે દીદા બર કફે પાયત નેહદ બખ્વાબ શુદ.*

અર્થઃ 'ગરીબ ખુસરો આવી તમન્નાઓમાં કેટલીયે રાત્રિઓ સુઈ શકયો નહીં કે હુઝૂરના કદમો પર આંખ મુકીને ઊંઘે!

હઝરત અમીર ખુસરો રહમતુલ્લાહ અલયહની વસિયત, વફાત, શે'રો શાયરી, કિતાબો જેવી મહત્ત્વપૂર્ણની જાણકારી ત્વારિખના પૃષ્ઠો પલટાવી મજકુર લેખના આવતા અંકના બીજા ભાગમાં માણીશું અને એક મહાન હસ્તીના દીની, દુન્યવી અને ઈલ્મો જ્ઞાનથી ભર્યા જીવન પરથી બોધ હાંસલ કરીશું.

* * *

### સાપ્તાહિક સંદેશઃ

પયગંબર હઝરત મુહંમદ સલ્લલ્લાહો અલયહે વસલ્લમ (સ.અ.વ.)ની રિવાયત છે કે- 'જ્યારે તમે રાત્રે કૂતરા ભસવાનો અવાજ અને ગધેડાના ભોંકવાનો અવાજ સાંભળો, ત્યારે સેતાન મરદુદથી અલ્લાહની પનાહ માગો. એવું બોલો કે 'અઉઝોબિલ્લાહે મિશશ્શય તાનિર્રજીમ' અર્થઃ હે અલ્લાહ! હું સેતાનથી તારું રક્ષણ – તારી પનાહ માગું છું. કારણ કે કૂતરા અને ગધેડા એવી ચીજો જુએ છે, જે તમે જોઈ શકતા નથી. રાત્રે જ્યારે લોકો બજારમાં જવાનું બંધ કરવા માંડે અને રસ્તા સુના પડી જાય, ત્યારે તમે ઘરની બહાર નીકળવાનું ઓછું કરી દો, કારણ કે રાત્રે ખુદાતઆલા પોતાની મખ્લુકાત (મામ જીવ – સર્જન)માંથી, જેને ચાહે તેને ફેલાવી દે છે.' (હવાલોઃ મિશ્કાત શરીફ). ■

પહેલા પાનાનું ચાલુ

### બે સપ્તાહનો

લગાવ્યા હતા. તહેરાને દાવો કર્યો હતો કે ઇરાનને હોર્મુઝ સામુદ્રધુનીમાંથી પસાર થતાં જહાજો પાસેથી ચાર્જ વસૂલ કરવાની સત્તા આપતી જોગવાઇ આ કરારમાં છે. યુદ્ધવિરામની શરતો અંગે ઘણી અસ્પષ્ટતા છે. એક બાજુ, ટ્રમ્પ કહે છે કે અમેરિકાનાં યુદ્ધ જહાજો હોર્મુઝ ખાડીની આસપાસ જ રહેશે. બીજી બાજુ, ઇરાન અખાતના વિસ્તારમાંથી અમેરિકાનું લશ્કર સંપૂર્ણ પાછું ખેંચવાની, પોતાની સ્થગિત કરાયેલી અસ્કયામત પાછી આપવાની અને પોતાના પર લદાયેલા પ્રતિબંધ ઉઠાવી લેવાની માગણી કરી રહ્યું છે.

દરમિયાન, અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે દાવો કર્યો હતો કે બધા પક્ષ યુદ્ધવિરામ માટેના ૧૫ મુદ્દામાંના મોટા ભાગના મુદ્દા માટે સહમત થયા છે. અમેરિકા ઇરાનને ટૅરિફમાં અને અગાઉ લદાયેલા પ્રતિબંધમાં રાહત આપવાનું વિચારી રહ્યું છે.

#### લેબેનોનની લડાઇનો સમાવેશ નથી શસ્ત્રવિરામમાંઃ ઈઝરાયલ

ઈઝરાયલના વડા પ્રધાન બૅન્જામિન નેતાન્યાહુએ કહ્યું હતું કે ઇરાન અને અમેરિકા વચ્ચેના શસ્ત્રવિરામને અમારો ટેકો છે, પરંતુ તેમાં લેબેનોનસ્થિત હિઝબુલ્લા સાથેની લડાઈને આવરી લેવામાં નથી આવી. ઇરાન હોર્મુઝ સામુદ્રધુની તાત્કાલિક જહાજોની અવરજવર માટે ફરી ખોલી નાખે તેમ જ ઈઝરાયલ અને આસપાસના દેશો તેમ જ અમેરિકાના ઍરબેઝ પર કરવામાં આવતા હુમલાઓ બંધ કરે તો તેવા સંજોગોમાં ઈરાન પર બે અઠવાડિયા હુમલો ન કરવાના અમેરિકાના પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પના નિર્ણયને અમારો ટેકો છે, એમ નેતાન્યાહુએ કહ્યું હતું. (એજન્સી)

#### ઈરાનને યુરેનિયમ સમૃદ્ધ નહીં કરવા દેવાય, ટૅરિફ અને બંધીઓમાં રાહત નહીં

અમેરિકા અને ઈરાન વચ્ચે બે અઠવાડિયાના યુદ્ધવિરામ પછી, પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે બુધવારે કહ્યું કે વોશિંગ્ટન ઈરાન સાથે નજીકથી કામ કરશે અને ખાતરી કરશે કે યુરેનિયમ સમૃદ્ધ ન કરાય અને ટૅરિફ તથા પ્રતિબંધોમાં કોઇ રાહત નહીં અપાય.

#### ભારતીયો વહેલી તકે ઈરાન છોડેઃ સરકાર

ખાડી દેશોમાં પ્રવર્તી રહેલી યુદ્ધની સ્થિતિને ધ્યાનમાં રાખીને તહેરાનસ્થિત ભારતીય એલચી કચેરીએ ભારતીયોને સૂચિતમાર્ગે વહેલામાં વહેલી તકે ઈરાન છોડી જવાની બુધવારે સલાહ આપી હતી.

### ભગવાન અયપ્પા

અમાનુલ્લાહ, અરવિંદ કુમાર, ઑગસ્ટાઈન જ્યૉર્જ મસિહ, પ્રસન્ના બી. વરાલે, આર. મહાદેવન અને ડોયમાલ્યા બાગચીનો સમાવેશ થતો હતો.

ધાર્મિક સ્વતંત્રતાના અવકાશને મામલે સુપ્રીમ કોર્ટે સાત સવાલ કર્યા હતા.

લૉર્ડ અય્યપ્પાનો ભક્ત ન હોય કે પછી એ ધાર્મિક જૂથની ન હોય તેવી વ્યક્તિ જનહિતની અરજી દાખલ કરી જે તે ધર્મના રીવાજોને પડકારી શકે? એવો સવાલ ખંડપીઠે કર્યો હતો. સબરીમાલા કેસના અરજકર્તા કોણ છે તેની જાણકારી ન્યાયાધીશ નાગરત્નએ સોલિસિટર જનરલ તુષાર મહેતા પાસે માગી હતી.

#### અંધશ્રદ્ધા કઈ એ અમે નક્કી કરીશું

સુપ્રીમ કોર્ટે બુધવારે કહ્યું હતું કે કોઈ ધર્મમાં કઈ પ્રથાઓ અંધશ્રદ્ધા પર આધારિત છે તે નક્કી કરવાનો અધિકાર તેમની પાસે છે. કોર્ટે આ ટિપ્પણી કેન્દ્ર સરકારની એ દલીલના જવાબમાં કરી હતી જેમાં કેન્દ્ર સરકારે કહ્યું હતું કે ધર્મ સાથે સંબંધિત બાબતો પર નિર્ણય કરવાનો અધિકાર કોર્ટના ક્ષેત્રમાં આવતો નથી કારણ કે ન્યાયાધીશો કાયદાના નિષ્ણાત છે, ધર્મના નહીં.

મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાંતના નેતૃત્વ હેઠળની નવ ન્યાયાધીશોની બંધારણીય બેન્ચ કેરલમના સબરીમાલા મંદિર સહિત ધાર્મિક સ્થળો પર મહિલાઓના પ્રવેશ સાથે જોડાયેલા કથિત ભેદભાવ અને વિવિધ ધર્મોમાં ધાર્મિક સ્વતંત્રતાના અવકાશ સંબંધિત અરજીઓની સુનાવણી કરી રહી છે. (એજન્સી)

### શૅરબજારમાં

ટકાનો ઉછાળો આવ્યો અને જાપાનના નિક્કી ૨૨૫ ઇન્ડેક્સમાં ૫.૩૯ ટકાનો ઉછાળો આવ્યો. શાંઘાઈના એસએસઇ કમ્પોઝિટ ઇન્ડેક્સ અને હોંગકોંગના હેંગસેંગ ઇન્ડેક્સમાં પણ તીવ્ર તેજી જોવા મળી હતી.યુરોપિયન બજારો નોંધપાત્ર ઊંચા મથાળે ટ્રેડિંગ કરી રહ્યા હતા. વોલ સ્ટ્રીટ ફ્યુચર્સમાં પણ ત્રણ ટકાથી મોટા ઉછાળા હતા. વૈશ્વિક ઇક્વિટી માર્કેટના ઉછાળા અને ક્રૂડ ઓઇલના ભાવના ઘટાડા ઉપરાંત રિઝર્વ બેન્ક દ્વારા યથાવત્ રાખવામાં આવેલા વ્યાજદર અને કરન્સી માર્કેટમાં રૂપિયામાં આવેલા સુધારાએ પણ સેન્ટિમેન્ટને ટેકો આપ્યો હતો. અમેરિકન પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે ઈરાન સામે લશ્કરી હુમલાઓ બે અઠવાડિયા માટે સ્થગિત કરવાની જાહેરાત કર્યા પછી બુધવારે રૂપિયો ૪૭ પૈસા વધીને ૯૨.૫૯ પર બંધ થયો હતો અને રિઝર્વ બૅંકે તટસ્થ વલણ સાથે મુખ્ય બેન્ચમાર્ક દર યથાવત રાખ્યો હતો. ઇન્ડિગોના શેર આઠ ટકાથી મોટા ઉછાળા સાથે સેન્સેક્સમાં ટોચના સૌથી વધુ વધનાર શેર બન્યો હતો. લાર્સન એન્ડ ટૂબ્રો, બજાજ ફાઇનાન્સ, એક્સિસ બેંક, મહિન્દ્રા અને મહિન્દ્રા, મારુતિ સુઝુકી અને અલ્ટ્રાટેક સિમેન્ટના શેરમાં છથી આઠ ટકા જેવો ઉછાળો રહ્યો હતો. આ વલણથી વિપરીત ટેક મહિન્દ્રાના શેર એક ટકાથી વધુ ઘટીને સેન્સેક્સમાં ટોચના ઘટનાર શેર તરીકે બંધ થયો હતો. સનફાર્મા અને પાવરગ્રીડ પણ ટોપ લુઝર શેરોમાં સામેલ હતા.

### ખાતર પરની

પ્રધાનમંડળની બેઠકમાં ૨૦૨૬ની પહેલી એપ્રિલથી ૩૦ સપ્ટેમ્બર સુધીની ખાતરની સબસિડીના દર નક્કી કરાયા હતા.ચાલુ વર્ષની ખરીફ મોસમ માટે નાઇટ્રોજન પરની સબસિડી કિલોગ્રામ દીઠ રૂપિયા ૪૭.૩૨, ફૉસ્ફેટની કિલોગ્રામ દીઠ રૂપિયા ૫૨.૭૬, ગંધક (સલ્ફર)ની કિલોગ્રામ દીઠ રૂપિયા ૩.૧૬ કરાઇ હતી, જ્યારે પૉટાશ પરની સબસિડી કિલોગ્રામ દીઠ રૂપિયા ૨.૩૮ જ રખાઇ હતી.દરમિયાન, એચપીસીએલની રાજસ્થાન ઑઇલ રિફાઇનરી પ્રૉજેક્ટ માટેનો ખર્ચ બમણો કરીને રૂપિયા ૭૯,૪૫૯ કરોડ કરવાનો નિર્ણય લેવાયો હતો.રાજસ્થાનના બલોત્રા જિલ્લામાં આ રિફાઇનરી અને પેટ્રૉકેમિકલ સંકુલ છે. જયપુર મેટ્રો પ્રૉજેક્ટના ૪૧ કિલોમીટરના બીજા તબક્કામાં ૩૬ સ્ટેશન હશે અને તેનો કુલ ખર્ચ રૂપિયા ૧૩,૦૦૦ કરોડ થશે.

રાજસ્થાન મેટ્રો રેલ કોર્પોરેશન લિમિટેડ આ મેટ્રો પ્રૉજેક્ટ કેન્દ્ર અને રાજસ્થાન સરકારની ૫૦:૫૦ ટકાની ભાગીદારીથી હાથ ધરશે. (એજન્સી)

### વિકાસદરનો

તેની તીવ્રતા સાથે પરિસ્થિતિઓ પ્રતિકૂળ બની ગઈ છે. બીજી બાજુ, સેવા ક્ષેત્રમાં સતત ગતિ, જીએસટી તર્કસંગતકરણની સતત અસર, ઉત્પાદનમાં ક્ષમતાનો ઉપયોગ વધતો રહેવો અને નાણાકીય સંસ્થાઓ અને કોર્પોરેટ્સની સ્વસ્થ બેલેન્સ શીટ્સ સ્થાનિક માગને ટેકો આપવાનું ચાલુ રાખવું જોઈએ, એમ મલ્હોત્રાએ જણાવ્યું હતું.

### ગુજરાતીઓને

તેમની ટિપ્પણી બદલ માફી માગવાની માગ કરી હતી અને કહ્યું હતું કે આ ટિપ્પણી બેશરમ, અપમાનજનક અને તદ્દન ધિક્કારને પાત્ર છે. એક પત્રકાર પરિષદને સંબોધતા ભાજપના વરિષ્ઠ નેતા અને ભૂતપૂર્વ કેન્દ્રીય મંત્રી રવિશંકર પ્રસાદે કોંગ્રેસના નેતાઓ રાહુલ ગાંધી, સોનિયા ગાંધી અને પ્રિયંકા ગાંધી વાડ્રાને સ્પષ્ટ કરવા કહ્યું કે શું તેઓ ખડગેના નિવેદન સાથે સંમત છે.

### વ્યભિચાર-ગે સંબંધો

પરંતુ તેને 'સારા કાયદા' ગણવા ન જોઇએ.સર્વોચ્ચ અદાલતની મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાંતની અધ્યક્ષતા હેઠળની નવ ન્યાયાધીશની બંધારણીય બૅન્ચમાં ન્યાયાધીશ બી. વી. નાગરત્ન, ન્યાયાધીશ એમ. એમ. સુંદરેશ, ન્યાયાધીશ અહસાનુદ્દીન અમાનુલ્લાહ, ન્યાયાધીશ અરવિંદકુમાર, ન્યાયાધીશ ઑગસ્ટાઇન જ્યોર્જ માસીહ, ન્યાયાધીશ પ્રસન્ના બી. વારલે, ન્યાયાધીશ આર મહાદેવન અને ન્યાયાધીશ જોયમાલ્યા બાગચીનો સમાવેશ થાય છે. (એજન્સી)

### અરુણાચલ પ્રદેશમાં

માટે ૨૬,૦૬૯.૫૦ કરોડ રૂપિયાના રોકાણને મંજૂરી આપી છે.આ પ્રોજેક્ટ જાહેર ક્ષેત્રની એનએચપીસી લિમિટેડ અને રાજ્ય સરકાર વચ્ચેના સંયુક્ત સાહસ મારફતે કામલે, ક્રા દાદી અને કુરુંગ કુમે જિલ્લામાં બનાવવામાં આવશે. તેના નિર્માણનો અંદાજિત સમયગાળો આઠ વર્ષનો છે. આ પ્લાન્ટમાંથી વાર્ષિક આશરે ૬૮૭ કરોડ યુનિટ વીજળી ઉત્પન્ન કરાશે. જેનાથી વીજળીની માગને પહોંચવા, રાષ્ટ્રીય ગ્રીડને સંતુલિત કરવામાં અને બ્રહ્મપુત્ર ખીણમાં પૂરને નિયંત્રિત કરવામાં મદદ કરશે તેવી અપેક્ષા છે.

અવસાન નોંધ



મૂળ જામખંભાળિયાના નિવાસી

**સ્વ. નલીનભાઈ રતનસી સંપત**, ઉંમર વર્ષ - ૯૫

તેઓ શ્રીમતી ભાનુબેન સંપતના પતિ. શ્રીમતી કીર્તિબેન શાહ, શ્રીમતી હીનાબેન પારેખ, શ્રી જયસિંહ સંપત અને શ્રીમતી રેખાબેન આશરના પિતા. શ્રી જયંતભાઈ શાહ, શ્રી મહેશભાઈ પારેખ, શ્રી જયેશભાઈ આશર અને શ્રીમતી લતાબેન સંપતના સસરા અને જેસલ - રાધિકા, ફોરમ - યશના દાદા

**તારીખ ૮ એપ્રિલના રોજ શ્રીજીચરણ પામ્યા છે.**

**સદગત ની પ્રાર્થના સભા**

તારીખ: ૧૦, એપ્રિલ ૨૦૨૬
સ્થળ: Turf Club, Pune - 411001.
સમય: સવારે ૧૧ વાગ્યાથી ૧૨.૩૦ સુધી રાખવામાં આવી છે.


# એસટી બસ ભાડામાં વધારો: ૧૫ તારીખથી નવા દર લાગુ

મુંબઈ: એસટી નિગમ દ્વારા બસના ભાડામાં વધારો કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. એસટી નિગમે મુસાફરોની ટિકિટના દરમાં ૧૦ ટકાનો વધારો કર્યો છે. આગામી ૧૫ એપ્રિલથી મુસાફરો પાસેથી સુધારેલા દરો મુજબ ભાડું વસૂલવામાં આવશે. મોંઘવારીના કારણે સામાન્ય જનતા પહેલેથી જ પરેશાન છે, તેમાં હવે રાજ્ય પરિવહન નિગમે પણ ભાડામાં વધારો કરવાનો નિર્ણય લેતા ગ્રાહકોના ખિસ્સા પર તેનો ભાર પડશે.

એસટીના આ નિર્ણયથી મુસાફરોમાં રોષ જોવા મળ્યો હતો. મુસાફરોએ પ્રતિક્રિયા આપતાં કહ્યું હતું કે, મહિલાઓ માટે અડધી ટિકિટ કરો છો અને બીજી તરફ ભાડામાં વધારો કરો છો, તેના કરતા એસટી જ બંધ કરી દો. શ્રીમંત લોકો એસટીમાં મુસાફરી કરતા નથી, આ ભાવવધારો ગરીબોના ખિસ્સા પર કાતર સમાન છે. એપ્રિલ અને મે મહિના દરમિયાન એસટી બસોમાં મુસાફરોની ભારે ભીડ રહેતી હોય છે. જોકે, આ જ સમયગાળામાં હવે એસટી નિગમ દ્વારા ભાડામાં વધારો કરવામાં આવ્યો છે. તેની અસર હવે મુસાફરો પર પડવાની શક્યતા છે. ભાડા વધારાને કારણે મુસાફરોને આર્થિક ફટકો પડશે. ■

# રેલવે ટ્રેક પર પાણી જમા ન થાય તે માટે પશ્ચિમ રેલવે સજ્જ

મુંબઈ: ચોમાસામાં રેલવે ટ્રેક પર પાણી ભરાવાને કારણે ટ્રેનવ્યવહારમાં અવરોધ ઊભો ન થાય તે માટે આ વર્ષે પશ્ચિમ રેલવેએ ચોમાસા પૂર્વેની કામગીરીમાં વેગ આપ્યો છે. દર વર્ષે ચોમાસામાં કેટલીક જગ્યાએ પાણી ભરાવાની સમસ્યાઓ સર્જાય છે. જેના કારણે લોકલ ટ્રેનો મોડી દોડે છે અને મુસાફરોએ ભારે હાલાકી ભોગવવી પડે છે. આ બાબતને ધ્યાનમાં રાખીને આ વર્ષે પશ્ચિમ રેલવે વહીવટીતંત્રે વિશેષ સાવચેતી રાખી છે.

પશ્ચિમ રેલવે રૂટની આસપાસ આવેલા નાળાઓની સફાઈ, ગટરોમાંથી કાદવ કાઢવો, તેમજ પાણીના નિકાલ માટે જરૂરી વ્યવસ્થાનું સમારકામ કરવામાં આવી રહ્યું છે. આ ઉપરાંત, જ્યાં પાણી ભરાવાની શક્યતા છે તેવી જગ્યાએ વિશેષ ટીમ તહેનાત કરવામાં આવશે. રેલવે સ્ટેશન વિસ્તારમાં આવેલી ભૂગર્ભ ગટરોની તપાસ કરીને પાણીના પ્રવાહમાં આવતા અવરોધો દૂર કરવાનું કામ પણ ચાલુ છે. તેમજ પમ્પિંગ સિસ્ટમ તૈયાર રાખવામાં આવી રહી છે, જેથી કટોકટીના સમયે તાત્કાલિક પાણીનો નિકાલ કરી શકાય.

આ ઉપરાંત ગ્રાન્ટ રોડ, પ્રભાદેવી, દાદર, માટુંગા રોડ, માહિમ યાર્ડ, બાંદ્રા, ખાર, અંધેરી, જોગેશ્વરી અને વસઈ-વિરાર જેવા વિસ્તારો, જ્યાં વારંવાર પાણી ભરાય છે ત્યાં વધુ પંપ લગાવવામાં આવશે. આ સ્ટેશનો પર રેલવે વહીવટીતંત્રે વિશેષ ધ્યાન આપીને ચોમાસા પૂર્વેની કામગીરી હાથ ધરી છે. એપ્રિલ ૨૦૨૬ સુધીમાં ૨.૫ કિમી નાળાઓનું સમારકામ અને ચાર કિમી નાળાઓનું બાંધકામ કરવામાં આવશે. તાજેતરમાં બાન્દ્રા પૂર્વ વિસ્તારના નવપાડા વિસ્તારમાં નાળા અને ગટરોનું સમારકામ કરવામાં આવ્યું છે અને મોટા વ્યાસની ડ્રેનેજ લાઈન નાખવામાં આવી છે. તેનાથી ચોમાસામાં પાણીનો નિકાલ થવો શક્ય બનશે, તેવો દાવો પશ્ચિમ રેલવેના વરિષ્ઠ અધિકારીઓએ કર્યો હતો. ■


પેટના ગેસનું બજાર ઉઠાવવા માટે
ધૌતી યોગ®
પાવડર અને ગોળીઓ
આજે જ રાત્રે લો, સવારે OK!
ડૉ. અભિજીત 9422011723


# મહિલાઓનું જાતીય શોષણ અને છેતરપિંડી

## ઢોંગીબાબાને ચાર વર્ષની સખત કેદ, પંદર હજાર રૂપિયાનો દંડ

પુણે: 'પૈસાનો વરસાદ વરસાવી'ને શ્રીમંત બનાવવાને બહાને મહિલાઓ સાથે છેતરપિંડી આચરવા અને તેમનું જાતીય શોષણ કરવા બદલ બારામતીની કોર્ટે મિલિંદ જાધવ નામના ઢોંગીબાબાને ચાર વર્ષની સખત કેદ અને પંદર હજાર રૂપિયાનો દંડ ફટકાર્યો હતો.

બારામતીમાં આરોપી મિલિંદ જાધવે પૈસાનો વરસાદ વરસાવીને શ્રીમંત બનાવવાના મહિલાઓને સપનાં દેખાડ્યાં હતાં. આ માટે તેણે અઘોરી પૂજાનું આયોજન કર્યું હતું, જેમાં મહિલાઓનું પૂજાના નામે જાતીય શોષણ કરવામાં આવ્યું હતું. ઉપરાંત પૂજા માટે લાગનારી સામગ્રી અને વિધિને નામે તેમની પાસેથી રૂપિયા પડાવવામાં આવ્યા હતા.

દરમિયાન છેતરાયેલી મહિલાઓએ બારામતી તાલુકા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી, જેને આધારે આરોપી વિરુદ્ધ ગુનો દાખલ કરીને તેની ધરપકડ કરવામાં આવી હતી.

પોલીસ સબ-ઇન્સ્પેક્ટર ધનશ્રી ભગતે આ મામલાની તપાસ કરીને અદાલતમાં પુરાવા રજૂ કર્યા હતા. સરકારી વકીલે સાત સાક્ષીદારને ચકાસ્યા હતા. જિલ્લા ન્યાયાધીશ એસ.આર. પાટીલે બંને પક્ષોની દલીલ સાંભળ્યા બાદ આરોપી મિલિંદ જાધવને દોષી ઠેરવ્યો હતો અને તેને ચાર વર્ષની કેદ તથા દંડ ફટકાર્યો હતો. ■

## ૨૦૧૪ કસ્ટોડિયલ ડેથ

# બોમ્બે હાઇ કોર્ટે આઠ પોલીસ કર્મચારીઓ વિરુદ્ધ હત્યાના આરોપ ઘડવાના નિર્ણયને માન્ય રાખ્યો

મુંબઈ: ૨૦૧૪માં શહેરના યુવક એગ્નેલો વલ્દારિસના કથિત કસ્ટોડિયલ ડેથ મામલે આઠ પોલીસ કર્મચારીઓ સામે હત્યાના આરોપ ઘડવાના ટ્રાયલ કોર્ટના નિર્ણયને બોમ્બે હાઇ કોર્ટે માન્ય રાખ્યો છે. સોમવારે જારી કરાયેલા આદેશમાં જસ્ટિસ એ.એસ. ગડકરી અને શ્યામ ચાંડકની ખંડપીઠે કહ્યું હતું કે વલ્દારિસના મૃત્યુની આસપાસના સંજોગો શંકાસ્પદ હોઇ સંપૂર્ણ ટ્રાયલ આવશ્યક છે. કોર્ટે અવલોકન કર્યું હતું કે મૃત્યુ સદોષ મનુષ્યવધ છે કે અકસ્માતે થયું છે તે વિશે ગંભીર વિવાદ છે.

ટ્રાયલ કોર્ટે ભારતીય દંડસંહિતાની કલમ ૩૦૨ (હત્યા) અને ૨૯૫-એ (ધાર્મિક લાગણી દુભવવા માટે બદઇરાદાથી કૃત્ય) હેઠળ હત્યાના આરોપ ઘડવાના સપ્ટેમ્બર, ૨૦૨૨માં આપેલા આદેશને પડકારતી આઠ પોલીસ કર્મચારીએ કરેલી અરજી હાઇ કોર્ટે ફગાવી દીધી હતી.

અરજદાર સિનિયર ઇન્સ્પેક્ટર જિતેન્દ્ર રાઠોડ. આસિસ્ટન્ટ ઇન્સ્પેક્ટર અર્ચના પૂજારી, પોલીસ સબ-ઇન્સ્પેક્ટર શત્રુઘ્ન તોંડસે, હેડ કોન્સ્ટેબલ સુરેશ માને, કોન્સ્ટેબલ તુષાર ખૈરનાર, રવીન્દ્ર માને, વિકાસ સૂર્યવંશી અને સત્યજીત કાંબળેએ દાવો કર્યો હતો કે કસ્ટડીમાંથી ભાગી છૂટ્યા બાદ વલ્દારિસનું ટ્રેનની ટક્કરથી મૃત્યુ થયું હતું.

વડાલા રેલવે પોલીસે લૂંટના કેસ સંદર્ભે વલ્દારિસ તથા અન્ય ત્રણની અટકાયત કરી હતી. પોલીસે દાવો કર્યો હતો કે કસ્ટડીમાંથી ભાગવાના પ્રયાસમાં તેનું મૃત્યુ થયું હતું, જ્યારે હાઇ કોર્ટે પોતાના આદેશમાં નોંધ્યું હતું કે વલ્દારિસ સાથે અટકાયતમાં લેવાયેલા અન્યોના નિવેદનો અને તબીબી પુરાવાઓ પરથી લાગે છે કે કસ્ટડીમાં તેને ટોર્ચર કરવામાં આવ્યો હતો.

હાઇ કોર્ટે જણાવ્યું હતું કે વલ્દારિસ તથા અન્યોને ગેરકાયદે અટકાયતમાં લેવામાં આવ્યા હતા, તેમની મારપીટ કરાઇ હતી અને લોકઅપમાં તેમની સાથે દુર્વ્યવહાર કરાયો હતો. જાતીય દુર્વ્યવહાર એટલો ઘૃણાસ્પદ હતો કે કોઇ પણ નાગરિક કલ્પના પણ કરી શકતું નથી કે આવી ઘટના પોલીસ લોકઅપમાં બની શકે છે. મુખ્ય મુદ્દો ધ્યાનમાં લેતાં સામાન્ય જનતામાં પોલીસની છબિ ખરડાય નહીં તે માટે શોષણ કઇ રીતે થયું તેનો અમે અહીં ઉલ્લેખ કરવા માગતા નથી, એમ પણ કોર્ટે જણાવ્યું હતું. (પીટીઆઇ)■

# હવે ડિજિટલ પ્લેટફોર્મ દ્વારા થશે ખાનગી બસોનું મોનિટરિંગ

મુંબઈ: રાજ્યમાં માર્ગ અકસ્માતોના પગલે, ખાનગી બસ પરિવહન પર વધુ કડક દેખરેખ રાખવા માટે રાજ્ય પરિવહન વિભાગ (આરટીઓ) 'ડિજિટલ બસ પોર્ટલ' વિકસાવશે. આ પોર્ટલ રોડ સેફ્ટી ફંડમાંથી તૈયાર કરવામાં આવશે. આ પોર્ટલ દ્વારા તમામ નોંધણીકૃત ખાનગી બસો એક જ ડિજિટલ પ્લેટફોર્મ પર આવશે. તેના કારણે બસનો રૂટ, બસની સ્થિતિ, ડ્રાઈવરની લાયકાત અને તેમના કામના કલાકોનું રિયલ-ટાઇમ ટ્રેકિંગ કરવું શક્ય બનશે. છેલ્લા કેટલાક સમયથી ખાનગી બસોના અકસ્માતો વધતા, મુસાફરોની સુરક્ષા જોખમાઈ છે. હાલમાં લાઇસન્સધારક અને ખરેખર બસ ચલાવનાર સંસ્થા અલગ હોવાથી ડેટામાં વિસંગતતા જોવા મળે છે. આ કારણે પરિવહન વિભાગ માટે નિયમોનું પાલન કરાવવું અને દેખરેખ રાખવી મુશ્કેલ બની રહી છે. ■

# ૨૧૦ ગુંઠા જમીન પચાવી પાડીને વેચી મારનારા એસ્ટેટ એજન્ટની ધરપકડ

પાલઘર: વસઈમાં ૨૧૦ ગુંઠા જમીન પચાવી પાડીને અન્ય વ્યક્તિને વેચી દેવાના કેસમાં મીરા-ભાયંદર વસઈ-વિરારની ક્રાઈમ બ્રાન્ચે રિયલ એસ્ટેટ એજન્ટની ધરપકડ કરી હતી. ક્રાઈમ બ્રાન્ચ યુનિટ-૪ના ઇન્ચાર્જ પ્રમોદ બડાખની ટીમે પકડી પાડેલા આરોપીની ઓળખ સુરેન્દ્ર પ્રતાપ સિંહ ઉર્ફે રંધા તરીકે થઈ હતી. આરોપીએ વસઈમાં આવેલી ૨૧૦ ગુંઠા (લગભગ ૫.૨૫ એકર) જમીન ખરીદવાની તૈયારી દાખવી હતી. જોકે બાદમાં વ્યવહાર પૂરો કરવાને બદલે ફરિયાદી પાસેથી એ જમીનનો તાબો મેળવ્યો હતો. ફરિયાદ અનુસાર રાજવલી ગામમાં આવેલી આ જમીનનો સોદો પૂરો કર્યા વિના જમીનમાલિકની જાણબહાર આરોપીએ એ જમીન એક બિલ્ડરને વેચી દીધી હતી. ૨૦૨૦થી ૨૦૨૫ દરમિયાન આ કથિત છેતરપિંડી થઈ હતી. બાદમાં એ જમીન પર ગેરકાયદે ચાલનું બાંધકામ કરવામાં આવ્યું હતું. (પીટીઆઈ)■

# મેનેજમેન્ટ સ્ટડીઝના ત્રણ વિદ્યાર્થીઓને હાઈ કોર્ટે રાહત આપી

મુંબઈ: જમનાલાલ બજાજ ઇન્સ્ટિટ્યૂટ ઓફ મેનેજમેન્ટ સ્ટડીઝ (જેબીઆઇએમએસ)ના ત્રણ વિદ્યાર્થીઓને હાઈ કોર્ટે અંતિમ સેમિસ્ટરની પરીક્ષામાં બેસવાની પરવાનગી આપીને મોટી રાહત આપી. આ વિદ્યાર્થીઓએ પ્રવેશ માટે રજૂ કરેલા દસ્તાવેજોમાં વિસંગતતા જોવા મળતા તેમનો પ્રવેશ રદ કરવામાં આવ્યો હતો. તેમ છતાં કોર્ટે ત્રણેય વિદ્યાર્થીઓને પરીક્ષા આપવાની મંજૂરી આપીને રાહત આપી હતી.

સંસ્થાના નિર્ણય વિરુદ્ધ વિશાલ ગુપ્તા, ગૌતમ નાયર અને યશ ગાયકવાડે હાઈ કોર્ટમાં અરજી દાખલ કરી હતી. જસ્ટિસ રિયાઝ છાગલા અને જસ્ટિસ અદ્વૈત સેઠનાની ખંડપીઠે આ અરજીઓ પર સુનાવણી કર્યા બાદ ત્રણેય વિદ્યાર્થીઓને વચગાળાની રાહત આપી હતી. કોર્ટે જણાવ્યું કે કેસની ગંભીરતા અને સોમવારથી શરૂ થતી પરીક્ષાઓને ધ્યાનમાં રાખીને અમે વિદ્યાર્થીઓને પરીક્ષામાં બેસવાની પરવાનગી આપીએ છીએ. અદાલતે એ પણ સ્પષ્ટ કર્યું હતું કે આ પરવાનગી સંબંધિત પક્ષોના કાયદેસરના અધિકારો અને દલીલો પર કોઈ પ્રતિકૂળ અસર કર્યા વગર આપવામાં આવી રહી છે. અદાલતે અરજદારોને તમામ શૈક્ષણિક પ્રવૃત્તિઓમાં ભાગ લેવાની મંજૂરી પણ આપી હતી. જોકે એવું પણ સ્પષ્ટ કર્યું હતું કે આ વચગાળાના આદેશના આધારે તેઓ કોઈપણ પ્રકારના કાયદેસરના હક્કો કે સમાન અધિકારોનો દાવો કરી શકશે નહીં.

બીજી તરફ અરજદારો વતી વકીલ અરવિંદ તિવારી અને અટલબિહારી દુબેએ દાવો કર્યો હતો કે, સંસ્થા દ્વારા દસ્તાવેજોની યોગ્ય ચકાસણી થયા પછી જ ૨૦૨૪માં અરજદારોને પ્રવેશ આપવામાં આવ્યો હતો. આ ઉપરાંત, અરજદારોએ ચોથા અને અંતિમ સેમિસ્ટર સિવાયના અન્ય તમામ સેમિસ્ટર અગાઉ જ પૂર્ણ કરી લીધા છે. તેમજ, પ્રવેશ પ્રક્રિયાના આટલા મોડા તબક્કે તેમનો પ્રવેશ રદ કરવો એ મનમાનીભર્યો અને અન્યાયી છે. ■


गृह मंत्रालय
MINISTRY OF HOME AFFAIRS
सत्यमेव जयते

National Forensic Sciences University
राष्ट्रीय न्यायालयिक विज्ञान विश्वविद्यालय
An Institution of National Importance under Ministry of Home Affairs, Government of India
राष्ट्रीय महत्व का संस्थान, गृह मंत्रालय, भारत सरकार
NFSU
विद्या अमृतं अश्नुते

**Admissions Open for Academic Year 2026-27**

**NFSU campuses at Gandhinagar, Delhi, Goa, Tripura, Bhopal, Dharwad, Guwahati, Bhubaneswar, Chennai, Raipur, Jaipur, Nagpur and Varanasi**

*School of Forensic Science*
M.Sc. Forensic Science — Gandhinagar, Delhi, Goa, Tripura, Bhopal, Guwahati, Bhubaneswar, Raipur, Nagpur, Chennai, Jaipur, Dharwad, Varanasi
M.Sc. Forensic Biotechnology — Gandhinagar
M.Sc. Multimedia Forensics — Gandhinagar
M.A. Mass Communication & Forensic Journalism — Gandhinagar
B.Sc.-M.Sc. Forensic Science — Gandhinagar, Delhi, Goa, Tripura, Bhopal, Dharwad, Varanasi
M.Sc. Nanotechnology (Specialization in Forensic Nanotechnology) — Gandhinagar

*School of Medico-Legal Studies*
M.Sc. Toxicology — Gandhinagar

*School of Cyber Security & Digital Forensics*
M.Tech. Cyber Security — Gandhinagar, Dharwad
M.Tech. in Artificial Intelligence and Data Science — Gandhinagar, Goa
M.Sc. Cyber Security — Gandhinagar, Goa, Bhopal, Nagpur, Chennai
M.Sc. Digital Forensics & Information Security — Gandhinagar, Delhi, Goa, Bhopal, Bhubaneswar, Raipur, Jaipur
B.Tech.-M.Tech. Computer Science and Engineering (Cyber Security) — Gandhinagar, Delhi, Tripura, Dharwad, Guwahati

Follow us

*School of Engineering & Technology*
M.Tech. Civil Engineering (Specialization in Forensic Structural Engineering) — Gandhinagar
M.Sc. Environmental Sciences (Environmental Forensics) — Gandhinagar
B.Tech. Civil Engineering — Gandhinagar

*School of Police Science & Security Studies*
M.Sc. (Homeland Security) — Gandhinagar
M.A. (Police & Security Studies) — Gandhinagar

*School of Behavioural Forensics*
M.Sc. Neuropsychology — Gandhinagar
M.Sc. Forensic Psychology — Gandhinagar, Delhi
M.A. Criminology — Gandhinagar, Delhi
M.A. Clinical Psychology — Gandhinagar, Delhi
B.Sc. Criminology and Forensic Science — Gandhinagar, Delhi, Chennai

*School of Management Studies*
MBA Forensic Accounting & Fraud Investigation — Gandhinagar

*For eligibility criteria and related information visit https://nfsu.ac.in/admission*

Scan to Apply

MBA Cyber Security Management — Gandhinagar
MBA Hospital & Healthcare Management — Gandhinagar
MBA Business Analytics & Intelligence — Gandhinagar
BBA-MBA (Five Year Integrated) — Gandhinagar, Delhi
MBA Fintech Forensics — Gandhinagar

*School of Law, Forensic Justice & Policy Studies*
LL.M. (Cyber Law & Cyber Crime Investigation) — Gandhinagar, Bhubaneswar
LL.M. (Criminal Law & Criminal Justice Administration) — Gandhinagar, Delhi
LL.B. (Hons.) — Gandhinagar
B.Sc. LL.B. (Hons.) — Gandhinagar
BBA-LL.B. (Hons.) — Delhi

*School of Pharmacy*
M.Pharm. Forensic Pharmacy — Gandhinagar, Dharwad
M.Pharm. (Pharmaceutical Quality Assurance) (PCI Approved) — Gandhinagar
M.Sc. Chemistry (Forensic Analytical Chemistry) — Gandhinagar
M.Sc. Pharmaceutical Chemistry — Gandhinagar
M.Sc. Food Technology (Specialization in Forensic Food Analysis) — Gandhinagar

**Affiliated Institutes details for Admission of Academic Year 2026-27***

*School of Forensic Science*
**B.Sc. - M.Sc. Forensic Science**
- College of Traffic Management & Forensic Science, Faridabad (CTMFS)
- Lloyd Institute of Forensic Science, Greater Noida (LIFS)
- Uttar Pradesh State Institute of Forensic Sciences, Lucknow (UPSIFS)
- Narnarayan Shastri Institute of Technology - Institute of Forensic Sciences and Cyber Security, Ahmedabad (NSIT)

**M.Sc. Forensic Science**
- College of Traffic Management & Forensic Science, Faridabad (CTMFS)
- Lloyd Institute of Forensic Science, Greater Noida (LIFS)
- Uttar Pradesh State Institute of Forensic Sciences, Lucknow (UPSIFS)
- Narnarayan Shastri Institute of Technology - Institute of Forensic Sciences and Cyber Security, Ahmedabad (NSIT)

*School of Cyber Security & Digital Forensics*
**B.Tech. - M.Tech. Compuer Science & Engineering (Cyber Security)**
- Uttar Pradesh State Institute of Forensic Sciences, Lucknow (UPSIFS)
- Narnarayan Shastri Institute of Technology - Institute of Forensic Sciences and Cyber Security, Ahmedabad (NSIT)

**M.Sc. Cyber Security**
- Narnarayan Shastri Institute of Technology - Institute of Forensic Sciences and Cyber Security, Ahmedabad (NSIT)
- National Institute of Electronics and Information Technology, Kolkata (NIELIT)

**M.Sc. Digital Forensics & Information Security**
- Narnarayan Shastri Institute of Technology - Institute of Forensic Sciences and Cyber Security, Ahmedabad (NSIT)

*School of Management Studies*
**BBA – MBA with specialization in Forensic Accounting and Fraud Investigation**
- Narnarayan Shastri Institute of Technology - Institute of Forensic Sciences and Cyber Security, Ahmedabad (NSIT)

*School of Law, Forensic Justice & Policy Studies*
**LL.M. (Cyber Law & Cyber Crime Investigation)**
- Uttar Pradesh State Institute of Forensic Sciences, Lucknow (UPSIFS)

**LL.M. (Criminal Law & Criminal Justice Administration)**
- Uttar Pradesh State Institute of Forensic Sciences, Lucknow (UPSIFS)

**B.Sc. LL.B. (Hons.)**
- Uttar Pradesh State Institute of Forensic Sciences, Lucknow (UPSIFS)

*Subject to renewal of the extension of provisional affiliation for the Academic Year 2026–27.

**For Admission in Online Certification Courses visit : nfsu.mha.gov.in**

***Online Admission commences from 9th April 2026***

# બ્લૅકમાં ઊંચી કિંમતે વેચવા માટે કાંદિવલીથી ગૅસનાં ૨૭ સિલિન્ડર ચોરનારો પકડાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: ગૅસ એજન્સીના કાંદિવલીમાં પાર્ક ટેમ્પોમાંથી ૨૭ સિલિન્ડર ચોરનારા શખસને પોલીસે નાલાસોપારાથી પકડી પાડ્યો હતો. ચોરીના ૬૦થી વધુ કેસમાં સંડોવાયેલો આરોપીએ અખાતના દેશોમાં ચાલતા યુદ્ધને કારણે સિલિન્ડરની અછતનો લાભ ઉઠાવી મોટી કમાણી કરવાને ઇરાદે સિલિન્ડરની ચોરી કરી હતી.

ચારકોપ પોલીસે ધરપકડ કરેલા આરોપીની ઓળખ મનોજ સુરેન્દ્ર શર્મા (૩૨) તરીકે થઈ હતી. નાલાસોપારા પૂર્વમાં ધાનીવબાગ ખાતેની આદિશક્તિ સોસાયટીમાં રહેતા શર્મા પાસેથી ચોરીનાં ૧૨ સિલિન્ડર હસ્તગત કરાયાં હતાં.

પોલીસના જણાવ્યા મુજબ ચોરીની ઘટના ૨૫ માર્ચની મધરાતે બની હતી. આ પ્રકરણે મલાડમાં જય જનતા નગરમાં રહેતા અને સિલિન્ડર ડિલીવરીનું કામ કરતા નંદકુમાર સોની (૩૫)એ ફરિયાદ નોંધાવી હતી. ચારકોપના શ્રીજી ગૅસ સર્વિસમાં કામ કરતો સોની બુકિંગ અનુસાર ટેમ્પોમાં સિલિન્ડર ભરી તે ગ્રાહકો સુધી પહોંચાડવાનું કામ કરે છે.

કામનો સમય પૂરો થતાં ૨૫ માર્ચની રાતે ૧૧ વાગ્યાની આસપાસ ટેમ્પો ચારકોપના કાકા કેણી ચોક ખાતે પાર્ક કરી સોની ઘરે ગયો હતો. બીજી સવારે આઠ વાગ્યે સોની પાછો ફર્યો ત્યારે ટેમ્પોના શટરનું લૉક તૂટેલું હતું અને ટેમ્પોમાંથી ૨૭ સિલિન્ડર ગુમ હતાં. આ પ્રકરણે ચારકોપ પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.

ટેમ્પો પાર્ક કરાયો હતો તેની આસપાસના પરિસરમાં લાગેલા સીસીટીવી કૅમેરાનાં ફૂટેજને આધારે પોલીસે શંકાસ્પદ નાના ટેમ્પોને ઓળખી કાઢ્યો હતો. રજિસ્ટ્રેશન નંબરને આધારે ટેમ્પોને ટ્રેસ કરી પોલીસ આરોપી સુધી પહોંચી હતી. પકડાયેલા આરોપી વિરુદ્ધ વિવિધ પોલીસ સ્ટેશનોમાં ૬૦થી વધુ ચોરીના ગુના નોંધાયેલા છે. સિલિન્ડરની અછત વર્તાતી હોવાથી મોંમાગ્યા દામ મેળવવાની લાલચમાં આરોપીએ સિલિન્ડર ચોર્યાં હતાં, એવું પોલીસે જણાવ્યું હતું. ■

# રેલવેમાં નોકરીને બહાને બાવીસ લાખ રૂપિયા પડાવ્યા: મહિલા સહિત ત્રણ સામે ગુનો

થાણે: રેલવેમાં નોકરીની ખાતરી આપી બાવીસ લાખ રૂપિયાની કથિત છેતરપિંડી બદલ પોલીસે મહિલા સહિત ત્રણ જણ વિરુદ્ધ ગુનો નોંધ્યો હતો.

થાણેમાં રહેતા ૫૬ વર્ષના રહેવાસીએ આ મામલે કાપૂરબાવડી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદને આધારે પોલીસે દ્રવિડ લક્ષ્મણ વાલિમ્બા (૨૨), કાવેરી નાઈડુ જાધવ (૨૫) અને અભિમન્યુ સિંહ (૩૫) વિરુદ્ધ ગુનો નોંધ્યો હતો. ફરિયાદ અનુસાર કથિત છેતરપિંડી ઑગસ્ટ, ૨૦૨૪થી મે, ૨૦૨૫ દરમિયાન થઈ હતી. ફોન કૉલથી આરોપીના સંપર્કમાં આવ્યા પછી ફરિયાદી તેના ઘરે મળવા ગયો હતો. આરોપીએ ખાતરી આપી હતી કે ફરિયાદીને ભારતીય રેલવેમાં નોકરી અપાવશે. આ નોકરી માટેના ઉંમરના માપદંડ અનુસાર દસ્તાવેજો પણ તૈયાર કરી આપવાની લાલચ આરોપીએ બતાવી હતી, એવું પોલીસે જણાવ્યું હતું.

ફરિયાદીનો વિશ્વાસ સંપાદન કર્યા પછી આરોપીએ ભારતીય રેલવેના લોગોવાળો બોગસ એપોઈન્ટમેન્ટ લેટર ફરિયાદીને આપ્યો હતો. આરોપીઓના દાવા પર ભરોસો કરી ફરિયાદીએ ઑનલાઈન ટ્રાન્ઝેક્શન દ્વારા બાવીસ લાખ રૂપિયા ટ્રાન્સફર કર્યા હતા. જોકે બાદમાં ફરિયાદીને રેલવેમાં કોઈ નોકરી મળી નહોતી. વારંવાર સંપર્ક કરવા છતાં આરોપી ઉડાઉ જવાબ આપતા હતા અને રૂપિયા પણ પાછા આપતા નહોતા. પોતે છેતરાયો હોવાની જાણ થતાં ફરિયાદીએ પોલીસનો સંપર્ક સાધ્યો હતો. ■

# પારસી મરણ

રોશન રુમી મુલ્લા તે મરહૂમ રુમીના ધન્યાની. તે મરહૂમો ખોરશેદ બરજોર ગોતલાસેથના દીકરી. તે ઝુબીનના માતાજી. તે પેરુચિસતીના સાસુ. તે જેહનના બપઈજી. તે ચિરાગ ને રહેબરના મામી. (ઉં.વ. ૮૩) રે. ઠે.: શરીયાસ, ૧૦-એ, સ્લેતર રોડ, ફ્લેટ-૧, ગ્રાન્ડરોડ, મુંબઈ-૪૦૦૦૦૭. ઉઠમણાંની ક્રિયા: તા. ૦૯-૦૪-૨૦૨૬ના દિને બપોરે ૩.૪૦ વાગે. વાચછા ગાંધી અગિયારીમાં છેજી.

દિનયાર માનેક વજીફદાર તે ઓસતી દીલશાદના ધની. તે મરહૂમો ઓસતી લીલી એરવદ માનેક વજીફદારના દીકરા. તે ઓસ્તી દેલઝીન, ઓસતા ફીરદોશ, ઓસતી યાસનાના પપ્પા. તે મરહૂમો ઓસ્તી હુખોકસી ને એરવદ ફીરદોશના ભાઈ. તે શાહરુખ, એરવદ જાહાબકસ ગુલશદના મામા. તે રોબેબ, રોકસદીન, શેરોયના કાકા. તે ઓસતી પરવીઝ ને મરહૂમ ઓસતા જાહાગીર રબાદીના જમાઈ. (ઉં.વ. ૬૭) રે.ઠે. : ૧૭-બી, રુસ્તમ બાગ, ફ્લેટ નં. ૨૦, માસીના હૉસ્પિટલ આગળ, ભાયખલા-મુંબઈ-૪૦૦૦૨૭. ઉઠમણાંની ક્રિયા : તા. ૦૯-૦૪-૨૦૨૬ને દિને બપોરે ૩.૪૦ વાગે ઉપરની વાડિયા બંગલીમાં છેજી.

રુખસાના મરઝબાન એલાવીયા તે મરહુમ મરઝબાનના ધન્યાની. તે મરહુમો પરવીઝ મરઝબાન એલાવીયાના દીકરી. તે દીનાને મીનું બારસીવાલાના ગ્રેન દોતર. તે તનાઝ પી. બસરુરના કઝીન. આબાનના નીસ (ઉં.વ. ૬૫). ઠે.: ૪૫, હર ગંગા મહલ, બીજે માળે, ડૉ. બાબાસાહેબ આંબેડકર રોડ, દાદર, ખોદાદાદ સર્કલ, મુંબઈ-૪૦૦ ૦૧૪. ઉઠમણાની ક્રિયા: તા. ૯-૪-૨૬ને દીને બપોરે ૩.૪૦ વાગે બાંદ્રા પંથકી અગ્યારીમાં છેજી.

# પોલીસ કોન્સ્ટેબલની હત્યાનો પ્રયાસ: આઠ આરોપી નિર્દોષ

થાણે: થાણેમાં એક બારની બહાર બામ્બુ અને બિયરની બૉટલ્સથી હુમલો કરી પોલીસ કોન્સ્ટેબલની હત્યા કરવાના પ્રયાસના ૨૦૧૬ના કેસમાં સેશન્સ કોર્ટે આઠ આરોપીને નિર્દોષ છોડ્યા હતા. કોન્સ્ટેબલ હુમલાખોરોને ઓળખી શક્યો નહોતો અને ફરિયાદ પક્ષનો મુખ્ય સાક્ષી ફરી ગયો હોવાનું કોર્ટે નોંધ્યું હતું.

એડિશનલ સેશન્સ જજ વી. એલ. ભોસલેએ સોમવારે આવેલા ચુકાદામાં આરોપીને શંકાનો લાભ આપ્યો હતો. ફરિયાદ પક્ષ ગુનો પુરવાર કરવામાં નિષ્ફળ ગયો હોવાની નોંધ તેમણે કરી હતી. ચુકાદાની નકલ બુધવારે પ્રાપ્ત થઈ હતી. ફરિયાદ પક્ષ અનુસાર ૨૧ એપ્રિલ, ૨૦૧૬ની રાતે થાણેના ઉપવન વિસ્તારમાં એક બારની બહાર કોન્સ્ટેબલ ભાસ્કર સોનાવણે પર બામ્બુ અને બિયરની બૉટલ્સ વડે હુમલો કરવામાં આવ્યો હતો.

હૉટેલવાળા અને કમલેશ નામના ગ્રાહક વચ્ચે થયેલા વિવાદ બાદ કમલેશનો ભાઈ અરુણ ૧૦થી ૧૫ જણ સાથે હોટેલ બહાર પહોંચ્યો હતો, જેને પગલે વિવાદ વકર્યો હતો. એક ખબરીને મળવા બાર નજીક પહોંચેલા સોનાવણેએ મધ્યસ્થી કરતાં તેના પર હુમલો કરાયો હતો. આ હુમલામાં કોન્સ્ટેબલને ફ્રેક્ચર થયું હતું અને મગજને પણ ઇજા પહોંચી હતી, એવું કોર્ટમાં જણાવાયું હતું.

આ મામલે આઠ આરોપી વિરુદ્ધ હત્યાના પ્રયાસનો ગુનો નોંધાયો હતો. કોર્ટે નોંધ્યું હતું કે રાતના સમયે બનેલી આ ઘટનામાં કોન્સ્ટેબલ માથામાં ઇજાને કારણે બેભાન થઈ ગયો હતો, જેને કારણે તે કોઈ પણ આરોપીને ઓળખી શક્યો નહોતો. વધુમાં આ કેસના મૂળ ફરિયાદી હોટેલના ભાગીદાર રાજેશ શેટ્ટી અને મૅનેજર નવીન ગૌડા બન્ને ફરી ગયા હતા, એવી નોંધ કોર્ટે કરી હતી.

પરિણામે રેકોર્ડ પરના બધા પુરાવાને ધ્યાનમાં લેતાં ફરિયાદ પક્ષ આરોપીઓ વિરુદ્ધના આરોપ સિદ્ધ કરવામાં નિષ્ફળ ગયો હોવાનું જણાવી કોર્ટે આરોપીઓને છોડી મૂક્યા હતા. (પીટીઆઈ) ■

# ભિવંડીમાં બાળકીનો વિનયભંગ: આરોપી ઝડપાયો

ભિવંડી: ભિવંડીમાં ઇમારતના દાદરા ઊતરી રહેલી ૧૦ વર્ષની બાળકીનો વિનયભંગ કરીને ફરાર થયેલા આરોપીને પોલીસે પકડી પાડીને લોકઅપભેગો કરી દીધો હતો.

પોલીસના જણાવ્યા અનુસાર સોમવારે સાંજે આ ઘટના બની હતી, જેમાં ધરપકડ કરેલા આરોપીની ઓળખ શાહરુખ અયુબ ખાન તરીકે થઇ હતી.

બાળકી સોમવારે સાંજે તેના ઘરેથી નીકળી હતી અને ઇમારતના દાદરા ઊતરી રહી હતી ત્યારે નીચે છુપાયેલો આરોપી અચાનક બાળકી સામે આવીને ઊભો રહી ગયો હતો. તેણે બાળકીનો વિનયભંગ કર્યો હતો અને ત્યાંથી ફરાર થઇ ગયો હતો.

ગભરાયેલી બાળકી ત્યાંથી ભાગી છૂટી હતી અને પોતાના ઘરે પહોંચ્યા બાદ માતા-પિતાને ઘટના વિશે જાણ કરી હતી.

બાળકીનાં માતા-પિતાએ ત્યાર બાદ સ્થાનિક પોલીસનો સંપર્ક સાધ્યો હતો અને ફરિયાદ નોંધાવી હતી. પોલીસે આ ફરિયાદને આધારે ગુનો દાખલ કર્યા બાદ આરોપીની શોધ આદરી હતી અને તેને ઝડપી પાડ્યો હતો. ■

# મુંબ્રામાં ટૂ-વ્હિલર પર ટ્રિપલ સીટ જઇ રહેલા યુવકોને બસે અડફેટે લીધા: બે જણનાં મોત

મુંબ્રા: મુંબ્રા વિસ્તારમાં ટૂ-વ્હીલર પર ટ્રિપલ સીટ જઇ રહેલા યુવકોને બસે અડફેટે લેતાં બે જણનાં મોત થયાં હતાં, જ્યારે એકને ગંભીર ઇજા પહોંચી હતી.

મુંબ્રામાં સોમવારે રોશની મહેલથી વાય જંકશન તરફ જતી વખતે યુવકોને અકસ્માત નડ્યો હતો, જેમાં મૃત્યુ પામેલા બે જણની ઓળખ સંગમ રાજેશ પુલશરે (૨૧) અને અવિનાશ રામદાસ દવંડે (૧૯) તરીકે થઇ હતી. અકસ્માતમાં ગંભીર રીતે ઘવાયેલા મહેશ ભગવાન વારે (૧૮)ને સારવારાર્થે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો.

મુંબ્રાના ઠાકુરપાડા વિસ્તારમાં રહેનારા ત્રણેય યુવકો સોમવારે ટૂ-વ્હીલર પર ટ્રિપલ સીટ નીકળ્યા હતા. તેઓ રોશની મહેલથી વાય જંકશન તરફ જઇ રહ્યા હતા ત્યારે પાછળથી આવી રહેલી બસે ઓવરટેક કરવાનો પ્રયાસ કર્યો હતો, જેમાં બસે ટૂ-વ્હીલરને ટક્કર મારતાં ત્રણેય યુવકો રસ્તા પર પટકાયા હતા અને તેમના પર બસ ફરી વળી હતી. ■

# હિન્દુ મરણ

સ્વ. રેખાબેન મહેન્દ્રભાઈ તન્ના તે મહેન્દ્રભાઈ જયંતીલાલ તન્નાના ધર્મપત્ની (ઉં.વ. ૬૮) તા. ૭-૪-૨૬, મંગળવારના અવસાન થયેલ છે. બેસણું તા. ૯-૪-૨૬, ગુરુવારના ૫ થી ૬. સ્થાન: ૪૦૪, કવીન્સ એપાર્ટમેન્ટ, શાંતિનગર-૦૧, નાગેશ્વર મેઈન રોડ, ઘંટેશ્વર જામનગર રોડ રાજકોટ.

**કોળી પટેલ**

ગામ ધમડાછા નિવાસી હાલ કાંદિવલી સ્વ. લલ્લુભાઈ કાલિદાસના પુત્ર મનોહરભાઈ (મીનુ) (ઉં. વ. ૭૬) મંગળવાર, તા. ૭-૪-૨૬ના રોજ અવસાન પામ્યા છે. તે પુષ્પાબેનના પતિ. જીતેન્દ્રના પિતા. શનકરીના સસરા. આયુષના દાદા. તે સ્વ. નટુભાઈ, પરસોત્તમભાઈ, દલસુખભાઈ, સ્વ. પ્રવિણભાઈ, સ્વ. મહિન્દ્રાભાઈ, પ્રકાશભાઈ, જયશ્રીબેન, હરેશભાઈના ભાઈ. તેમનું બેસણું ગુરુવાર, તા. ૯-૪-૨૬ના રોજ સમય ૪ થી ૬. ઠે. શ્રી વર્ધમાન સ્થાનકવાસી જૈન શ્રાવક સંઘ, કાંદિવલી (મોટો ઉપાશ્રય), એસ. વી. રોડ, સેન્ટ્રલ બેંકની બાજુમાં, કાંદિવલી (વે). તેમની પુચ્છપાણીની ક્રિયા શનિવાર, તા. ૧૮-૪-૨૬ના રોજ ૩ થી ૫. નિવાસસ્થાને સી-૨૦૩, પંચશીલ રેસિડેન્શી, સત્યા નગર, પ્લે ગ્રાઉન્ડની બાજુમાં, મહાવીર નગર, કાંદિવલી (વે).

**નવગામ કચ્છી ભાટિયા**

યામીની વેદ (ઉં.વ. ૭૮) ટંકારા હાલ મુંબઈ તા. ૭-૪-૨૬, મંગળવારના શ્રીજીચરણ પામ્યા છે. તે પ્રવિણચંદ્ર વેદના ધર્મપત્ની. વૃજબાળા (કબુબેન) છોટાલાલ મુલજી વેદના પુત્રવધૂ. ગુણવંતીબેન હરીદાસ વેદના સુપુત્રી. સ્વ. વૃજદાસ (વિજયભાઈ), લલીતાબેન, ચંદ્રાબેન, હંસાબેન નરેશ આશર, દ્વારકાદાસ (કનુભાઈ), સ્વ. ચંપાબેન, અ.સૌ. હિનાબેનના ભાભી. સ્વ. વલ્લભદાસભાઈ, સ્વ. સૂર્યકાંતભાઈના બેન. કીર્તિબેન, કિરણકુમાર, અલ્પાબેન, કોમલબેન, મિહિર, રીનાબેન, ડૉ. જતિનના કાકી-મામી. લૌકિક વ્યવહાર તથા પ્રાર્થનાસભા રાખેલ નથી.

**હોલાઈ લોહાણા**

મૂળગામ મોરઝર હાલ ભિવંડી સ્વ. પ્રાણજીવનદાસ રામદાસ ઠક્કર (મોરઝરિયા)નાં ધર્મપત્ની યશવંતીબેન (ઉં.વ. ૮૨) તા. ૭-૪-૨૬ના શ્રીજીચરણ પામેલ છે. તે ભરતભાઈ, શરદભાઈ, ઊષાબેનના માતુશ્રી. દક્ષાબેન, કિતીકુમાર કાનાણીનાં સાસુ. ગં.સ્વ. હિરાબેનના જેઠાણી. સ્વ. પુષ્પાબેન હરકિશનદાસ પંચમતીયા, સ્વ. વેલાબેન જયંતીલાલ ચોલેરા, સ્વ. નર્મદાબેન ગોરધનદાસ ભાયાણીનાં ભાભી. સ્વ. ધરમશી માવજી તન્નાનાં દીકરી. બન્ને પક્ષની પ્રાર્થનાસભા તા. ૯-૪-૨૬, ગુરુવારના ૪.૩૦થી ૬.૦૦. સ્થળ: રાધા ગોવિંદ હોલ, નિલકંઠેશ્વર મહાદેવ મંદિર, હફસન આળી, તીનબત્તી, ભિવંડી.

**કચ્છી લોહાણા**

સ્વ. બચુભાઈ મોરારજી દેવજી કોઠારી ગામ કચ્છ વમોટી મોટીનાં સુપુત્ર સ્વ. તુલસીદાસભાઈ ઉર્ફે લઘુભાઈ (ઉં.વ. ૮૪) તે સરસ્વતીબેનના પતિ. ટબાબેન શામજી સેજપાલ કચ્છ નલિયાવાળાનાં મોટા જમાઈ. આશાબેન હંસરાજ ખાંટ, હર્ષાબેન અરવિંદ જોબનપુત્રા, હરીશભાઈ, પંકજભાઈ, કમલેશભાઈનાં પિતાશ્રી. તે ભાવનાબેન, પ્રિતીબેન, ઉષ્માબેનના સસરાજી. તે ધારા, જય, દેવના દાદાજી. સ્વ. ભચીબેન વાઘજી અનમ, ગં. સ્વ. મધુબેન રવિલાલ દૈયાનાં ભાઈ તા. ૭-૪-૨૬ને મંગળવારના રોજ શ્રીરામશરણ પામેલ છે. તેમની બન્ને પક્ષની પ્રાર્થનાસભા તા. ૯-૪-૨૬ને ગુરુવારના સાંજે ૫થી ૭. ઠે.: શ્રી કચ્છી લોહાણા મહાજનવાડી, પવાણી હોલ, પહેલે માળે, આર. આર. ટી. રોડ, મુલુંડ (વેસ્ટ). લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે. બૈરાંઓએ તેજ દિવસે આવી જવું.

**મચ્છુ કઠીયા સઈ સુથાર**

સડપદર નિવાસી, હાલ મુંબઈ સ્વ. નગીનભાઈ જગજીવનદાસ પીઠડીયાના સુપુત્ર સ્વ. કૌશલ નગીનદાસ પીઠડીયા (ઉં.વ. ૪૭) તે વનિતાબેનના સુપુત્ર. વિભાબેનના પતિ. ભવ્યના પિતાશ્રી. અલ્પા યોગેશકુમાર મારુના ભાઈ. સ્વ. રસિકભાઈ, નરોત્તમભાઈ, સ્વ. અનીલભાઈ તથા વિજયભાઈ તથા સ્વ. કિરણબેન નગીનદાસ પીઠડીયાના ભાઈના પુત્ર. તે જયેશ, હીના આશિષકુમાર સોલંકી, શિલ્પા રાજનકુમાર પરમાર, કશ્યપ, આશિષ, ઉર્વશી, દૃષ્ટિ સુશાંતકુમાર રાજપુતના પિતરાઈ ભાઈ. ફોર્ટ નિવાસી સ્વ. તરુણાબેન તથા યોગેશભાઈ શાહના જમાઈ. સદ્‌ગતની પ્રાર્થનાસભા તા. ૯-૪-૨૬ ગુરુવાર ૪થી ૬. ઠે.: આઈએમસી ઈન્ડિયન મર્ચન્ટ ચેમ્બર, ચોથો માળ, ચર્ચગેટ સ્ટેશન સામે, ચર્ચગેટ, મુંબઈ-૪૦૦ ૦૨૦.

**કચ્છી લોહાણા**

સ્વ. શાંતાબેન ચેતનરામ પુજારાના સુપુત્ર વિનોદચંદ્ર ઠક્કર (પુજારા) હાલ મુલુંડ, સ્વ. રૂક્ષ્મણી ખીમજી કક્કડના જમાઈ. ભારતી ઠક્કરના પતિ તા. ૩-૪-૨૬ શુક્રવારના રોજ દેવલોક પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે. દેહદાન કરવામાં આવેલ છે.

**દશા સોરઠીયા વણિક**

ચિંચણ નિવાસી હાલ મુંબઈ, શાંતાબેન અને રમણીકલાલ વનમાળીદાસ શાહના પુત્ર અરવિંદભાઈ (ઉં.વ. ૮૫) તા. ૬-૪-૨૬ને સોમવારના રોજ શ્રીજીચરણ પામેલ છે. તે કુમુદબેનના પતિ. નેહા નિલેષ પારેખ તથા અમીત શાહના પિતા. જીજ્ઞાના સસરા. પ્રવિણભાઈ, રમેશભાઈ, કુંજબાલા જમનાદાસ આણંદપરા, હર્ષદભાઈ, પલ્લવી નવિનકાંત ચોવટીયા, ભરતભાઈના ભાઈ. જમનાદાસ નેમચંદ આણંદપરા (નાગપુર)ના જમાઈ. તેમની પ્રાર્થનાસભા તા. ૯-૪-૨૬ ગુરુવાર સાંજના

# જૈન મરણ

**ઘોઘારી દશા શ્રીમાળી દેરાવાસી જૈન**

પાલિતાણા નિવાસી હાલ ઘાટકોપર સ્વ. લીલાવતીબેન હિંમતલાલ જાદવજી કપાસીના સુપુત્ર હરેન્દ્રભાઈ (હરીશભાઈ) (ઉં.વ. ૭૭) તે કુંદનબેનના પતિ. પ્રશાંત અને વિક્રાંત (વિકી)ના પિતાશ્રી. સ્વ. જયશ્રીબેન અરુણભાઈ બગડીયા, ગીતાબેન હરેશભાઈ ગોયાણી અને હિતેનભાઈના મોટાભાઈ. સ્વ. વનરાવદાસ મણિલાલ શાહ (મિયાગામ, કરજણ)ના જમાઈ મંગળવાર, તા. ૭-૪-૨૬ના અરિહંતશરણ પામેલ છે. તેમની પ્રાર્થનાસભા શુક્રવાર, તા. ૧૦-૪-૨૬ના ૧૦થી ૧૨. સ્થળ: હિંગવાળા સ્થાનકવાસી જૈન ઉપાશ્રય હોલ, ઘાટકોપર (પૂર્વ).

**મચ્છુકાંઠા વિશાશ્રીમાળી જૈન**

ટીકર નિવાસી હાલ ઘાટકોપર, જસવંતરાય રેવાશંકર મહેતા (ઉં.વ. ૮૧) તે જ્યોત્સનાબેનના પતિ. સંજય-ફાલ્ગુની, દેવેશ-પ્રીતી અને હેતલ પૂરવ પટેલના પિતાશ્રી. તે સ્વ. ચંદુલાલ રેવાશંકર મહેતાના ભાઈ. તે સ્વ. વૃજલાલ રતનશી શેઠના જમાઈ. તે રાહીલ, પ્રથમ, રાશીના દાદા તા. ૭-૪-૨૬ મંગળવારના રોજ અરિહંતશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**મચ્છુકાંઠા વિશાશ્રીમાળી જૈન**

મોરબી નિવાસી હાલ સાયન, દિપકભાઈ (ઉં.વ. ૬૫) તા. ૭-૪-૨૬ના રોજ અરિહંતશરણ પામેલ છે. તે સ્વ. ઈન્દુબેન રમણીકલાલ પારેખના સુપુત્ર. તનુશ્રી મિહિર પારેખ, જીગરના પિતાશ્રી. સ્વ. ચંદ્રકાંતભાઈ કેશવલાલ પારેખના ભત્રીજા. હેમાબેન વિનોદભાઈ છેડા, વીણાબેન નવીનભાઈ છેડા, પુર્ણીમાબેન જયંતભાઈ શાહ, બિન્દુબેન હેતલભાઈ મહેતાના ભાઈ. સ્વ. નટવરલાલ સુખલાલ શાહના જમાઈ. બંસીબેન ધીરેનભાઈ વસા, રક્ષાબેન શૈલેષભાઈ પટેલ, હેમાબેન નરેનભાઈ શાહ, સ્વ. મિલનભાઈ તથા સમીરભાઈના બનેવી. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

રાયણના જશુબેન જયંત શાહ (ઉં.વ. ૬૭) તા. ૬-૪-૨૬ના અવસાન પામેલ છે. વિજયાબેન લક્ષ્મીચંદ ભગતના પુત્રવધૂ. જયંતના પત્ની. ચિરાગ, રૂષભના માતુશ્રી. રાયણના ભગવતીબેન લક્ષ્મીચંદ ગડાની સુપુત્રી. વિજય, દિપક, કેતન, ઉષાબેન કિશોર જગશીના બેન. પ્રા. લાયન્સ કમ્યુનિટી હોલ, ગારોડીયા નગર, ઘાટકોપર, સમય : ૪ થી ૫.૫૦.

બેરાજાના વલભજી ગોવર (ઉં.વ. ૮૬) તા. ૬-૪નાં સ્વર્ગવાસ થયેલ છે. સ્વ. હાંસબાઇ ગોવર જેઠા ખુથીયાના સુપુત્ર. સાકરબેનના પતિ. સ્વ. કેસરબેન હીરજી, સ્વ. પ્રેમજીભાઇ, સ્વ. નેણબાઇ લાલજી, સ્વ. પદમશી, સ્વ. કસ્તુરબેન કેશવજી, હરખચંદભાઇ, ગં.સ્વ. મંજુલા આણંદજીના ભાઇ. વડાલાના સ્વ. તેજબાઇ લાલજી આસારીયાના જમાઇ. પ્રાર્થના રાખેલ નથી. ઠે. હીતેશ ખુથીયા, એ-૭૦૧, નીલયોગ એપાર્ટમેન્ટ, એમ.જી. ક્રોસ રોડ નં. ૪, પટેલ નગર, કાંદીવલી (વેસ્ટ).

૪થી ૬. ઠે.: નવજીવન સોસાયટી હોલ, લેમિંગ્ટન રોડ, ગ્રાંટ રોડ, મુંબઈ.

**દશા નીમા વણિક**

બાલાસિનોરનાં વતની હાલ (મલાડ) સ્વ. સુભાષ નટવરલાલ દેસાઈ (ઉં.વ. ૭૩) તા. ૭-૪-૨૬ના રોજ શ્રીજીચરણ પામ્યા છે. પત્ની રીટાબેન સુભાષભાઈ દેસાઈ. અમ્રિતા, નમ્રીતા તથા નેવીલના પિતાશ્રી. ચાંદની શ્રેયસકુમાર તથા રાશીકુમારનાં સસરા. સ્વ. નટવરલાલ છોટાલાલ દેસાઈ તથા સ્વ. પુષ્પાબેનનાં સુપુત્ર. સ્વ. નટવરલાલ મોજીલાલ દેસાઈ તથા સ્વ. મધુબેનનાં જમાઈ. એમનું ઉઠમણું તા. ૯-૪-૨૬ ગુરુવારના રોજ ૫થી ૭, કોશિષ હોલ, દફતરી રોડ, મલાડ (ઈ). લૌકિક પ્રથા બંધ છે.

**લુહાર સુથાર**

મૂળગામ મોરચૂપણા નિવાસી હાલ દહિસર, ભીખાભાઇ છગનભાઇ પરમારના ધર્મપત્ની અ.સૌ. ચંદ્રિકાબેન (ઉં.વ. ૬૯) ૭/૪/૨૬ના રામશરણ પામેલ છે. તે હરેશ-પારૂલ, મનીષ-વિધિ તથા સોનલ ધર્મેશકુમાર મિસ્ત્રીના માતુશ્રી. ભાવેશ-હેતલ, સીમા વિજયભાઈ મકવાણાના ભાભુ. હંસાબેન જેન્તીભાઇ પરમારના જેઠાણી. મંગુબેન, સવિતાબેન, જયાબેન, પ્રભાબેન, ઉષાબેનના ભાભી. પિયરપક્ષે ગામ પીગળીવાળા કાંતિભાઈ, બાબુભાઇ, જગદીશભાઈ ચીમનભાઈ હરસોરા, હીરાબેન, વજુભાઈ, ધીરજભાઈ, ભુપતભાઇ મોહનભાઇ હરસોરાના બહેન. તેમની સાદડી ૯/૪/૨૬ના રોજ ૫ થી ૭. લુહાર સુતાર વેલ્ફેર સેન્ટર, કાર્ટર રોડ ૩, અંબામાતા મંદિર પાસે, બોરીવલી ઈસ્ટ.

**હાલાઈ લોહાણા**

જામ ખંભાળીયાના, હાલ કાંદિવલી, ગં.સ્વ. મધુકાંતાબેન મોટાણી (ઉં.વ. ૭૯) બુધવાર, તારીખ ૮ એપ્રિલના શ્રીજીચરણ પામ્યા છે. તે સ્વ. મંગલદાસભાઇના પત્ની. રાજેશ, જતીન અને ભાવના મહેશકુમાર કક્કડના માતા. સંધ્યાબેન, લક્ષ્મીબેનના સાસુ. સ્વ. રમાબેન પ્રવીણભાઈ અને સ્વ. હુકાભાઈના ભાભી. રાઘવજી મશરુના દિકરી. હરજીવનભાઈ, હેમરાજભાઈ, મોહનભાઈ અને પુષ્પાબેન ચિતલીયાના બેન. લૌકિક વ્યવહાર બંધ છે.

**દશા શ્રીમાળી વૈષ્ણવ વણિક**

મૂળ આતરસુંબા હાલ મુંબઈ, અનિલભાઈ દાણી (ઉં.વ. ૯૧) સ્વ. કોકિલાબેનના પતિ. સ્વ. જયંતીલાલના સુપુત્ર. હેમંત, લીના, રાખીના પિતાશ્રી. હીના, પંકજ, કિંજલના સસરા. જયશીલ, મિકિતા, હેયન, આયુષી, આકાશના દાદા/નાના. સ્વ. ઉર્મિલાબેન, ડૉ. ગિરીશભાઈ, કલ્પનાબેનના ભાઈ. તા. ૭/૪/૨૬ના શ્રીજીચરણ પામ્યા છે. લૌકિક વ્યવહાર બંધ છે.

## છેલ્લા પાનાનું ચાલુ

### ૨૦૮ અધિકારી

કરાયા નહોતા. મળતી માહિતી અનુસાર અધિકારીઓને સસ્પેન્ડ ન કરાયા હોય તેવા સૌથી વધુ કેસ થાણેના છે. થાણેના ૪૪ કેસમાં અધિકારીને સસ્પેન્ડ કરાયા નથી. ત્યાર બાદ મુંબઈના ૪૩, છત્રપતિ સંભાજી નગરના ૨૯, નાશિકના ૨૪, પુણેના ૨૩, અમરાવતી અને નાગપુરના ૧૭-૧૭ તેમ જ નાંદેડના ૧૧ કેસમાં અધિકારી પર જાણે રહેમ દાખવવામાં આવી હતી. આશ્ચર્યજનક બાબત એટલે આમાંથી અમુક કેસ તો ૨૦૧૪માં નોંધાયા હતા અને ત્યારથી સંબંધિત અધિકારીને સસ્પેન્ડ કરાયા નહોતા. એસીબી અનુસાર સસ્પેન્ડ ન કરાયા હોય તેવા ૪૯ અધિકારી એજ્યુકેશન/સ્પોર્ટ્સ ડિપાર્ટમેન્ટના છે અને ત્યાર બાદ મહાપાલિકા/અર્બન ડેવલપમેન્ટ ડિપાર્ટમેન્ટના ૩૪ અધિકારીનો સમાવેશ થાય છે.

દરમિયાન એસીબી દ્વારા ત્રણ કેસના આરોપી સરકારી અધિકારીઓની ૬.૬૩ કરોડ રૂપિયાની મિલકત જપ્ત કરવા સંબંધી પ્રસ્તાવ સરકારને મોકલાવ્યો છે. આ ત્રણ કેસમાં અર્બન ડેવલપમેન્ટ ડિપાર્ટમેન્ટ, વૉટર રિસોર્સ ડિપાર્ટમેન્ટ અને પબ્લિક વર્ક્સ ડિપાર્ટમેન્ટના અધિકારીનો સમાવેશ થાય છે. આ ત્રણમાંથી બે કેસ પુણે રૅન્જ અને એક છત્રપતિ સંભાજીનગર રૅન્જનો હોવાનું અધિકારીએ જણાવ્યું હતું. ■

### ડેડિકેટેડ ફ્રેઈટ

થઈ ગયું છે અને આ માર્ગ પર જેએનપીટીથી ન્યૂ સફાલે વિભાગમાં પ્રથમ ઇલેક્ટ્રિક એન્જિનનું પરીક્ષણ ૩૧ માર્ચના રોજ સફળતાપૂર્વક પાર પડ્યું. આ સાથે જ હવે ઉત્તર પ્રદેશના દાદરીથી મુંબઈના જેએનપીટી વચ્ચે અવિરત માલવાહક ટ્રેન ચલાવવાનો માર્ગ મોકળો થયો છે.જેએનપીટી સાથે વેસ્ટર્ન ડેડિકેટેડ ફ્રેઇટ લાઇનના જોડાણથી માલસામાનની મુસાફરીના સમયમાં ચાર કલાકની બચત થશે. ન્યૂ મકરપુરા અને જેએનપીટી વચ્ચે ઓછા માનવબળથી માલસામાનનું પરિવહન શક્ય બનશે. વેસ્ટર્ન ડેડિકેટેડ ફ્રેઇટ લાઇન સંપૂર્ણ રીતે કાર્યરત થઈ ગયા પછી, માલસામાન ટ્રેનોના સમય અને સમયસરતાની સમસ્યાઓ દૂર કરવામાં મદદ મળશે. હાલમાં વસઈ અને દહાણુ રોડ વચ્ચે લગભગ ૫૦ માલગાડીઓ દોડી રહી છે અને વેસ્ટર્ન ડેડિકેટેડ ફ્રેઇટ કોરિડોર કાર્યરત થયા પછી આ ક્ષેત્રના એક નિષ્ણાતે શક્યતા વ્યક્ત કરી છે કે આ માલગાડીઓના સમય દરમિયાન ૭૫થી ૮૦ ઉપનગરીય ટ્રેનો દોડી શકશે. ■

### કાર્તિક આર્યનની

જીવવાના અધિકારોનું ઉલ્લંઘન થઈ રહ્યું છે, તેવો દાવો કાર્તિકે કર્યો હતો. તેમજ પ્રતિવાદીઓને વ્યાવસાયિક હેતુઓ માટે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ અને ડીપફેકનો ઉપયોગ કરીને પોતાના ફોટા, વીડિયો, અવાજ અથવા અન્ય કોઈ પણ વ્યક્તિગત વિશેષતાઓનો ઉપયોગ કરતા રોકવા માટે કાયમી મનાઈ હુકમ આપવાની માગ કરી હતી. તેમ જ ઓનલાઈન પ્લેટફોર્મ્સ અને સંબંધિત અધિકારીઓને આવી સામગ્રી દૂર કરવા, તેમજ તેની પાછળ રહેલી વ્યક્તિઓની ઓળખ જાહેર કરવાની માગ પણ કાર્તિકે અરજી દ્વારા કરી હતી. ■

### રેલવેનો કમાણીનો

પર અંકુશ લાવવા તેમજ રેલવેની આવક વધારવા માટે મધ્ય રેલવેના કમર્શિયલ પબ્લિસિટી વિભાગે છ નવેમ્બર ૨૦૨૫ ના રોજ ભીવંડી કોનગાંવના એસ. એસ. એન્ટરપ્રાઇઝિસના પ્રમોટર કારેલ સલીમને ૨૨ ડિસેમ્બર ૨૦૨૫ થી ૨૧ ડિસેમ્બર ૨૦૨૮ સુધીના સમયગાળા માટે સીએસએમટીથી કલ્યાણ રેલવે લાઇન પર ખાદ્ય અને ઘરવપરાશની જીવનજરૂરી વસ્તુઓ વેચવા માટે ફેરિયાનો કોન્ટ્રેક્ટ આપ્યો છે. આ ફેરિયા લાઇસન્સ ફી દ્વારા રેલવેને દર વર્ષે ૪૪ લાખ એક હજાર રૂપિયા, આમ ત્રણ વર્ષની કુલ એક કરોડ ૩૨ લાખ ૩ હજાર રૂપિયા આવક થશે. કોન્ટ્રાક્ટરના ફેરિયાઓ ટી-શર્ટ અને ટોપી પહેરીને એક ચોક્કસ યુનિફોર્મમાં લોકલના તમામ ડબ્બાઓમાં સામાન વેચવાનો વ્યવસાય કરશે. આ કોન્ટ્રેક્ટ હેઠળ કોન્ટ્રાક્ટરના કુલ ૪૬ ફેરિયાઓ દરરોજ સીએસએમટી થી કલ્યાણ વચ્ચે વસ્તુઓ વેચશે. ■

### ...જ્યારે આર્ટેમિસ-૨

મુખ્ય કારણ એ છે કે તે ભાગનો ઊંડાણપૂર્વક અભ્યાસ કરી શકાય. ચંદ્રનો 'ફાર સાઈડ' અથવા પાછળનો ભાગ પૃથ્વી પરથી દેખાતો નથી. તેથી તે ભાગ પરના ખાડાઓ, પર્વતો અને ભૌગોલિક રચનાઓનો અભ્યાસ કરવા માટે આ મિશન મહત્વનું માનવામાં આવે છે. આ વિસ્તારમાં મોટી સંખ્યામાં ઉલ્કાના પ્રભાવના નિશાન અને અનન્ય માળખાં જોવા મળે છે.'બ્લેક મૂન' એટલે વાસ્તવમાં ચંદ્ર કાળો થઈ જાય છે એવું નથી. જ્યારે ચંદ્ર સૂર્ય અને પૃથ્વીની સરખામણીમાં એવી સ્થિતિમાં આવે છે કે તેના પર પ્રકાશ ઓછો પડે છે અથવા તે સંપૂર્ણપણે દેખાતો નથી, ત્યારે તેને 'બ્લેક મૂન' તરીકે ઓળખવામાં આવે છે. નાસા સ્પેસ એજ્યુકેટર લીના બોકિલના જણાવ્યા અનુસાર, આ મિશન ભવિષ્યના ચંદ્ર મિશન માટે ખૂબ જ મહત્વપૂર્ણ રહેશે. આ મિશનને ફરીથી ચંદ્ર પર માનવીઓને ઉતારવાની દૃષ્ટિએ એક મુખ્ય સીમાચિહ્નરૂપ માનવામાં આવે છે. આ મિશન ૧૧મી તારીખે પૂર્ણ થશે અને એવી અપેક્ષા છે કે અવકાશયાત્રીઓ સુરક્ષિત રીતે પૃથ્વી પર પાછા ફરશે. ■

### પ્રથમ દિવસે જ

જેમાં દેશભક્ત એનજી આચાર્ય ઉદ્યાન (ડાયમંડ ગાર્ડન), છત્રપતિ શિવાજી મહારાજ ચોક, દેવનાર, માનખુર્દ અને મહારાષ્ટ્ર નગર મંડાલેનો સમાવેશ થાય છે.

મુંબઈ મેટ્રોપોલિટન રિજન ડેવલપમેન્ટ ઓથોરિટી અનુસાર, લાઈન-૯ ને કારણે થાણે જિલ્લાના મીરા-ભાયંદર અને મુંબઈ વચ્ચેનો મુસાફરીનો સમય એકથી બે કલાકથી ઘટીને લગભગ ૩૦ મિનિટ થવાનો અંદાજ છે. ૬,૬૦૭ કરોડ રૂપિયાના ખર્ચે બનેલ,આ રૂટ દક્ષિણ મુંબઈને અન્ય લાઈન સાથે ઇન્ટરલિંક કરીને સરળ કનેક્ટિવિટી પ્રદાન કરશે. બે નવી લાઇનોના ઉમેરા સાથે, મુંબઈનું કાર્યરત મેટ્રો નેટવર્ક છ કોરિડોર સુધી વિસ્તર્યું છે, જેમાં લાઇન-૧ (ઘાટકોપર-અંધેરી-વર્સોવા), લાઇન ટૂ-એ (અંધેરી પશ્ચિમ-દહિસર પૂર્વ), લાઇન ૭ (દહિસર પૂર્વ-અંધેરી પૂર્વ) અને ભૂગર્ભ લાઇન-૩ (કોલાબા-બાંદ્રા કુર્લા કોમ્પ્લેક્સ-સીપ્ઝ)નો સમાવેશ થાય છે. એમએમઆરડીએ મુજબ લાઇન ટૂ-એ અને લાઇન-૭ માટે સુધારેલ સમયપત્રક બુધવારથી અમલમાં આવ્યું છે, જેનો ઉદ્દેશ્ય ફ્રીક્વન્સી સુધારવાનો છે. લાઇન-૯ ના ઉદ્‌ઘાટન સાથે મેટ્રો લાઇન ટૂ-એ હવે અંધેરી પશ્ચિમ અને દહિસર પૂર્વ વચ્ચે એક સ્વતંત્ર કોરિડોર તરીકે કાર્ય કરશે, જેમાં સવારે ૫.૫૦ થી રાત્રે ૧૧ વાગ્યા સુધી દર છ મિનિટે ટ્રેનો દોડશે. ૧૯.૭૯ કિમી લાંબા ઇન્ટિગ્રેટેડ લાઇન ૭-૯ કોરિડોર (ગુંદાવલીથી કાશીગાંવ) સવારે ૫.૫૦ થી રાત્રે ૧૧ વાગ્યા સુધી કાર્યરત રહેશે, જેની પીક ફ્રીક્વન્સી છ મિનિટથી ઓછી હશે અને અઠવાડિયાના દિવસોમાં ૨૭૬ સેવાઓ ઉપલબ્ધ રહેશે. મેટ્રો લાઇન ટૂ-બી (ફેઝ ૧) સેવાઓ સવારે છ વાગ્યે શરૂ થશે અને લગભગ સાડા નવ મિનિટના અંતરાલ સાથે રાત્રે ૧૦.૩૦ વાગ્યા સુધી ચાલશે, જેમાં દરરોજ ૨૦૯ સેવાઓનું સંચાલન થશે. ■

### અજિત પવારના

પવાર સહિત છ જણે જીવ ગુમાવ્યા હતા. બારામતી જવા મુંબઈથી ઊડેલું વિમાન બારામતીની ઍરસ્ટ્રિપ પર લૅન્ડિંગ દરમિયાન તૂટી પડ્યું હતું. આ ખાનગી ઍરક્રાફ્ટ તૂટી પડ્યા પછી ઘટના સંબંધી અનેક વીડિયો સોશ્યલ મીડિયા પર વાયરલ થયા હતા. આરોપી સંબંધી એક વીડિયોમાં દેવેન્દ્ર ફડણવીસને ટાર્ગેટ કરતી વાંધાજનક ટિપ્પણી હતી. આ વીડિયો ઝડપથી વાયરલ થયો હતો અને થોડા દિવસમાં જ ૧.૫ લાખ ફોલોઅર્સ સુધી પહોંચ્યો હતો. આ વીડિયોને ગંભીરતાથી લઈ સાયબર પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી. સંબંધિત વીડિયો સોશ્યલ મીડિયા પરથી દૂર કરાયો હતો. તપાસ દરમિયાન એ વીડિયો જાલનાથી પોસ્ટ કરાયો હોવાનું સામે આવ્યું હતું. ટેક્નિકલ પુરાવાને આધારે સાયબર પોલીસ ઉદ્ધવ કાપસે સુધી પહોંચી હતી. કાપસેને જાલનાથી તાબામાં લેવાયો હતો. ૧૦મું ભણેલો કાપસે પરિવાર સાથે બુટ્ટેગાંવમાં રહેતો હતો. તેની બન્ને બહેનનાં લગ્ન થઈ ગયાં છે. ■

### સુરક્ષાનાં કારણોસર

હતું. લગ્ન બાદ બે સંતાનની માતા એવી મહિલા ઘરેલું વિવાદને કારણે પતિથી અલગ રહેવા લાગી હતી. લગ્નજીવન અને ભવિષ્યની ચર્ચા માટે મહિલા ફરી ખરાતના સંપર્કમાં આવી હતી. આ તકનો લાભ ઉઠાવી ખરાતે મહિલાનું જાતીય શોષણ કરવાનું શરૂ કર્યું હતું. ખરાત મહિલાને પોતાની ઑફિસમાં બોલાવી ધાર્મિક વિધિને બહાને તેની સાથે દુષ્કર્મ કરતો હતો. મહિલા ગર્ભવતી હોવાની જાણ થતાં ગોળીઓ આપીને તેને ગર્ભપાતની ફરજ પડાઈ હતી, એવું ફરિયાદમાં જણાવાયું હતું. ખરાત ૨૦૨૦થી મહિલાનું જાતીય શોષણ કરતો હતો અને વિરોધ કરશે તો મહિલા અને તેનાં સંતાનોને ખતમ કરાવી દેવાની ધમકી આપતો હતો. ખરાત વિરુદ્ધ પહેલો ગુનો નોંધાતાં જ હિંમત ભેગી કરીને મહિલાએ ૨૧ માર્ચે પોલીસ ફરિયાદ કરી હતી. (પીટીઆઈ) ■

### બારામતી પેટાચૂંટણી

સામે આવી રહી છે કે સુનેત્રા પવારના મુદ્દે કોંગ્રેસમાં મોટો વિવાદ ઊભો થયો છે. કોંગ્રેસનો એક જૂથ બારામતીમાં ચૂંટણી લડવા પર મક્કમ છે, જ્યારે બીજો જૂથ એવું માને છે કે બારામતીમાં ચૂંટણી લડવી જોઈએ નહીં. કોંગ્રેસના કેટલાક નેતાઓએ એવી ભૂમિકા લીધી છે કે જો કોંગ્રેસ પોતાનો ઉમેદવાર રાખશે, તો તેઓ પ્રચાર કરવા જશે નહીં. આના કારણે કોંગ્રેસમાં જ બે ભાગ પડી ગયા હોવાની ચર્ચા શરૂ થઈ છે.

તેથી હવે બારામતીમાં કોંગ્રેસ પીછેહઠ કરશે કે અહીં ચૂંટણી યોજાશે? તેના પર સૌની નજર ટકેલી છે. ■

### સુનેત્રા પવાર

બનાવી રહી છે. આ બેઠક જીતવા માટે ભાજપ અને એનસીપી મળીને કયા નવા સમીકરણો રચશે તેના પર બધાની નજર છે. સૂત્રોના જણાવ્યા અનુસાર આ બેઠકમાં દેવેન્દ્ર ફડણવીસે સુનેત્રા પવાર અને પાર્થ પવારને બારામતી પેટાચૂંટણીમાં ભાજપ મોટા ભાઈ તરીકે તેમની પાછળ ઉભો રહેશે, તેવું વચન આપ્યું છે. એવું પણ કહેવામાં આવ્યું છે કે સુનેત્રા પવારને ચૂંટવામાં ભાજપ જરૂરી મદદ કરશે. દરમિયાન રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી (એનસીપી) શરદ પવારે હજુ સુધી પોતાના ઉમેદવારનું નામ જાહેર કર્યું નથી. બારામતી વિધાનસભા મતવિસ્તારની પેટાચૂંટણી માટે રાજકીય વાતાવરણ હાલમાં ભારે ગરમાયું છે. બારામતી વિધાનસભા પેટાચૂંટણી માટે મતદાન ૨૩ એપ્રિલ, ૨૦૨૬ ના રોજ યોજાશે. ■

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-30 સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) કયાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
|---|---|---|

## ક્લાસિફાઈડ

### ૧૪. નોકરી ખાલી છે

**GOVT. REGISTERED COMPany requires Retired, Housewives, Bankers, Salary + Benefits: 9082294408. (B-17380)**

### ૧૭. જગ્યા આપવી છે

**ખાર (વેસ્ટ)**
ફક્ત ગુજરાતી માટે ૩ બેડરૂમ ૧૧૫૦' તથા ૬ બેડરૂમની જોડી ૨૩૦૦' કારપેટ એરિયા, ૬ બાથરૂમ, ૨ કીચન, સ્પેશીયસ હોલ, સેપરેટ સર્વન્ટ ટોઇલેટ, ૪ પાર્કિંગ, એરકંડીશન્ડ લોબી, જીમ, સેપરેટ સોસાયટી ઓફિસ, તદ્દન નવું બિલ્ડિંગ, વેચાણથી. ઓનરઃ- 9820156133. (બી-૧૭૩૨૦)

**શાંતાક્રુઝ (વેસ્ટ)**
ઈસ્ટ એવન્યુ - ૪ બેડરૂમ એરિયા આશરે ૧૮૦૦' કારપેટ, ૪ બાથરૂમ, ૩ લિફ્ટ, ૩ પાર્કિંગ, સ્વતંત્ર સર્વન્ટ ટોઇલેટ, વેસ્ટ ઓપન, રોડ ફેસીંગ, એરકંડીશન્ડ લોબી, જીમ, ટેરેસ, નવું બિલ્ડિંગ, વેચવાનો ફોનઃ- 9820156133. (બી-૧૭૩૧૯)

**JUHU - 4 BED**
**નવા બિલ્ડિંગમાં હાયર ફ્લોર, જીમ એમેનીટીઝ (10 Cr) અનિલભાઈ - 9004900290. (૯૭૦-એ)**

### ૨૦. ધંધાદારી જગ્યા

**વિલેપાર્લે વેસ્ટ**
**લીવ લાઈસન્સથી ઓફિસો 1136' ફર્નિશ્ડ ઓફિસ ડી જે રોડ અને 1008' સ્ટેશન સામે આપવી છે. એજન્ટઃ અશ્વિન મરચન્ટ - 9819874515. (૯૪૯-સી)**

### ૨૩. મનોરંજન

**બજેટથી પ્રાર્થનાસભા**
**લગ્નગીત, સંગીતસંધ્યા, સાંજી, ભજન, ANNIVERSARY. ''મનસુખભાઈ'': 9326801860/ 8169552801 (૯૭૯/સી)**

### ૩૨. જમીન - મિલકત

**અમદાવાદનો દસકો છે**
**અમદાવાદમાં પ્રોપર્ટીમાં રોકાણ માટે સર્વશ્રેષ્ઠ સમય છે કેમકે,**
- કોમનવેલ્થ ના કારણે ઝડપથી ડેવલપમેન્ટ થઈ રહ્યું છે...
- ભારતનું રહેવા માટેનું સર્વશ્રેષ્ઠ શહેર છે
- ગુજરાતનું સૌથી વધુ વિકસિત અને સુવિધાજનક શહેર છે...
- ધોલેરા/ગિફ્ટ સિટી સાથે સીધું કનેક્ટેડ છે

અહીં રોકાણ કરવા અમારી સાથે કનેક્ટ થઈ શકો છો
(રવિ એસોસીએટ્સ)
લાયઝનિંગ એન્ડ એસેટ મેનેજમેન્ટ કંપની
**9428029859**
(બી-૧૭૩૫૩)

### ૩૫. જ્યોતિષ ભવિષ્ય

**સચોટ જ્યોતિષ**
**જન્મ તારીખ - સમય વોટ્સએપ કરો, લગ્નયોગ, ક્યારે ક્યાં વર્ષમાં તેનું માર્ગદર્શન, વાતો ન કરો રિઝલ્ટ માંગો - ફી - આપના આશીર્વાદ 7304586200. (૯૭૦-સી)**

**સમર્થ જ્યોતિષ**
**જન્મ તારીખ - સમય વોટ્સએપ કરો, કઠિનમાં કઠિન પ્રશ્નોનું માર્ગદર્શન, ઘોર અંધકારમાં આશાનું એક કિરણ, વાતો ન કરો. રિઝલ્ટ માંગો ફી - આપના આશીર્વાદ 9702993707. (૯૭૦-ડી)**

### ૪૪. પેસ્ટ કન્ટ્રોલ

■ ''એસ પેસ્ટ કંટ્રોલ'' - ઉધઈ, વાંદા, માંકડ (હર્બલ). 9773226675, 9326448699 (કાંદિવલી). (૯૫૯/બી)

**ACE પેસ્ટીસાઈડ**
(1993થી), ઉધઈ, વાંદા, માંકડ, કાંદિવલીઃ 9833523290, 9220789533, ચીરાબજારઃ 9029181030. (૯૫૯/ડી)

### ૫૨. કુરીઅર્સ

**ફોરેન**
પાર્સલ માટે એક માત્ર જુનું વિશ્વસનીય નામ રમેશભાઈ - 9702251440 / 9224320626. (બી-૧૬૮૩૫)



**મુંબઈ સમાચાર**
વાચકોને આથી ભલામણ કરવાની કે આ પ્રકાશનમાં પ્રસિદ્ધ થતી કોઈપણ જાહેરખબરના સંદર્ભમાં પૈસા મોકલતા અગાઉ કે તબીબી ભલામણના આધારે થતા ખર્ચ અથવા તો તેવા જ પ્રકારની કોઇપણ વચનપૂર્તિ કરતા અગાઉ અધિકૃત પૂછપરછ અને સલાહ લેવી. મુંબઈ સમાચાર જૂથ જાહેરાતની કોઈપણ સેવા કે ઉત્પાદનો અંગે કોઇ જ દાવાની ચકાસણી કરતું નથી. પ્રીન્ટર, પબ્લિશર, તંત્રી, મુંબઈ સમાચાર જૂથ પબ્લિકેશનનાં માલિકો તેનાથી ઉપસ્થિત થતાં કોઈપણ પરિણામ કે દાવા જો જાહેરાતકારો નકારે તો તેની જવાબદારી લેશે નહીં.
email id for advertisement: samacharadvt@gmail.com


# અમરેલી જિલ્લાના ખાંભા અને સાવરકુંડલા પંથકમાં ભૂકંપના સતત આંચકાથી ફફડાટ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ છેલ્લા ઘણા સમયથી ગુજરાતના વિવિધ ભાગોમાં ભૂકંપના આંચકા અનુભવાઈ રહ્યા છે. તેમાં પણ અમરેલી જિલ્લામાં તો અવારનવાર ધરતીકંપના આંચકાઓના કારણે લોકો ભયભીત બન્યા છે. અમરેલી જિલ્લાના ખાંભા અને સાવરકુંડલા પંથકમાં મંગળવાર રાત્રિથી બુધવાર સવાર સુધી ભૂકંપના સતત આંચકા અનુભવાતા સ્થાનિકોમાં ફફડાટ વ્યાપી ગયો હતો. ખાસ કરીને સાવરકુંડલાના મીતીયાળા પંથકમાં ધરા ધ્રૂજવાનો સિલસિલો યથાવત રહેતા લોકો ઘરની બહાર દોડી આવ્યા હતા. જોકે, હજુ સુધી આ આંચકાઓને કારણે જાનમાલની નુકસાની સર્જાઈ ન હતી. મળતી વિગતો મુજબ, મંગળવાર મોડી રાત્રિથી બુધવાર સવારના ૯ વાગ્યા સુધીમાં કુલ આઠ જેટલા ભૂકંપના આંચકા અનુભવાયા હતા. આ શ્રેણીબદ્ધ આંચકાઓને કારણે મીતીયાળા, ભાડ, નાનુંડી, ધજડી, સાકરપરા, વાંકિયા, ખાંભા અને ઈંગોરાળા સુધીના વિસ્તારોમાં ધરતી ધ્રૂજી ઊઠી હતી. ગાંધીનગરસ્થિત સિસ્મોલોજી વિભાગ દ્વારા પણ આંચકાની સત્તાવાર પૃષ્ટિ કરવામાં આવી હતી. ભૂકંપનું કેન્દ્રબિંદુ અમરેલીથી લગભગ ૪૩ કિલોમીટર દૂર વાંકિયા ગામ નજીક નોંધાયું હતું, જેની રિક્ટર સ્કેલ પર ૩.૩ તીવ્રતા નોંધાઈ હતી. ■

# મુંબઈથી સારવાર કરાવી આવતા ખંભાતના પરિવારના ચાર જણનાં એક્સિડન્ટમાં મોત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ આણંદ જિલ્લાના ખંભાત ખાતે કાદરપુરા મહોલ્લામાં રહેતા દાઉદી વ્હોરા પરિવાર મુંબઈની હોસ્પિટલમાં સારવાર કરાવીને પરત ફરતો હતો ત્યારે પલસાણા નજીક તેમને અકસ્માત નડ્યો હતો. આ અકસ્માતમાં એક જ પરિવારના ચાર સભ્યનાં મોત નિપજ્યાં હોવાની માહિતી મળી હતી.

સુરત જિલ્લાના પલસાણા તાલુકાના દસ્તાન ગામની સીમમાં ભારતમાલા એક્સપ્રેસ હાઈ વે પર એક આઈશર ટ્રકનું ટાયર ફાટ્યું હોવાથી તે ઊભો હતો ત્યાં પુરપાટ ઝડપે આવતી કાર ટ્રકને અથડાઈ હતી, જેમાં ચાર જણનાં મોત નિપજ્યાં હતાં. ટક્કર ખૂબ જ ભયાનક હતી અને કારનો પણ કચ્ચરઘાણ વળી ગયો હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. પોલીસે મૃતદેહોને પોસ્ટમોર્ટમ માટે હોસ્પિટલ ખસેડી અકસ્માતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. મળતી વિગતો અનુસાર પરિવારના સભ્યની મુંબઈ ખાતે સારવાર થઈ હતી અને પરત આવતા આ અકસ્માત સર્જાયો હતો. ■

# માવઠાની ઠંડક પછી આકરા તાપ માટે તૈયાર રહો, ગુજરાતમાં ગરમીનો પારો ઊંચો જશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં છેલ્લા અમુક દિવસોથી માવઠાનું જોર હતું. સૌરાષ્ટ્ર-કચ્છ સહિત ઉત્તર ગુજરાતમાં વરસાદે નુકસાની વેરી હતી, પરંતુ વાતાવરણમાં થોડી ઠંડક હોવાથી પરસેવે ન્હાતી પ્રજાને થોડી રાહત મળી હતી. જોકે હવે ફરી ગરમી માટે તૈયાર રહેવું પડે તેમ જણાઈ રહ્યું છે. હવામાન વિભાગે આપેલી માહિતી અનુસાર આવનારા બે દિવસોમાં વાતાવરણમા ગરમીનું પ્રમાણે બેથી ચાર ડિગ્રી વધવાની સંભાવના છે. આ સાથે ૧૧ એપ્રિલથી ૧૪ એપ્રિલ દરમિયાન ભારે ગરમી, ભેજ અને બફારો રહેવાની સંભાવના પણ વ્યક્ત કરવામાં આવી છે. સૌરાષ્ટ્ર અને કચ્છ સહિત દરિયાઈ વિસ્તારોમાં ગરમી વધુ અનુભવાય તેવી પણ શક્યતા છે. બુધવારની વાત કરીએ તો ગરમીનો અનુભવ ફરી મોટાભાગના શહેરીજનોને થયો હતો. અમદાવાદમાં મહત્તમ તાપમાન ૩૬.૫ ડિગ્રી, અમરેલીમાં અમદાવાદ કરતા વધારે ૩૬.૭ ડિગ્રી, રાજકોટમાં ૩૬.૫ ડિગ્રી, ભાવનગર અને ગાંધીનગરમાં ૩૫ ડિગ્રી અને રાજ્યનાં અલગ અલગ શહેરોમાં ૩૨થી ૩૪ ડિગ્રી જેટલું મહત્તમ તાપમાન રહ્યું હતું. ■

## પંચમહાલમાં ભારે પવન અને વરસાદને લીધે દીવાલ પડતા દાદી-પૌત્રનું મોત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં મંગળવારથી વરસાદી વાતાવરણ જામ્યું હતું. રાજ્યના લગભગ ૪૦ જેટલાં સ્થળ પર નોંધપાત્ર વરસાદ વરસ્યો હતો. દરમિયાન પંચમહાલથી દુઃખદ સમાચાર મળ્યા હતા. પંચમહાલ જિલ્લાના શહેરા તાલુકામાં ભારે વરસાદ અને જોરદાર પવનને કારણે વાવાઝોડા જેવું વાતાવરણ સર્જાયું હતું. આ વરસાદને લીધે છોગાળા ગામમાં બે મોત થયાના સમાચાર બહાર આવ્યા હતા. અહીંના કલારિયા ફળિયામાં કાચા મકાનમાં એક પરિવાર રહેતો હતો. ભારે પવન શરૂ થઈ જતા મકાનનાં પતરાં ઊડી ગયાં હતાં અને જોતજોતામાં દીવાલ પડી ગઈ હતી. આ સમયે ઘરે ૪૨ વર્ષીય દાદી અને તેનો ૭ વર્ષીય પૌત્ર ઘરમાં જ હતા. બન્ને દીવાલ નીચે દબાઈ ગયા હતા. આ ઘટના બાદ સ્થાનિકો દોડ્યા હતા. દાદી અને પૌત્રને બહાર કાઢવા સ્થાનિકોએ મહેનત કરવી પડી હતી. બાળકનું ઘટનાસ્થળે જ્યારે દાદીનું હોસ્પિટલ પહોંચતા પહેલા રસ્તામાં જ મૃત્યુ પામ્યા હોવાનું જાણવા મળ્યું હતું.

# પાણી નહીં તો વોટ નહીંઃ વાવ અને થરાદમાં ખેડૂતો, સ્થાનિકો આકરા પાણીએ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીની તૈયારીઓ રાજકીય પક્ષો કરી રહ્યા છે, તેમ મતદારો પણ કરી રહ્યા છે. સ્થાનિક ચૂંટણીઓમાં સ્થાનિક મુદ્દાઓ, સમસ્યાઓ મહત્ત્વની બની જતી હોય છે ત્યારે રાજ્યમાં ઠેર ઠેર મતદારો પણ લોકપ્રતિનિધિઓ સમક્ષ પોતાની રજૂઆતો કરી રહ્યા છે.

અહીંનાં સ્થાનિક સૂત્રોના જણાવ્યા અનુસાર બનાસકાંઠાના વાવ અને થરાદમાં સિંચાઈના પાણીના અભાવે ખેડૂતો પરેશાની અનુભવી રહ્યા છે. તેથી પાણીના પ્રશ્ન મામલે તેઓ લોકપ્રતિનિધિઓ સામે માગણીઓ કરી રહ્યા છે, આ સાથે અહીંના યુવાનેતાઓ અને સામાજિક સંગઠનોએ દારૂ કે રૂપિયાની લાલચ આપી મતદારોને ભોળવતા નેતાઓ સામે પણ લાલ આંખ કરતા જોવા મળ્યા હતા.

વાવના વાસરડા ગામે કેનાલનું કામ ન થતાં ખેડૂતોએ નારાજગી વ્યક્ત કરી હતી. દેવપુરાથી સુઈગામ વચ્ચેના લગભગ ૨૦ કરતાં વધારે ગામના ખેડૂતોએ ફરિયાદ કરતા જણાવ્યું હતું કે વર્ષ ૨૦૨૨માં કેનાલ મંજૂર થઈ હતી, પરંતુ ૨૦૨૬ સુધીમાં પણ કામ પૂરું થયું નથી. સિંચાઈ વ્યવસ્થાના અભાવે ખેતીમાં નુકસાન જતું હોવાનું ખેડૂતોએ મીડિયા સાથે વાતચીત કરતા જણાવ્યું હતું. ત્યારે સ્થાનિક સ્વરાજની ચૂંટણી ટાંકણે ખેડૂતોએ ચૂંટણીનો બહિષ્કાર કરવાની જાહેરાત કરી હતી. તો બીજી બાજુ અમુક સામાજિક સંગઠનોએ નેતાઓને ચેતવ્યા હતા કે તેમના વિસ્તારોમાં મતદારોને ખોટી લાલચો આપી ભોળવવાના પ્રયાસો કરવામાં આવે નહીં.

# આઈપીએસ મનોજ નિનામાનું રાજીનામું, ચૂંટણીમાં ઝંપલાવે તેવી અટકળો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ડીઆઈજી રેંક ધરાવતા આઈપીએસ અધિકારી મનોજ નિનામાએ નિવૃત્તિ પહેલા જ રાજનામું આપી દીધું હતું. સરકારે તેમનું રાજીનામું સ્વીકારી પણ લીધું છે. નિનામાની નિવૃત્તિની સત્તાવાર તારીખ ૩૧ મે હોવાનું જાણવા મળ્યું હતું. સ્થાનિક સ્વરાજની ચૂંટણી પહેલા આપવામાં આવેલા તેમના રાજીનામાએ તેમની રાજકારણમાં ઝંપલાવવાની અટકળો તેજ કરી દીધી છે. નિનામા અરવલ્લી જિલ્લાના વતની છે અને ૪૨ વર્ષ તેમણે સેવા આપી છે. રાજકારણમાં જોડાવા અંગે પૂછવામાં આવતા તેમણે જણાવ્યું હતું કે કોઈ રાજકીય પક્ષ તેમનો સંપર્ક સાધશે તો તેઓ વિચારશે જ્યારે નિવૃત્તિ લેવા માટે તેમણે પારિવારિક જવાબદારીઓનું કારણ સામે ધર્યું હતું. અહેવાલો અને અટકળો અનુસાર મનોજ નિનામા હાલ આઈજીપી તરીકે સ્ટેટ ટ્રાફિક બ્રાંચમાં તૈનાત હતા. તેઓ અરવલ્લી જિલ્લાની ભીલોડા જિલ્લા પંચાયતની ચૂંટણી લડી શકે છે. અહીંયા કૉંગ્રેસની સ્થિતિ ઘણી મજબૂત છે. આ સ્થિતિમાં મનોજ નિનામાની એન્ટ્રીને ભાજપનો માસ્ટરસ્ટ્રોક માનવામાં આવે છે. નિનામાના રાજીનામા બાદ ઉત્તર ગુજરાતની રાજનીતિ પણ ગરમાઈ છે.

આગામી દિવસોમાં પક્ષ દ્વારા ઉમેદવારોના નામની સત્તાવાર જાહેરાત કરવામાં આવશે, જેના પર હવે સૌની નજર ટકેલી છે.

# સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીને કારણે ગુજરાત યુનિવર્સિટીની પરીક્ષાઓ મોકૂફ

અમદાવાદઃ ગુજરાતમાં સ્વરાજ સંસ્થાઓની ચૂંટણીની જાહેરાત થઈ ચૂકી છે. ૨૬મી એપ્રિલ અને ૨૮મીએ પરિણામ જાહેર થવાનું છે. આ ચૂંટણીમાં સ્ટાફ અને અધિકારીઓને ફરજ બજાવવાની હોવાથી ગુજરાત યુનવિર્સિટીએ અમુક પરીક્ષાઓ મુલતવી રાખવાની જાહેરાત કરી હતી. યુનિવર્સિટીએ શરૂઆતમાં પાંચ તબક્કામાં અંડરગ્રેજ્યુએટ (યુજી) અને અનુસ્નાતક (પીજી) સેમેસ્ટર પરીક્ષાઓનું આયોજન કર્યું હતું. બાકીના ત્રણ તબક્કા હવે ફરીથી શેડ્યૂલ કરવામાં આવ્યા હોવાની માહિતી સૂત્રોએ આપી હતી. એમએ સેમેસ્ટર ૩, બીએ, બીકોમ, બીએસસી, બીબીએ, બીસીએ, અને બીઆરએસ સેમેસ્ટર ૪ અને ૬, સેમેસ્ટર ૨, ૪, ૬, ૮ અને ૧૦, એલએલબી સેમેસ્ટર ૨, અને બીએડ સેમેસ્ટર ૨ ના સંકલિત અભ્યાસક્રમોની પરીક્ષાઓ હવે ૧ મેથી શરૂ થશે. આ સાથે સેમિસ્ટર-ટુની પોસ્ટ ગ્રેજ્યુએટ લેવલની એક્ઝામ અને અન્ય ઘણી પરીક્ષાઓ ૧૨ મેના રોજ લેવાશે. એનઈપી હેઠળ વિવિધ યુજી, પીજી અને ડિપ્લોમા અભ્યાસક્રમોને આવરી લેતી પરીક્ષાઓનો અંતિમ તબક્કો ૨૧ મેથી શરૂ થશે. એકંદરે, પરીક્ષાનું સમયપત્રક લગભગ ૧૫ થી ૨૦ દિવસ પાછળ ધકેલી દેવામાં આવ્યું છે. ડિપ્લોમા ટુ ડિગ્રી કોમન એન્ટ્રન્સ ટેસ્ટના સમયપત્રકમાં સુધારો કરવામાં આવ્યો છે. આ પરીક્ષા હવે એક દિવસને બદલે બે તબક્કામાં લેવામાં આવશે. ડિપ્લોમા-ટુ-ડિગ્રી એન્જિનિયરિંગ અભ્યાસક્રમો માટેની પ્રવેશ પરીક્ષા ૫ મેના રોજ યોજાશે, જ્યારે ડીટુડી ફાર્મસી પરીક્ષા ૯ મેના રોજ યોજાશે. ■

# સુરેન્દ્રનગરમાં નાયબ મામલતદાર અને પટ્ટાવાળાને એસીબીએ પકડ્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ભ્રષ્ટાચાર વિરોધી બ્યુરો (એસીબી) એ લખતરમાં મામલતદાર કચેરીમાં છટકું ગોઠવી બે આરોપીઓને રૂ. ૨૦,૦૦૦ ની લાંચ લેતા રંગે હાથે લીધા હતા. લખતરમાં મામલતદાર કચેરીના આઉટસોર્સ્ડ પટાવાળા કનકસિંહ વધુભા ઝાલા અને નાયબ મામલતદાર (મહેસૂલ વિભાગ, વર્ગ-૩) જયદીપસિંહ હનુભા પરમારને લાંચ મામલે પકડવામાં આવ્યા હતા. એસીબીનાં સૂત્રોના જણાવ્યા અનુસાર, લખતર તાલુકાના વડલા ગામમાં ખેતીની જમીન સંબંધિત મહેસૂલ રેકોર્ડ પ્રમાણિત કરવા માટે આરોપીએ કથિત રીતે લાંચ માગી હતી, જેના કારણે ફરિયાદીએ એજન્સીનો સંપર્ક કર્યો હતો. શરૂઆતમાં, રૂ. ૫૦,૦૦૦ની માગ કરવામાં આવી હતી, જે બાદમાં ઘટાડીને રૂ. ૩૦,૦૦૦ કરવામાં આવી હતી. લાંચ આપવાની તૈયારી ન હોવાથી, ફરિયાદીએ સુરેન્દ્રનગર એસીબીનો સંપર્ક કર્યો હતો અને ઔપચારિક ફરિયાદ નોંધાવી. તેના આધારે, ૭ એપ્રિલે છટકું ગોઠવવામાં આવ્યું હતું. કાર્યવાહી દરમિયાન, આરોપીએ ફરિયાદી પાસેથી રૂ. ૨૦,૦૦૦ ની માગણી કરી હતી. આરોપી કનકસિંહ ઝાલાએ લાંચની રકમ સ્વીકારી, જેના પગલે એસીબીના અધિકારીઓએ બંને આરોપીઓને સ્થળ પર જ પકડી લીધા હતા. ■

## દેશ-વિદેશ

# અમેરિકામાં અદાણીને ફ્રૉડ કેસ કાઢી નાખવા 'પ્રી-મૉશન કૉન્ફરન્સ' માટે મંજૂરી

ન્યૂ યોર્કઃ અમેરિકાના એક ન્યાયાધીશે ભારતના અબજોપતિ ઉદ્યોગપતિ ગૌતમ અદાણી દ્વારા યુએસ સિક્યોરિટીઝ ઍન્ડ એક્સચેન્જ કમિશનના ફ્રૉડ (છેતરપિંડીના) કેસને કાઢી નાખવા કરાયેલી અરજી સ્વીકારી હતી અને તેના માટે 'પ્રી-મૉશન કૉન્ફરન્સ' યોજવાનો સમય નક્કી કરવાનો આદેશ આપ્યો હતો.

અદાણી દ્વારા દાવો કરાયો હતો કે આ ફ્રૉડ કેસ અનેક કારણસર વાદીના અધિકારક્ષેત્રની બહાર છે.

અદાણી અને તેમના ભત્રીજા સાગરના વકીલોએ આ કેસ કાઢી નાખવા કરેલી અરજીના સંદર્ભે ન્યૂ યોર્કની ઇસ્ટર્ન ડિસ્ટ્રિક્ટ કૉર્ટે જણાવ્યું હતું કે આ અદાલતને પ્રતિવાદી દ્વારા પોતાની સામેની ફરિયાદ કાઢી નાખવા 'પ્રી-મૉશન કૉન્ફરન્સ' યોજવાનો પત્ર મળ્યો છે. આ અદાલત સંબંધિત અરજીને મંજૂર કરે છે અને 'પ્રી-મૉશન કૉન્ફરન્સ' યોજવાનો સમય નક્કી કરવા પક્ષકારોને આદેશ આપે છે. અદાણીના વકીલોએ આ ફાઇલિંગમાં દાવો કર્યો હતો કે અમારા અસીલ સામેના લાંચ આપવાના આરોપના ટેકામાં વાદી પાસે કોઇ વિશ્વસનીય પુરાવા જ નથી.

તેઓએ જણાવ્યું હતું કે અમારા આ બે અસીલ સામે કાર્યવાહી કરવાની સત્તા યુએસ સિક્યોરિટીઝ ઍન્ડ એક્સચેન્જ કમિશનના કાર્યક્ષેત્રમાં જ નથી આવતી. અમેરિકાના કાયદા મંત્રાલય (ડિપાર્ટમેન્ટ ઑફ જસ્ટિસ)ની ફોજદારી ફરિયાદને પગલે યુએસ સિક્યોરિટીઝ ઍન્ડ એક્સચેન્જ કમિશને ૨૦૨૪ના નવેમ્બરમાં આ ફ્રૉડ કેસ કર્યો હતો, જેમાં આક્ષેપ કરાયો હતો કે અદાણીઓએ સૌરઊર્જાનો કૉન્ટ્રેક્ટ મેળવવા ભારતીય અધિકારીઓને પચીસ કરોડ ડૉલરથી વધુની લાંચ ઑફર કરી હતી અને આ સ્કીમ માટે ભંડોળ ભેગું કરતી વખતે આ બાબત અમેરિકાના રોકાણકારો અને બૅન્કોથી છુપાવી હતી.

અદાણી ગ્રૂપ આ બધા આક્ષેપને નકારી રહ્યું છે અને દાવો કરે છે કે અમારી કોઇ કંપની કે અધિકારી પર યુએસ ફૉરેન કરપ્ટ પ્રેક્ટિસીસ ઍક્ટ હેઠળ આરોપ નથી મુકાયા અને સંબંધિત સ્કીમ માટે ભંડોળ ઊભું કરનારી અક્ષયઊર્જા ક્ષેત્રની કંપની - અદાણી ગ્રીન ઍનર્જી આ કાયદેસર કાર્યવાહીની એક પક્ષકાર પણ નથી.

ગૌતમ અદાણી 'અદાણી ગ્રૂપ'ના ચૅરમેન છે, જ્યારે સાગર અદાણી 'અદાણી ગ્રીન ઍનર્જી'ના ઍક્ઝિક્યૂટિવ ડિરેક્ટર છે. (એજન્સી) ■

# ઘાયલ મોજતબાએ પડદા પાછળથી કઇ રીતે ખેલ્યો યુદ્ધવિરામનો ખેલ?

તહેરાનઃ ઇરાન અને અમેરિકા વચ્ચે બે સપ્તાહ માટે યુદ્ધવિરામની જાહેરાત કરવામાં આવી છે. અમેરિકા ઇરાન પર એવો હુમલો કરવા માટે તૈયાર હતું જે અગાઉ ક્યારેય થયો નહોતો. તો ખાડી દેશોમાં પણ ઇરાનના જવાબી હુમલાની આશંકાના કારણે ડરનો માહોલ હતો. અમેરિકા લાંબા સમય સુધી યુદ્ધ માટે તૈયાર છે.

મંગળવારે સાંજે ટ્રમ્પની ડેડલાઈન પહેલા બંન્ને પક્ષો વચ્ચે કોઈ ડીલ ન થઈ હોવાની આશંકાઓ વચ્ચે બે અઠવાડિયાના યુદ્ધવિરામની જાહેરાત કરવામાં આવી હતી. જોકે પડદા પાછળ પાકિસ્તાન સહિતના મધ્યસ્થીઓ દ્વારા બંને પક્ષો વચ્ચે ડ્રાફ્ટ શેર કરવામાં આવ્યા હતા. તે સિવાય ચીન તરફથી દબાણ અને ઈરાનના નવા સર્વોચ્ચ નેતા મોજતબા ખોમનેઈ તરફથી સ્પષ્ટ સૂચનાઓ મળી રહી હતી. મીડિયા રિપોર્ટ અનુસાર, શરૂઆતમાં અમેરિકાના રાજદૂત સ્ટીવ વિટકોફે ઇરાનના પ્રસ્તાવને 'વિનાશકારી' ગણાવીને ફગાવી દીધો હતો પરંતુ પાકિસ્તાન, તૂર્કી અને ઇજિપ્ત સહિતના મધ્યસ્થીઓએ અનેક કરારો પર કામ કરવા માટે બંન્ને પક્ષો વચ્ચેનું અંતર ઘટાડવાના પ્રયાસો કર્યા હતા. યુદ્ધવિરામ સાથે ઇરાન પર એ શરત લાગુ થાય છે કે તે તાત્કાલિક હોર્મુઝ સ્ટ્રેટ ખોલી દે અને અમેરિકા, ઇઝરાયલ અને મધ્ય પૂર્વના દેશો પરના તમામ હુમલાઓ બંધ કરી દે. દરમિયાન, ટ્રમ્પે કહ્યું કે તેઓ ઈરાન અને ઇઝરાયલ પર હુમલાઓ વધારવાની તેમની ધમકીઓ પરત લઈ રહ્યા છે. ઇરાન સાથેના યુદ્ધવિરામમાં લેબનોનમાં હિઝબુલ્લાહ સાથેના યુદ્ધનો સમાવેશ થતો નથી. ■

# પાકિસ્તાન પર ભરોસો નથી, રશિયા-ચીન યુદ્ધવિરામની ગૅરન્ટી આપેઃ ઈરાનની માગણી

તહેરાનઃ ઈઝરાયલ-અમેરિકા-ઈરાન વચ્ચે ૪૦ દિવસથી ચાલી રહેલા યુદ્ધમાં બે અઠવાડિયાના યુદ્ધવિરામ માટે સહમતી સધાઈ છે, પરંતુ ઈરાનને અમેરિકા પર ભરોસો નથી અને તેનું કહેવું છે કે અમેરિકા ગમે ત્યારે યુદ્ધવિરામ તોડી શકે છે.

પાકિસ્તાને કરાવેલા યુદ્ધવિરામ પર અમને ભરોસો નથી એમ જણાવી ઈરાને કહ્યું હતું કે યુદ્ધવિરામ બાબતે રશિયા-ચીન બાંયધરી આપે.

ઈઝરાયલ-અમેરિકા-ઈરાન વચ્ચે ૪૦ દિવસથી યુદ્ધ ચાલી રહ્યું હોવા વચ્ચે બુધવારે બે અઠવાડિયાના યુદ્ધવિરામ માટે સહમતી સધાઈ હતી. આ સમયગાળા દરમિયાન બંને દેશ એકમેક પર હુમલો નહીં કરે, પરંતુ યુદ્ધવિરામને મામલે અમેરિકા પર અમને ભરોસો નથી એમ જણાવતાં ઈરાનના રાજદૂત અબ્દુલરેજા રહમાની ફજલીએ કહ્યું હતું કે અમને આશા છે કે શાંતિ સુરક્ષા ગેરેન્ટરોમાં ચીન એક ગેરેન્ટર બની શકે છે.

તેમણે ચેતવણી આપતાં કહ્યું હતું કે અમેરિકા એકવાર પણ ભરોસો તોડશે તો ઈરાન એનો જડબાતોડ જવાબ આપશે. રશિયા અને ચીનને તેમણે સાચા મિત્ર લેખાવ્યા હતા. ■

# અમારો હાથ હજીય ટ્રિગર પરઃ ઈરાન

તહેરાનઃ અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે ઇરાન પર બે અઠવાડિયા માટે હુમલા રોકવાની જાહેરાત કરી છે. ઇરાને મૂકેલી ૧૦ માગણી અમેરિકાએ સ્વીકાર્યા બાદ યુદ્ધવિરામની જાહેરાત કરવામાં આવી. એવામાં ઇરાનના સર્વોચ્ચ નેતા મોજતબા ખામનેઈએ ઇરાનના સશસ્ત્ર દળોને હુમલા બંધ કરવાના આદેશ આપ્યો છે, સાથે તેમણે એમ પણ સ્પષ્ટ કર્યું છે કે હજુ યુદ્ધનો અંત આવ્યો નથી. ઇસ્લામિક રિપબ્લિક ઓફ ઇરાન બ્રોડકાસ્ટિંગ પર આપેલા એક નિવેદનમાં ખામનેઈએ કહ્યું હતું કે, હજુ યુદ્ધનો અંત નથી આવ્યો, પરંતુ તમામ લશ્કરી શાખાઓએ સર્વોચ્ચ નેતાના આદેશનું પાલન કરવું જોઈએ અને ગોળીબાર બંધ કરવો જોઈએ. ઇરાને સ્પષ્ટ કર્યું છે કે યુદ્ધવિરામનો અર્થ એ નથી કે યુદ્ધનો અંત આવી ગયો, જો અમેરિકા કે ઈઝરાયલ કોઈપણ પ્રકારની કાર્યવાહી કરશે, તો ઇરાનનાં હાથ ટ્રિગર પર જ રહેશે, એટલે કે ઇરાન હુમલા માટે તૈયાર રહેશે. સંપૂર્ણ તાકાતથી જવાબ આપવામાં આવશે. યુદ્ધવિરામની જાહેરાત થયા બાદ ઇરાનની સુપ્રીમ નેશનલ સિક્યુરિટી કાઉન્સિલે એક નિવેદનમાં કહ્યું હતું કે, એ સ્પષ્ટ કરવા ઇચ્છીએ છીએ કે આ યુદ્ધના અંત નથી... અમારો હાથ ટ્રિગર પર રહેશે, અને જો દુશ્મન દ્વારા સહેજ પણ ભૂલ કરવામાં આવશે, તો તેઓ સંપૂર્ણ તાકાતથી જવાબ આપવામાં આવશે. ઇરાનની સુપ્રીમ નેશનલ સિક્યુરિટી કાઉન્સિલે ઈરાનના લોકોને સંબોધીને કહ્યું, અમે મહાન રાષ્ટ્ર ઇરાનને ખુશખબર આપવા ઇચ્છીએ છીએ કે યુદ્ધના લગભગ તમામ ઉદ્દેશ્યો પ્રાપ્ત થઈ ગયા છે, અને તમારા બહાદુર બાળકોએ દુશ્મનોને લાચારી અને કાયમી હાર તરફ ધકેલી દીધા છે. ■


PUBLIC NOTICE પબ્લિક નોટીસ

**પશ્ચિમ રેલવે ભાવનગર ડિવિઝન**

**સિગ્નલિંગ ગિયર્સ / સામગ્રીનો પુરવઠો, સ્થાપન, પરીક્ષણ અને કમિશનિંગ**

**W.118/NIT/E-Tender/2026-27/2/WA; તારીખ: 06/04/2026;** ઇ-ટેન્ડર આમંત્રણ સૂચના, ડિવિઝનલ રેલવે, મેનેજર (એસ એન્ડ ટી), પશ્ચિમ રેલવે, ભાવનગર નીચેના કામો માટે ભારતના રાષ્ટ્રપતિ વતી ઇ-ટેન્ડર આમંત્રણ આપે છે.; **ટેન્ડર નંબર: DRM-SnT-BVP-Sig02of26-27:** ભાવનગર મંડળ: 10000 થી વધુ એટીવીયુ (47 નંબર) ધરાવતા એલસી ગેટ્સના ઇન્ટરલોકિંગ ના મંજૂર કાર્ય સામે 21 નંબરના એલસી ગેટ્સના ઇન્ટરલોકિંગના સંદર્ભમાં સિગ્નલિંગ ગિયર્સ / સામગ્રીનો પુરવઠો, સ્થાપન, પરીક્ષણ અને કમિશનિંગ; **(અંદાજિત ખર્ચ: ₹ 94469541.42/-) (રૂ. નવ કરોડ ચુંમાલીસ લાખ અગણો સિત્તેર હજાર પાંચસો એકતાલીસ અને પૈસા બેતાલીસ માત્ર);** બોલી લગાવનારાઓએ ફક્ત **www.ireps.gov.in** લિંક દ્વારા ઓનલાઈન અરજી કરવાની રહેશે. વધુ વિગતો માટે કૃપા કરીને વેબસાઇટ **www.ireps.gov.in** ની મુલાકાત લો. **ઓનલાઈન અરજી કરવાની છેલ્લી તારીખ 28/04/2026 બપોરે 15:00 કલાક સુધી.** BVP 324

અમને લાઈક કરો: facebook.com/WesternRly



**BRIHANMUMBAI MAHANAGARPALIKA**

**વિભાગઃ ચીફ એન્જિનિયર (મિકેનિકલ & ઈલેક્ટ્રિકલ)**
**નં. E.E. મિકે./૧૬૫ / સાઉથ તા. ૦૮.૦૪.૨૦૨૬**
**ઈ-ટેન્ડર નોટીસ**

બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશનના કમિશનર લાયક બિડરો પાસેથી નીચેના કામો માટે ઓનલાઈન ટેન્ડરો મંગાવે છે. બીડ પ્રારંભ તારીખ અને સમય અને બીડ અંતિમ તારીખ અને સમય ટેન્ડર સેક્શન અને મહાટેન્ડર પોર્ટલ હેઠળ B.M.C.ની વેબસાઈટ પર વિગતવાર ટેન્ડર નોટીસમાં ઉલ્લેખેલ છે.

| ક્ર. નં. | બીડ નંબર | કામનું નામ |
|---|---|---|
| ૧ | ૨૦૨૬_MCGM_ ૧૨૯૩૩૨૦_૧ | બે વર્ષ એટલે કે ૨૦૨૬-૨૦૨૮ માટે શિવાજી પાર્ક હિન્દુ સ્મશાનભૂમિ ખાતે શેડ નં. ૨ & ૩માં એર પોલ્યૂશન કન્ટ્રોલ સિસ્ટમનું વ્યાપક ઓપરેશન અને જાળવણી કોન્ટ્રાક્ટનું કામ. |

ઈચ્છુક ટેન્ડરોએ ટેન્ડરની વધુ વિગતો માટે http://portal.mcgm.gov.in ખાતે BMC વેબસાઈટ અને http://mahatenders.gov.in ખાતે મહાટેન્ડર પોર્ટલ વેબસાઈટની મુલાકાત લો.

સહી/-
E.E. મિકે. (સાઉથ)

PRO/50/ADV./2026-27

**પાણી બચાવો, પાણીનો દુર્વ્યય ટાળો.**

# ગુજરાતની પ્રથમ જીત, મિલરને કારણે દિલ્હીએ હાથમાં આવેલી બાજી એક રનથી ગુમાવી

નવી દિલ્હી: ક્રિકેટ અનિશ્ચિતતાઓની રમત છે અને ટી-૨૦ મૅચમાં રોમાંચની ચરમસીમામાં કંઈ પણ પરિણામ આવી શકે અને એવું બુધવારે દિલ્હીમાં બન્યું હતું જેમાં દિલ્હી કૅપિટલ્સે હાથમાં આવેલી બાજી ગુમાવી હતી અને આ વખતે પહેલી વખત પરાજય જોયો હતો. ગુજરાત ટાઇટન્સ (૨૦ ઓવરમાં ૪/૨૧૦)એ દિલ્હી કૅપિટલ્સ (૨૦ ઓવરમાં ૮/૨૦૯) સામે રસાકસીભર્યા મુકાબલામાં વિજય મેળવ્યો હતો. ગુજરાત આ વખતે પહેલી વખત જીત્યું અને એ પણ એક રનથી. કે. એલ. રાહુલ (૯૨ રન, બાવન બૉલ, ચાર સિક્સર, અગિયાર ફોર)ની લડાયક રમત એળે ગઈ હતી. બૅટિંગ દરમ્યાન અધવચ્ચે ઘાયલ થતાં પૅવિલિયનમાં પાછો ગયેલો ડેવિડ મિલર (૪૧ અણનમ, ૨૦ બૉલ, ત્રણ સિક્સર, ત્રણ ફોર) હાથની ઈજા થતાં પાછો રમવા આવ્યો હતો અને દિલ્હીને જિતાડી શકે એમ હતો, પણ પ્રસિદ્ધ ક્રિષ્નાની ૨૦મી ઓવરના પાંચમા બૉલમાં જીતવા બે રન બાકી હતા, પણ મિલરે (અંતિમ બૉલમાં બે રન બનાવવાનું વિચારીને) એક રનની સંભાવના હોવા છતાં કુલદીપને પાછો મોકલ્યો હતો અને ક્રિષ્નાના અંતિમ બૉલમાં કુલદીપ વિકેટકીપર બટલરના હાથે રનઆઉટ થયો હતો. એ બૉલ વાઇડ હોવાની શંકા હતી, પણ એવું નહોતું અને દિલ્હીની ઇનિંગ્સ પરાજય સાથે સમેટાઈ હતી. રાશીદ ખાને ત્રણ, ક્રિષ્નાએ બે અને સિરાજે એક વિકેટ લીધી હતી.

એ પહેલાં, વિપ્રજ નિગમે બે ફોરની મદદથી બનાવેલા ૧૨ રન કરીને (પ્રસિદ્ધ ક્રિષ્નાની) ૨૦મી ઓવરમાં વિકેટ ગુમાવી હતી.

ગુજરાત સામેની કપરી કસોટીવાળી હાઇ-સ્કોરિંગ મૅચમાં યજમાન દિલ્હી એક સમયે મોટી મુસીબતમાં મુકાઈ ગયું હતું, કારણકે કે. એલ. રાહુલ તથા સાથી ઓપનર પથુમ નિસાન્કા (૪૧ રન) વચ્ચેની ૭૬ રનની ઓપનિંગ પાર્ટનરશિપ પાણીમાં જઈ શકે એવી ભીતિ હતી. નિસાન્કા અને નીતીશ રાણા (પાંચ રન)ની વિકેટ ટૂંકા અંતરમાં પડી ગઈ ત્યાર બાદ પાછલી બે મૅચનો હીરો સમીર રિઝવી (૦) બુધવારે પોતાના પહેલા જ બૉલમાં આઉટ થઈ ગયો હતો.

સ્પિનર રાશીદ ખાને તેને ક્લીન બોલ્ડ કર્યો હતો. રાશીદે બે બૉલમાં રાણા અને રિઝવીને પૅવિલિયનમાં પાછા મોકલ્યા હતા. નિસાન્કાની વિકેટ પ્રસિદ્ધ ક્રિષ્નાએ લીધી હતી. ગુજરાત સામે દિલ્હીનો બૅટ્સમૅન ડેવિડ મિલર ૧૩મી ઓવરમાં ૧૨ રન પર હતો ત્યારે એક તબક્કે ડાઇવ મારીને ક્રીઝમાં પહોંચવા ગયો ત્યારે તેને હાથમાં ઈજા થઈ હતી જેને કારણે તે ત્યારે રિટાયર હર્ટ થયો હતો. તેણે થોડા કલાક પહેલાં ફીલ્ડિંગમાં પણ ડાઇવ મારી હતી એટલે તેને થોડી ઈજા ત્યારે પણ થઈ હોવાનું મનાય છે. તેની વિદાય બાદ અક્ષર પણ વિકેટ ગુમાવી બેઠો હતો. ટ્રિસ્ટેન સ્ટબ્સ (સાત રન)એ રનઆઉટમાં વિકેટ ગુમાવી અને પછી રાહુલને મોહમ્મદ સિરાજે વિકેટકીપર જૉસ બટલરના હાથમાં કૅચઆઉટ કરાવ્યો હતો.

એ પહેલાં, દિલ્હી સામે ગુજરાતે પ્રથમ બૅટિંગનો લાભ મળ્યો અને ૨૦ ઓવરમાં ફક્ત ચાર વિકેટના ભોગે ૨૧૦ રન કરીને યજમાન ટીમને ૨૧૧ રનનો પડકારરૂપ લક્ષ્યાંક આપ્યો છે. ગરદનની ઈજામાંથી મુક્ત થઈને પાછા રમવા આવેલા કૅપ્ટન શુભમન ગિલે (૭૦ રન, ૪૫ બૉલ, પાંચ સિક્સર, ચાર ફોર), જૉસ બટલર (બાવન રન, ૨૭ બૉલ, પાંચ સિક્સર, ત્રણ ફોર) અને વૉશિંગ્ટન સુંદર (પંચાવન રન, ૩૨ બૉલ, બે સિક્સર, છ ફોર)ના પર્ફોર્મન્સે દિલ્હી માટે જીતવું મુશ્કેલ બનાવી નાખ્યું એમ કહી શકાય. ઓપનર સુદર્શન (૧૨ રન)ની વિકેટ બાદ ગિલ-બટલર વચ્ચે બીજી વિકેટ માટે ૬૦ રનની અને ગિલ-સુંદર વચ્ચે ત્રીજી વિકેટ માટે ૧૦૪ રનની પાર્ટનરશિપ થઈ હતી. ■



# શમી આજે હોમ-ગ્રાઉન્ડ પર ભૂતપૂર્વ હોમ-ટીમને પરચો બતાવશે?



કોલકાતા: ત્રણ ટાઇટલ જીતી ચૂકેલું કોલકાતા નાઇટ રાઇડર્સ (કેકેઆર) આ વખતની સીઝનમાં ત્રણમાંથી એક પણ મૅચ નથી જીતી શક્યું અને એકમાત્ર પૉઇન્ટ વરસાદને લીધે પંજાબ સામેની મૅચ અનિર્ણીત રહેવાને લીધે મળ્યો છે, પરંતુ આજે (સાંજે ૭.૩૦ વાગ્યાથી) લખનઊ સુપર જાયન્ટ્સ સામે એણે કેમેય કરીને હોમ-ગ્રાઉન્ડ ઈડન ગાર્ડન્સમાં જીતવું જ પડશે, નહીં તો અજિંક્ય રહાણેની કૅપ્ટન્સીવાળી આ ટીમને તળિયે જતા જરાય વાર નહીં લાગે. હાલમાં તો ચેન્નઈ ૧૦મા સ્થાને છે.

ગુરુવારે કોલકાતાના બૅટ્સમેનોએ ખાસ કરીને તેમના જ ભૂતપૂર્વ પેસ બોલર મોહમ્મદ શમીનો સામનો કરવાનો છે. શમી હાલમાં બહુ સારા ફૉર્મમાં છે અને ભારતીય સિલેક્ટરોને પ્રભાવિત કરવા કોઈ કસર બાકી નથી રાખતો. શમી ૩૫ વર્ષનો છે. તેનો જન્મ ઉત્તર પ્રદેશમાં થયો હતો, પરંતુ તે વર્ષોથી પશ્ચિમ બંગાળમાં રહે છે એટલે કોલકાતા તેનું હોમ-સિટી અને ઈડન ગાર્ડન્સ તેનું હોમ-ગ્રાઉન્ડ છે. જોકે નવાઈની વાત એ છે કે તેણે હોમ-ક્રાઉડની હાજરીમાં લખનઊને વિજય અપાવવાનો છે.

શમીએ રવિવારે હૈદરાબાદ સામે માત્ર નવ રનમાં બે વિકેટ લીધી હતી અને એ બે વિકેટ ધમાકેદાર ઓપનિંગ કરાવી આપતા અભિષેક શર્મા (૦) અને ટ્રૅવિસ હેડ (સાત રન)ની હતી. ગયા ગુરુવારે આ જ બે ઓપનરે ઈડનમાં ૮૨ રનની ભાગીદારીથી કોલકાતા સામે હૈદરાબાદને જીતનો પાયો નાખી આપ્યો હતો.

## હેડ-ટુ-હેડ મુકાબલા અને કોના પર વધુ નજર?

છેલ્લા પાંચમાંથી ત્રણ મુકાબલામાં લખનઊની અને બેમાં કોલકાતાની જીત થઈ છે. કોલકાતાને આજે બૅટિંગમાં સૌથી વધુ મદાર અંગક્રિશ રઘુવંશી પર અને કૅપ્ટન અજિંક્ય રહાણે પર છે. લખનઊ સૌથી મોટો આધાર ફરી ફૉર્મમાં આવી ગયેલા સુકાની રિષભ પંત અને ઓપનર મિચલ માર્શ પર રાખશે. બોલિંગમાં કોલકાતાની ટીમ પેસ બોલર વૈભવ અરોરા પર અને સ્પિનર વરુણ ચક્રવર્તી પર વધુ મદાર રાખશે. એ જ રીતે, લખનઊને પેસ બોલર આવેશ ખાન અને સ્પિનર દિગ્વેશ રાઠી પાસે ઘણી અપેક્ષા છે. ■

# ડેન્જરસ બુમરાહ સામે ટીનેજર વૈભવ 'જીત્યો'

### રાજસ્થાનનો હૅટ-ટ્રિક વિજય, મુંબઈ પરાજિત: યશસ્વી મૅન ઑફ ધ મૅચ: રિયાન પરાગની ટીમ પાવરપ્લેમાં ચડિયાતી સાબિત થઈ

ગુવાહાટી: રાજસ્થાન રોયલ્સે મંગળવારે મુંબઈ ઇન્ડિયન્સને ૨૭ રનથી હરાવ્યું હતું. એ પહેલાં, ૧૫ વર્ષના વૈભવ સૂર્યવંશી (૩૯ રન, ૧૪ બૉલ, પાંચ સિક્સર, એક ફોર) અને તેનાથી બમણી ઉંમરના જસપ્રીત બુમરાહ (૩-૦-૩૨-૦) વચ્ચેની ટક્કરમાં વૈભવ મેદાન મારી ગયો હતો. મૅચમાં સર્વશ્રેષ્ઠ પર્ફોર્મન્સ બદલ યશસ્વી જયસ્વાલ (૭૭ અણનમ, ૩૨ બૉલ, ચાર સિક્સર, દસ ફોર)ને મૅન ઑફ ધ મૅચનો પુરસ્કાર મળ્યો હતો.

## રાજસ્થાન ૩/૧૫૦, મુંબઈ ૯/૧૨૩

વરસાદને કારણે મૅચ અઢી કલાક મોડી શરૂ થયા બાદ રાજસ્થાને બૅટિંગ મળ્યા પછી નિર્ધારિત ૧૧ ઓવરમાં ત્રણ વિકેટે ૧૫૦ રન કર્યા હતા. મુંબઈની ટીમ ૧૧ ઓવરમાં નવ વિકેટે ૧૨૩ રન કરી શકી હતી.

## મુંબઈનો ટૉપ-ઑર્ડર ફ્લૉપ થતાં હાર નક્કી થઈ

મુંબઈને ૧૫૧ રનનો મુશ્કેલ લક્ષ્યાંક મળ્યો હતો. હાર્દિક પંડ્યાની કેપ્ટન્સીમાં મુંબઈની ટીમ જે માત્ર ૧૨૩ રન કરી શકી એમાં નમન ધીર અને શેરફેન રુધરફર્ડના ૨૫-૨૫ રન હાઈએસ્ટ હતા. રોહિત શર્મા, સૂર્યકુમાર યાદવ, હાર્દિક પંડ્યા અને શાર્દુલ ઠાકુર સહિત સાત બૅટ્સમેન સિંગલ ડિજિટમાં રન કરી શક્યા હતા. રાજસ્થાનના નેન્દ્રે બર્ગર, રવિ બિશ્નોઈ અને સંદીપ શર્માએ બે-બે વિકેટ લીધી હતી. એક-એક વિકેટ જોફ્રા આર્ચર અને પાછલી મૅચના છેલ્લી ઓવરના હીરો તુષાર દેશપાંડેને મળી હતી.

## મુંબઈને શરૂઆતમાં જ ત્રણ ઝટકા

રાજસ્થાને બન્ને ઇનિંગ્સના પાવરપ્લેના પર્ફોર્મન્સની મદદથી આસાનીથી વિજય મેળવ્યો હતો. ૧૧-૧૧ ઓવરની આ મૅચમાં પાવરપ્લે તરીકે પહેલી ૩.૨ ઓવર નક્કી થઈ હતી. રાજસ્થાને પહેલાં તો એ ૩.૨ ઓવરમાં વિના વિકેટે ૫૯ રન કર્યા હતા. ત્યાર બાદ મુંબઈની ઇનિંગ્સમાં રાજસ્થાને પહેલી ૩.૨ ઓવરમાં ત્રણ વિકેટ લઈ લીધી હતી. એ સાથે, રાજસ્થાન વિનિંગ મોડમાં આવી ગયું હતું. એ ત્રણ વિકેટ અનુક્રમે આર્ચર, બર્ગર અને સંદીપ શર્માએ મેળવી હતી. શરૂઆતમાં જ મુંબઈને ત્રણ ઝટકા આપ્યા બાદ રાજસ્થાને મૅચ પર છેક સુધી પકડ જમાવી રાખી હતી.

## વૈભવ-યશસ્વીની ૮૦ રનની ભાગીદારી

રાજસ્થાને પ્રથમ બૅટિંગ મળ્યા પછી નિર્ધારિત ૧૧ ઓવરમાં ત્રણ વિકેટે ૧૫૦ રન કરીને મુંબઈને ૧૫૧ રનનો મુશ્કેલ લક્ષ્યાંક આપ્યો હતો. યશસ્વી જયસ્વાલ (૭૭ રન) ટૉપ-સ્કોરર હતો. મુંબઈએ ફીલ્ડિંગ પસંદ કરી હતી અને રાજસ્થાનના બન્ને ઓપનર્સે (વૈભવ અને યશસ્વીએ) મુંબઈના બોલર્સ પર વરસવાનું શરૂ કરી દીધું હતું. તેમની વચ્ચે પાંચ ઓવરમાં ૮૦ રનની ભાગીદારી થઈ હતી. મૅચનો પ્રારંભ



થતાં પહેલાં તો યશસ્વી જયસ્વાલ ત્રાટક્યો હતો અને ત્યાર બાદ ૧૫ વર્ષનો વૈભવ સૂર્યવંશી (૧૪ બૉલમાં ૩૯ રન) છવાઈ ગયો હતો, કારણકે તેણે મોસ્ટ ડેન્જરસ બોલર બુમરાહની બોલિંગમાં પહેલા બૉલથી જ ફટકાબાજી શરૂ કરી દીધી હતી. વૈભવ પ્રોફેશનલ ક્રિકેટમાં પહેલી જ વખત બુમરાહ સામે રમ્યો હતો અને એમાં શરૂઆતમાં વૈભવ મેદાન મારી ગયો હતો.

વૈભવે બુમરાહના પહેલા જ બૉલમાં તેમ જ ચોથા બૉલમાં સિક્સર ફટકારી હતી અને એ ઓવરમાં ૧૪ રન બન્યા હતા. એ પહેલાં, યશસ્વીએ દીપક ચાહરની મૅચની પહેલી ઓવરમાં ચાર ચોગ્ગા અને એક છગ્ગાની મદદથી કુલ બાવીસ રન કર્યા હતા. ■

# સ્મૃતિ-પલાશ વચ્ચે સમાધાન થઈ ગયું એવી 'અફવા'



મુંબઈ: ભારતની ક્રિકેટ-ક્વીન સ્મૃતિ મંધાના અને સિંગર પલાશ મુચ્છલ વચ્ચે મહિનાઓ બાદ સમાધાન થઈ ગયું છે અને તેઓ લગ્ન કરવાના છે એવી અફવા ગઈ કાલથી જોરશોરથી ઉડી હતી. જોકે આ અટકળને કોઈ પણ સમર્થન નહોતું મળ્યું.

નવેમ્બર, ૨૦૨૫માં ભારતીય મહિલા ટીમ પહેલી વખત વર્લ્ડ કપ જીતી એના થોડા જ દિવસ બાદ સ્મૃતિ-પલાશના લગ્નના આગલા દિવસે બન્ને વચ્ચેની રિલેશનશિપ તૂટી ગઈ હોવાના અહેવાલો મળ્યા હતા અને ત્યાર પછી બન્ને પરિવાર વચ્ચેનો સંબંધ તૂટી ગયો હોવાનું અહેવાલોમાં જણાવાયું હતું. જોકે તાજેતરમાં પલાશની બહેન અને જાણીતી સિંગર પલક મુચ્છલ એક ઇવેન્ટ વખતે સ્મૃતિના પપ્પાને પગે લાગી એનો વીડિયો ઇન્સ્ટાગ્રામ પર વાઇરલ થતાં સ્મૃતિ-પલાશના પૅચ-અપની વાતો ઉડી છે.

જોકે પલકને સ્મૃતિના પપ્પા આશીર્વાદ આપીને તેમ જ હળવું સ્માઇલ આપીને જતા રહ્યા હતા અને તેની સાથે કંઈ જ વાતચીત નહોતી કરી એવું ટૂંકા વીડિયોમાં જોવા મળ્યું. આ વીડિયો બાબતમાં સ્મૃતિ-પલાશમાંથી કોઈની ટિપ્પણી પણ નથી આવી. ■

## વેપાર વાણિજ્ય

# શૅરબજારમાં તેજીનો જુવાળ, હોર્મુઝમાં શાંતિસંદેશથી સેન્સેક્સ અને નિફ્ટી લગભગ ચાર ટકા ઊછળ્યા

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઇ: અમેરિકા અને ઈરાન દ્વારા બે અઠવાડિયાના યુદ્ધવિરામની જાહેરાત બાદ વૈશ્વિક બજારોમાં જોરદાર તેજી અને ક્રૂડ ઓઈલના ભાવમાં ઘટાડાને પગલે બુધવારે ઇક્વિટી બેન્ચમાર્ક ઇન્ડેક્સ સેન્સેક્સ અને નિફ્ટી લગભગ ચાર ટકા વધ્યા હતા. સતત પાંચમા દિવસે તેજી સાથે, ત્રીસ શેરો ધરાવતો સેન્સેક્સ ૨,૯૪૬.૩૨ પોઈન્ટ અથવા ૩.૯૫ ટકા ઉછળીને ૭૭,૫૬૨.૯૦ની સપાટી પર સ્થિર થયો. દિવસ દરમિયાન, તે ૩,૦૧૮.૯૬ પોઈન્ટ અથવા ચાર ટકા ઉછળીને ૭૭,૬૩૫.૫૪ સુધી ઊંચે પહોંચ્યો હતો. જ્યારે પચાસ શેરો ધરાવતો નિફ્ટી ૮૭૩.૭૦ પોઈન્ટ અથવા ૩.૭૮ ટકા ઉછળીને ૨૩,૯૯૭.૩૫ પર બંધ થયો. ઇન્ટ્રા-ડે ટ્રેડ દરમિયાન તે ૯૦૧.૫ પોઈન્ટ અથવા ૩.૮૯ ટકા વધીને ૨૪,૦૨૫.૧૫ની ઊંચી સપાટીને અથડાયો હતો.

ઇન્ડિગોના શેર આઠ ટકાથી મોટા ઉછાળા સાથે સેન્સેક્સમાં ટોચના સૌથી વધુ વધનાર શેર બન્યો હતો. લાર્સન એન્ડ ટૂબ્રો, બજાજ ફાઇનાન્સ, એક્સિસ બેંક, મહિન્દ્રા અને મહિન્દ્રા, મારુતિ સુઝુકી અને અલ્ટ્રાટેક સિમેન્ટના શેરમાં છથી આઠ ટકા જેવો ઉછાળો રહ્યો હતો. આ વલણથી વપિરીત ટેક મહિન્દ્રાના શેર એક ટકાથી વધુ ઘટીને સેન્સેક્સમાં ટોચના ઘટનાર શેર તરીકે બંધ થયો હતો. સનફાર્મા અને પાવરગ્રીડ પણ ટોપ લુઝર શેરોમાં સામેલ હતા.

સેન્સેક્સ સમાવિષ્ટ સ્ક્રિપ્સમાં મુખ્યત્વે ઈન્ડિગો ૮.૧૬ ટકા, લાર્સન ૭.૬૪ ટકા, બજાજ ફાઈનાન્સ ૭.૦૩ ટકા, મહિન્દ્ર એન્ડ મહિન્દ્ર ૬.૩૩ ટકા, અલ્ટ્રાટેક ૬.૨૩ ટકા, ટાઈટન ૬.૧૮ ટકા, બજાજ ફિનસર્વ ૫.૮૫ ટકા, એચડીએફસી બેન્ક ૫.૭૧ ટકા, અદાણી પોટ્સ ૫.૨૮ ટકા અને આઈસીઆઈસીઆઈ બેન્ક ૫.૦૬ ટકા વધ્યા હતા, જ્યારે ટેક મહિન્દ્ર ૧.૫૩ ટકા, સન ફાર્મા ૦.૨૯ ટકા અને પાવર ગ્રીડ ૦.૨૦ ટકા ઘટ્યા હતા.

બજારની અસ્થિરતાને માપતો ઇન્ડિયા વીઆઇએક્સ ઇન્ડેક્સ ૨૦ ટકાથી વધુ ઘટીને ૧૯.૭૦ પર બંધ થયો, એનએસઇ પરના બધા ક્ષેત્રીય ઇન્ડેક્સ ગ્રીન ઝોનમાં બંધ થયા. નિફ્ટી રિયલ્ટી અને નિફ્ટી ઓટો પ્રત્યેક લગભગ સાત ટકા વધ્યા હતા. નિફ્ટી પીએસયુ બેંક, નિફ્ટી કન્ઝ્યુમર ડ્યુરેબલ્સ, નિફ્ટી પ્રાઇવેટ બેંક અને અન્ય પાંચ ટકાથી વધુ વધ્યા હતા.

શેરબજારમાં જોવા મળેલા ઉછાળાના મુખ્ય પાંચ કારણોમાં ઈરાન-અમેરિકાએ જાહેર કરેલો બે અઠવાડિયાનો યુદ્ધવિરામ, બેરલદીઠ ૯૫ ડોલરથી નીચે ઉતરી ગયેલા ક્રૂડ ઓઇલના ભાવ, બોન્ડ યીલ્ડમાં ઘટાડો, વૈશ્વિક બજારોમાં તેજી અને રૂપિયાના ભાવમાં આવેલો ઉછાળો છે. બુધવારના સત્રના તીવ્ર ઉછાળાથી બીએસઇ-લિસ્ટેડ તમામ કંપનીઓનું કુલ માર્કેટ કેપિટલાઇઝેશન લગભગ રૂ. ૧૬.૫૯ લાખ કરોડનો ઉમેરા સાથે રૂ. ૪૪૬ લાખ કરોડની સપાટી સુધી પહોંચ્યું છે

શ્રીરામ ફાઇનાન્સ, અદાણી એન્ટરપ્રાઇઝ, ટાટા મોટર્સ પેસેન્જર વ્હીકલ્સ, ઇન્ટરગ્લોબ એવિએશન અને આઇશર મોટર્સ નિફ્ટીમાં સૌથી વધુ વધનારા ટોચના શેરોમાં સામેલ હતા, જ્યારે સૌથી વધુ ગુમાવનારા નિફ્ટી શેરોમાં કોલ ઇન્ડિયા, ટેક મહિન્દ્રા, નેસ્લે ઇન્ડિયા, વિપ્રો, ઓએનજીસીનો સમાવેશ થાય છે. તમામ ક્ષેત્રીય સૂચકાંકો લીલા રંગમાં બંધ થયા હતા જેમાં ઓટો અને રિયલ્ટી છ ટકાથી વધુ વધ્યા હતા, જ્યારે કન્ઝ્યુમર ડ્યુરેબલ્સ, ઓઇલ અને ગેસ, ટેલિકોમ, ઇન્ફ્રા, પીએસયુ બેંક, પ્રાઇવેટ બેંક ત્રણથી પાંચ ટકા વધ્યા હતા.

સ્ટોક-સ્પેસિફિક એક્શનમાં, મજબૂત બિઝનેસ અપડેટ પછી ટાઇટન કંપનીના શેર છ ટકા વધ્યા હતા. લાઇફ ઇન્સ્યોરન્સ કોર્પોરેશન ઓફ ઇન્ડિયાનું બોર્ડ બોનસ ઇશ્યૂ પર વિચાર કરવા માટે તૈયાર હોવાથી લગભગ સાત ટકા વધ્યું હતું. સ્વાન ડિફેન્સ અને હેવી ઇન્ડસ્ટ્રીઝ પાંચ ટકા વધ્યા હતા. ક્રૂડ ઓઇલના ભાવમાં ઘટાડો થતાં ઇન્ટરગ્લોબ એવિએશનમાં ઉછાળો હતો. માર્ચ ૨૦૨૬માં એન્જલ વનના ક્લાયન્ટ બેઝમાં વધારો થતાં તેમાં ઉછાળો હતો.

અન્ય શેરોમાં, ગેઇલ (ઇન્ડિયા)એ અગ્રણી ગ્રીક શિપિંગ કંપની સાથે લાંબા ગાળાના કરાર કર્યા પછી ૫.૫૦ ટકાનો વધારો થયો હતો. બીએસઇ પર લગભગ ૧૦૦ શેર તેમના બાવન અઠવાડિયાના ઉચ્ચતમ સ્તરને સ્પર્શ્યા હતા, જેમાં અદાણી એનર્જી, ટાઇટન કંપની, એબીબી ઇન્ડિયા, નેટકો ફાર્મા, સેઇલ, આનંદ રાઠી, અરબિંદો ફાર્મા, ગોદાવરી પાવર, ગ્રાન્યુલ્સ ઇન્ડિયા, સીસીએલ પ્રોડક્ટ્સ વગેરેનો સમાવેશ થાય છે.

એશિયન બજારોમાં, દક્ષિણ કોરિયાના બેન્ચમાર્ક કોસ્પીમાં ૬.૮૭ ટકાનો ઉછાળો આવ્યો અને જાપાનના નિક્કી ૨૨૫ ઇન્ડેક્સમાં ૫.૩૯ ટકાનો ઉછાળો આવ્યો. શાંઘાઈના એસએસઇ કમ્પોઝિટ ઇન્ડેક્સ અને હોંગકોંગના હેંગ સેંગ ઇન્ડેક્સમાં પણ તીવ્ર તેજી જોવા મળી હતી. યુરોપિયન બજારો નોંધપાત્ર ઊંચા મથાળે ટ્રેડિંગ કરી રહ્યા હતા. વોલ સ્ટ્રીટ ફ્યુચર્સમાં પણ ત્રણ ટકાથી મોટા ઉછાળા હતા.

યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ઈરાન સામે લશ્કરી હુમલાઓ બે અઠવાડિયા માટે સ્થગિત કરવાની જાહેરાત કર્યા પછી બુધવારે રૂપિયો ૪૭ પૈસા વધીને ૯૨.૫૯ પર બંધ થયો હતો અને રિઝર્વ બેંકે તટસ્થ વલણ સાથે મુખ્ય બેન્ચમાર્ક દર યથાવત રાખ્યો હતો. અમેરિકા અને ઈરાન વચ્ચેના બે અઠવાડિયાના યુદ્ધવિરામથી નજીકના ભવિષ્યના બજારના અંદાજમાં ફેરફાર થયો છે. યુદ્ધવિરામ બાદ બ્રેન્ટ ક્રૂડમાં ઘટાડાથી તેજીના સેન્ટિમેન્ટને ટેકો મળવાની ધારણા છે.

રિઝર્વ બેંકે વ્યાજ દર યથાવત રાખ્યા હોવાની જાહેરાત કરી હોવાથી પમ સેન્ટિમેન્ટને ટેકો મળ્યો હતો. સરકારે ગયા મહિને આરબીઆઈ માટે નવા ફુગાવાના લક્ષ્યની જાહેરાત કર્યા પછી આ પ્રથમ નાણાકીય નીતિ સમીક્ષા છે. સરકારે આરબીઆઈને માર્ચ ૨૦૩૧માં પૂરા થતા બીજા પાંચ વર્ષ માટે બંને બાજુ બે ટકાના માર્જિન સાથે રીટેલ ઇન્ફ્લેશન ચાર ટકાના સ્તરે જાળવવા જણાવ્યું છે.

કોર્પોરેટ હલચલમાં વિયેતનામું વિનગ્રુપ મહારાષ્ટ્રમાં ૮.૫ અબજ ડોલરનું રોકાણ કરશે. નોસીલે રૂ. ૨૫૦ કરોડના વિસ્તરણ પ્લાન હેઠળ ગુજરાતમાં દહેજ ખાતે નવો રબ્બર કેમિકલ પ્લાન્ટ કાર્યરત કર્યો છે. સાયન્ટ સેમિકન્ડકટરે અમેરિકા સ્થિત પાવર સેમીકન્ડકટર સોલ્યુશન પ્રોવાઇડર કાઇનેટિક ટેકનોલોજીમાં ૮૫ મિલિયન ડોલરના રોકાણ સાથે ૭૪ ટકા હિસ્સો હસ્તગત કર્યો છે. હિલ્ટને ૨૦૩૦ સુધીમાં ૧૨૫ હેમ્પટન બાય હિલ્ટન હોટલ ખોલવા રોયલ ઓર્ચિડની માલિકીની રીજેન્ટા હોટલ સાથે કરાર કર્યા છે.

દરમિયાન પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા તણાવને ધ્યાનમાં રાખીને બજાર નિયમનકાર ધી સિક્યુરિટી એક્સચેન્જ ઓફ ઇન્ડિયા (સેબી)એ મંગળવારે આઇપીઓ મંજૂરીઓની કાયદેસરતાની માન્યતા (અપ્રુવલ વેલિડિટી) ત્રીસમી સપ્ટેમ્બર સુધી લંબાવી છે અને સાથે લઘુત્તમ જાહેર શેરહોલ્ડિંગ (એમપીએસ) ધોરણોનું પાલન ન કરનારી એન્ટિટીઓને માટે એક વખતની છૂટ જાહેર કરી છે. જે કંપનીઓએ અસ્થિર બજાર પરિસ્થિતિને કારણે તેમની જાહેર ઇશ્યૂ યોજનાઓ મુલતવી રાખી હતી અથવા ફરીથી ગોઠવી હતી, તેમને સેબીના ઉપરોક્ત પગલાંથી લાભ મળવાની આશા છે. ■

# યુદ્ધવિરામ: ડૉલર સામે રૂપિયો બાવન પૈસા ઊછળ્યો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: અમેરિકી પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પે ઈરાન સાથેનાં યુદ્ધમાં બે સપ્તાહના યુદ્ધ વિરામની જાહેરાત કરવાની સાથે આજે રિઝર્વ બૅન્ક ઑફ ઈન્ડિયાએ ત્રણ દિવસીય નાણાનીતિની સમીક્ષાની બેઠકના અંતે વ્યાજદર યથાવત્ રાખ્યા હતા. વધુમાં બેઠકના અંતે રિઝર્વ બૅન્કના ગવર્નરે બાંયધરી આપી હતી કે તાજેતરમાં લેવામાં આવેલાં પગલાં કાયમી ધોરણનાં નથી. તેમ જ એચડીએફસી બૅન્કની સુપરવાઈઝરી તપાસમાં ગવર્નન્સને લગતી કોઈ ગેરરીતી ન હોવાનું જણાવ્યું હોવાથી ખાનગી બૅન્કિંગ ક્ષેત્રની ચંત્રણાની સ્થિતિમાં પુન વિશ્વાસ સંપન્ન થવાથી આજે સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયામાં બાવન પૈસાનો ઉછાળો આવ્યો હતો.

આજે સ્થાનિકમાં ડૉલર સામે રૂપિયો ગઈકાલના ૯૩.૦૬ના બંધ સામે સુધારાના અન્ડરટોને ૯૨૯.૯૨ની સપાટીએ ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૯૨.૯૨ અને ઉપરમાં ૯૨.૪૫ સુધી મજબૂત થયા બાદ અંતે ગઈકાલના બંધ સામે બાવન પૈસાના ઉછાળા સાથે ૯૨.૫૪ના મથાળે બંધ રહ્યો હતો. નોંધનીય બાબત એ છે કે ગઈકાલે ડૉલર સામે રૂપિયામાં ૧૬ પૈસાનો ઘટાડો આવ્યો હતો.

છ સપ્તાહ સુધી ચાલેલાં અમેરિકા-ઈરાન યુદ્ધને કારણે ક્રૂડતેલના ભાવમાં આવેલા વધારા, વેપારમાં થયેલા વિક્ષેપ અને રૂપિયામાં થયેલા ધોવાણ ઉપરાંત તેની ફુગાવા પર થનારી સંભવિત અસરોની આકારણીને ધ્યાનમાં લેતા રિઝર્વ બૅન્કે થોભો અને રાહ જુઓની નીતિ અપનાવી વ્યાજદર ૫.૨૫ ટકાના સ્તરે યથાવત્ રાખ્યા હતા અને ભવિષ્યની નાણાનીતિ માટે તટસ્થ વલણ અપનાવ્યું હતું.

વધુમાં ક્રૂડતેલના વૈશ્વિક સરેરાશ ભાવ બેરલદીઠ ૮૫ ડૉલર આસપાસની સપાટીએ રહેવાની શક્યતાને ધ્યાનમાં લેતા નાણાકીય વર્ષ ૨૦૨૭ દરમિયાન ડૉલર સામે રૂપિયો ૯૪ આસપાસ રહેશે, એમ રિઝર્વ બૅન્કે ઉમેર્યું હતું. ■

# ચાંદી ₹ ૧૩,૧૬૦ ઊછળી, સોનું ₹ ૩૩૩૫ ઝળક્યું

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: અમેરિકા અને ઈરાન બે સપ્તાહના યુદ્ધવિરામ માટે સહમત થવાની સાથે કાયમી ધોરણે યુદ્ધવિરામ થાય તે માટે વાટાઘાટો કરવા તૈયાર થયાના પ્રોત્સાહક અહેવાલ સાથે આજે લંડન ખાતે સત્રના આરંભે સોનાના ભાવ વધીને ત્રણ સપ્તાહની ઊંચી સપાટીએ પહોંચ્યા હતા તેમ જ ચાંદીના ભાવમાં ૫.૬ ટકા જેટલો ઉછાળો આવી ગયો હોવાના નિર્દેશોને ધ્યાનમાં લેતા સ્થાનિક ઝવેરી બજારમાં પણ બન્ને કિંમતી ધાતુઓના ભાવમાં તેજીનો કરંટ જોવા મળ્યો હતો, જેમાં ચાંદીના ભાવમાં કિલોદીઠ રૂ. ૧૩,૧૬૦નો ઉછાળો આવ્યો હતો અને સોનાના ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૩૩૨૨થી ૩૩૩૫ ઝળક્યા હતા.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે ૯૯૯ ટચ ચાંદીમાં વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલે સ્ટોકિસ્ટોની લેવાલી ઉપરાંત ઔદ્યોગિક વપરાશકારો તથા જ્વેલરી ઉત્પાદકોની માગને ટેકે વેરારહિત ધોરણે ભાવ કિલોદીઠ રૂ. ૧૩,૧૬૦ના ઉછાળા સાથે રૂ. ૨,૪૪,૦૪૧ના મથાળે રહ્યા હતા. તે જ પ્રમાણે સોનામાં પણ સ્ટોકિસ્ટો અને રોકાણકારોની છૂટીછવાઈ લેવાલી જોવા મળી હતી, પરંતુ જ્વેલરી ઉત્પાદકો અને રિટેલ સ્તરની માગ શુષ્ક રહી હતી. જોકે, વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલે વેરારહિત ધોરણે ૯૯૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૩૩૨૨ વધીને રૂ. ૧,૫૦,૫૧૬ અને ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૩૩૩૫ વધીને રૂ. ૧,૫૧,૧૨૧ના મથાળે રહ્યા હતા.

આજે લંડન ખાતે સત્રના આરંભે હાજરમાં સોનાના ભાવ ગઈકાલના બંધ સામે એક તબક્કે ત્રણ ટકા વધીને ત્રણ સપ્તાહની ટોચે પહોંચ્યા બાદ ગઈકાલના બંધ સામે ૧.૭ ટકા વધીને ઔંસદીઠ ૪૭૮૩.૭૮ ડૉલર અને જૂન ડિલિવરી વાયદામાં ભાવ ગઈકાલના બંધ સામે ૨.૭ ટકા વધીને ૪૮૧૨.૬૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા, જ્યારે હાજરમાં ચાંદીના ભાવ ૫.૬ ટકાની તેજી સાથે ઔંસદીઠ ૭૭.૦૨ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા.

અમેરિકી પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પે આજે જણાવ્યું હતું કે હોર્મુઝ રૂટ મારફતે તેલ અને ગૅસનો પુરવઠો વિક્ષેપિત ન થાય તેવી શરત સાથે બે સપ્તાહના યુદ્ધ વિરામ માટે ઈરાન સાથે સમજૂતી થઈ હતી. જોકે, આ સમજૂતી છતાં ઈરાનની લાવાન ટાપુ પરની રિફાઈનરીને લક્ષ્યાંક બનાવવામાં આવી હતી.

યુદ્ધવિરામની જાહેરાત પશ્ચાત્ વિશ્વ બજારમાં ક્રૂડતેલના ભાવમાં ૧૩ ટકાનો કડાકો બોલાઈ ગયો હતો અને ભાવ બેરલદીઠ ૧૦૦ ડૉલરની અંદર ઊતરી ગયા હોવાથી ફુગાવો વધવાની ભીતિ હળવી થવાની સાથે ડૉલર ઈન્ડેક્સ પણ નબળો પડતાં સોનાની તેજીને ટેકો મળ્યો હોવાનું યુબીએસના વિશ્લેષક જિઓવન્ની સ્ટુનોવોએ જણાવ્યું હતું.

નોંધનીય બાબત એ છે કે અમેરિકા-ઈઝરાયલ અને ઈરાન વચ્ચે યુદ્ધ શરૂ થયું ત્યારથી ક્રૂડતેલના ભાવમાં તેજીનું વલણ રહેતા ફુગાવામાં વધારાની ચિંતા સપાટી પર આવી હોવાથી અત્યાર સુધીમાં સોનાના ભાવમાં ૧૦ ટકા જેટલો ઘટાડો આવી ગયો હતો. વધુમાં આજના યુદ્ધ વિરામના પ્રોત્સાહક અહેવાલોને ધ્યાનમાં લેતા આજે સીએમઈ ફેડ વૉચ ટૂલ પર બજાર વર્તુળો ફેડરલ રિઝર્વ વર્ષ ૨૦૨૬માં વ્યાજદરમાં ઓછામાં ઓછો એક વખત ઘટાડો કરે તેવી ૪૩ ટકા શક્યતા મૂકી રહ્યા છે. ■

# લાડકી

કથા કોલાજ
કાજલ ઓઝા-વૈદ્ય
feedback.ladki@bombaysamachar.com

# અમ્મીએ નક્કી કર્યું હતું કે હું નૃત્ય નહીં કરું એટલે ફક્ત બેસીને ગાતી!

(ભાગ: ૪)

**નામ: બેગમ અખ્તર (અખ્તરીબાઈ ફૈઝાબાદી)**
સમય: ૩૦ ઓક્ટોબર, ૧૯૭૪
સ્થળ: (વાડીલાલ સારાભાઈ હોસ્પિટલ) અમદાવાદ
ઉંમર: ૬૦ વર્ષ

**આજના સમારંભમાં** અમદાવાદના જાણીતા લોકોની ઉપસ્થિતિ હતી. હું ઘણા વખતે અમદાવાદ આવી હતી. આમ જુઓ તો ઘણા વખતે જાહેર સમારંભ થયો. હમણા મેં ગાવાનું ઓછું જ કરી નાખ્યું છે. તબિયત સાથ નથી આપતી. તબિયત નાસાઝ રહેવાને કારણે પૂરતો રિયાઝ પણ કરી શકતી નથી... ને રિયાઝ વગર મહેફિલમાં ગાવું મને ગમતું નથી. અમ્મી હતી ત્યાં સુધી એ કઠોર રિયાઝ કરાવતી. લગ્ન પછી ગાવાનું બંધ કર્યું ત્યારે પણ અમ્મી કહેતી, મહેફિલમાં ગાવાનું છોડ્યું એટલે સંગીત નથી છોડ્યું, એટલું યાદ રાખજે. રિયાઝ નહીં છોડતી... હું નાની હતી ત્યારે આળસ કરતી કે ઉસ્તાદ આવે ત્યારે રિયાઝના ગલ્લા-તલ્લા કરતી ત્યારે અમ્મી કહેતી, ગાયકી ખેલ નથી. એને ઈબાદતની જેમ નિભાવવી પડે છે. પાંચ વખતની નમાઝ પઢીએ એવી રીતે બે વખતનો રિયાઝ છોડી ન શકાય... આજે અમ્મી નથી ને કોઈ મને રિયાઝ માટે ડાંટતું પણ નથી. સાચું કહું તો મારો અવાજ જેટલો મારો છે એટલો જ મારી અમ્મીનો પણ છે. અમ્મીના ગયા પછી જાણે મારા અવાજમાં રહેલી ઈબાદત છૂટી ગઈ હોય એવું મને લાગવા માંડ્યું છે... તો પણ હજી મહેફિલો સાવ છોડી નથી. અમદાવાદ આવવાનો નિર્ણય એટલે જ કર્યો કે ફરી એકવાર મહેફિલમાં મારી જાતને શોધી શકું...

થોડા વખતથી જવાબદારી પણ વધતી જાય છે. એ પણ મારા મનને બહુ બાંધી રાખે છે. અમ્મીના ઈન્તકાલથી તો હું બેહાલ હતી જ, પણ રિશ્તેદારો અને નોકરોની જવાબદારી પણ મારા પર આવી ગઈ. આમાંથી અમુક લોકોને મેં મારી સાથે રહેવા બોલાવી લીધા એમાં મારા પસંદીદા સ્ટોરીટેલર્સ હતા. એ લોકો મને વાર્તાઓ કહેતા, હું નાની હતી ત્યારે એ વાર્તાઓ સાંભળવાની મને જેટલી મજા આવતી એટલી જ મજા મને હંમેશાં આવતી રહી. મારી અંદર એક બાળક અને એક તોફાની યુવતી હંમેશાં જીવતાં રહ્યાં. ક્યારેક રાત્રે ઊંઘ ઊડી જાય ત્યારે આ ‘કિસ્સાગો’ મને ફરીથી નિંદ આવી જાય ત્યાં સુધી લાંબી વાર્તાઓ સંભળાવી શકતા હતા. નવા આવેલા નોકરોમાં એક દાઈ પણ હતી જેણે મને અંગ્રેજી શિખવ્યું. મારી પહેલી શાગિર્દ અને આત્મકથાની લેખિકા શાન્તી હીરાનન્દે લખ્યું છે કે, એ ઔરત ખાસ્સી વ્યસ્ત રહેતી. કારણ કે દર નવ મહિનામાં બેગમ અખ્તરના કોઈ ને કોઈ સગાંને ત્યાં બાળક આવી જતું. આ વધી રહેલા કુટુંબકબિલાની પાલનહાર તો બેગમ જ હતી. આ કબિલામાં એક ડઝન જેટલાં બાળકો હતાં, જેમાં દીકરીઓ ઘણી હતી. બેગમને એમનાં નિકાહ અને દહેજની ચિંતા સતત રહેતી. આ દીકરીઓના અને પરિવારનાં બાળકોના શિક્ષણ અને ઉછેર પાછળ ખાસ્સો ખર્ચ થતો જે એક હરફ પણ ઉચ્ચાર્યા વગર બેગમ અખ્તર ચૂકવી આપતાં. આવક ઘટવા લાગી હતી ને ખર્ચ વધવા લાગ્યા હતા એવી સ્થિતિમાં બેગમ બહુ તનાવમાં રહેવાં લાગ્યાં... પતિ અબ્બાસી સાહેબ બેરિસ્ટર હતા, પરંતુ એ બેગમના પૈસા ન લેતા એટલે લગ્ન પહેલાંના પરિવાર (પિયરિયા)ના નિભાવ ખર્ચ માટે સ્વમાની બેગમ પણ એમની મદદ ન લેતાં... આ તનાવ અને રાખ-રખાવના ખર્ચામાં એમને બે હાર્ટએટેક આવી ગયા.

તો, અમદાવાદના કાર્યક્રમમાં મેં જે ગઝલો ગાઈ એ બધી મારા સંગીત સાથેના ઈશ્કની એક એવી મીઠી યાદ હતી જે ફૈઝાબાદથી શરૂ થઈ ને લખનઊ પહોંચી... અમે મુંબઈ છોડ્યું પછી મારી માએ લખનઊમાં સ્થાયી થવાનો નિર્ણય કર્યો. લખનઊમાં ચૌક બજાર હતું, જેમાં મોટાભાગની તવાયફોના કોઠા અને રહેઠાણ હતા. સાંજ પડે જાણીતા, અજાણ્યા, કાયમી અને પહેલીવારના કદરદાનો ફિટન કે ટાંગામાં બેસીને આવી પહોંચતા. આમ તો અહીં રહેવું જ વધુ ફાયદામંદ પુરવાર થયું હોત, પરંતુ મારી અમ્મી દુરંદેશી હતી. એને સમજાતું હતું કે કોઠાને લોકો સારી નજરે જોતા નથી એટલે મુખ્ય બજારમાં બેસતી તવાયફની ઈજ્જત અને શોહરત પણ લિમિટેડ, અમુક માનસિકતા સાથે જોડાયેલી રહેવાની. એણે હઝરતગંજના કોર્નર પર એક મકાન લીધું. મુંબઈથી મળેલી આવકનો યોગ્ય ઉપયોગ કરીને અંગ્રેજોના બનાવેલા નવા શહેર (લખનઊના આઉટ સ્કર્ટ્સ)માં ઊંચી હેસિયતના માતબર લોકો રહેતા હતા. ત્યાંની રહેન-સહેન પણ અંગ્રેજી અને તહેઝીબભરી હતી. કૈપર રોડ અને ક્વિન્ટન રોડ જ્યાં એકબીજાને મળતા હતા એ ખૂણામાં, નવા-નવા રઈસ બનેલા વ્યાપારીઓ અને અંગ્રેજી સાહેબોની મહેરબાનીથી જેમનો વ્યવસાય ચાલી પડ્યો હતો એવા લોકોની વચ્ચે મારી માએ મકાન ખરીદ્યું. મકાનનું નામ આપ્યું ‘અખ્તર મંઝિલ’. આ મકાનની બંને તરફ અવધના બે મોટા તાલુકેદારની હવેલીઓ હતી. મકાનની બિલકુલ સામે લાલ ઈંટની બનેલી ઊંચા ટાવર ધરાવતી ઝહુરબક્સ ચર્ચની ઈમારત હતી. આ ચર્ચને ‘એપિફેની’ના નામથી પણ ઓળખવામાં આવતું હતું. આ મકાનથી થોડેક દૂર વાજીદઅલી શાહનો પ્રિય ‘કૈસર બાગ’ હતો. અદાલત અને મેરિસ કોલેજ ઓફ મ્યુઝિક (જે પહેલાં વાજીદઅલી શાહનું પરીખાનું-હેરમ કહેવાતું) અમારા ઘરથી ચાલીને જઈ શકાય એટલે દૂર હતું. ત્યારે એ વિસ્તાર વિકસી રહ્યો હતો. નવા લખનઊના સામાજિક અને સાંસ્કૃતિક જીવનના આકર્ષણનું કેન્દ્રબિંદુ બની શકે એવું ‘અખ્તર મંઝિલ’ ત્યાં ઊભું હતું.


બેગમ અખ્તર

ચૌકમાં તો આવતા-જતા તમામ લોકો પર નજર રહેતી. નાનકડી ઘટના પણ અફસાનાની જેમ દરેક કોઠા પર ચર્ચાવા લાગતી, પરંતુ આ નવા મકાનને ચૌકની બદનામીથી દૂર રાખવાનો નિર્ણય સાચે જ સરાહનીય હતો. મારી માને મારી કલામાં અને મારા અવાજમાં કેવો ભરોસો હશે, કે એણે આટલા મોટા સરમાયાનું સાહસ કર્યું. ૧૯૩૮માં મકાન પૂરું થયું ત્યારે જૂના લખનઊથી લોકો ખાસ આ મકાનને જોવા આવતા. ત્રિકોણ આકારનું, બગીચા કે ચૌક વગરનું આ મકાન ચૌકમાં આવેલા કોઠાની જેમ જ સીધું સડક પર ઊભું હતું. સડક પરથી પસાર થનારા લોકોને પહેલા માળે હરફર કરતી ઔરતોની ઝલક દેખાઈ જતી. મુખ્ય દરવાજાની બંને તરફ નાનકડી સફેદ મિનાર બનાવવામાં આવી હતી. જેના પર ચિનાઈ માટીનાં વાસણોના ટુકડા અને બંગડીના ટુકડા જડીને એને ચમકદાર બનાવવામાં આવી હતી. દરવાજાની ઉપર એક કોતરણીવાળો પથ્થરનો ઝરોખો હતો. જે ચિલમનથી ઢાંકવામાં આવ્યો હતો. મુશ્તરીબાઈ, જેને સહુ ‘બડે સાહબ’ કહેતા હતા એ રોજ સાંજે ઝરોખામાં હુક્કો લઈને બેસતી. મુખ્ય દરવાજેથી પ્રવેશ કરનાર દરેક માણસે મારી અમ્મીને સલામ કરીને જ પ્રવેશવું પડે એવી વ્યવસ્થા અમ્મીએ ગોઠવી હતી.

લખનઊના સંભ્રાંત પુરુષ સમાજમાં ‘અખ્તરી મંઝિલ’ની સુવાસ પહોંચતા વાર ન લાગી. શહેરમાં બીજી પણ કલાવંત અને લોકપ્રિય તવાયફો હતી, પરંતુ મારી અમ્મીએ જે રીતે મારે વિશે વાતો અને પ્રશંસા ફેલાવવાના શરૂ કર્યા એ પછી અમારે ત્યાં બેઠક ભરાઈ જતા વાર ન લાગતી. અમ્મીએ નક્કી કર્યું હતું કે અમારા બેઠકના (ડ્રોઈંગરૂમ પ્રકારનો ઓરડો જ્યાં મહેફિલ સજાવવામાં આવે છે) ઓરડામાં ગણતરીની સીટ જ રાખવી. ગાદી-તકિયા અને બેસવાની અમુક રજવાડી ખુરશીઓથી વધારે એ ઓરડામાં કોઈને બેસવાની છૂટ મળતી નહીં. મારી મા પાસે ઠોસ સોનાનું પાનદાન હતું. એમાં મોતીના ચૂરાનો પુટ લગાવીને મારી અમ્મી જાતે પાન બનાવતી. એ પાનનું બીડું હાથમાં પકડતા પહેલાં ખાનદાની નવાબો, તહેસિલદારો અને એમના વાદે મહેફિલોમાં આવતા અંગ્રેજી સાહેબો પણ કંઈ ને કંઈ ભેટ કે નવાજેશ કરવાનું ચૂકતા નહીં... મારી અમ્મીએ જ નક્કી કર્યું હતું કે હું નૃત્ય નહીં કરું, એટલે હું ફક્ત બેસીને ગાતી, પરંતુ નૃત્ય માટે એમણે ફૈઝાબાદથી બીજી તવાયફોની યુવા, સુંદર અને કલાવંત દીકરીઓને બોલાવીને લખનઊમાં વસાવી હતી. અમારે ત્યાં અંગ્રેજી શરાબ અને ઉત્તમ ભોજન પિરસવામાં આવતું. જે વખતે ખાસ અથવા અંગત બેઠક હોય (રિઝર્વ પ્રકારની) ત્યારે અનેક મહેમાનો નિરાશ થઈને પાછા ફરી જતા. પાછા ગયેલા મહેમાનો એમના અહંકાર કે પ્રતિષ્ઠાને પુરવાર કરવા માટે પોતાની અંગત મહેફિલોનું આયોજન કરતા. આ બધામાં અમને ખૂબ પૈસા મળવા લાગ્યા. જોકે, મારી માનો એક નિયમ હતો, ગમે તેટલા માનવંત કે અમીર મહેમાન જો એકવાર બેહૂદગી કે બદતમીઝી કરે તો એમને અમારે ત્યાં ફરીથી પ્રવેશ ન મળતો. મહેમાન પાસે નફીસ વ્યવહારની અપેક્ષા રાખવામાં આવતી, એવી જ રીતે વધુ અમીર, મોંઘી ભેટસોગાદો કે રોકડ ભેટ આપનારને સ્વાભાવિક રીતે જ વધુ અટેન્શન, વધુ સન્માન મળતું.

લખનઊના એ દિવસો મારી યુવાની, શોહરત, અમીરી અને જીવનના ઉત્તમ દિવસો હતા એમ કહું તો ખોટું નથી. (ક્રમશઃ) ■

ઉડાન મુગ્ધાવસ્થાથી મધ્યાવસ્થા સુધી
શ્વેતા જોષી અંતાણી
feedback.ladki@bombaysamachar.com

# સાચા મિત્રની શોધ

**પ્રાચીના** ફોન પર લગાતાર નોટિફિકેશન્સનો વરસાદ થઈ રહ્યો હતો. વ્હોટ્સ એપ ગ્રૂપ, ઈન્સ્ટાગ્રામ લાઇક્સ, સ્નેપ ચેટ સ્ટ્રીક્સ અને એવું કેટલુંય બધું ... સ્ક્રીન પર બ્લીન્ક થઈ રહેલા દરેક નોટિફિકેશન્સ એ સાબિત કરી રહ્યાં હતાં કે પ્રાચી પાસે ખૂબ બધા લોકો છે. જોકે સતત અઢળક લોકોથી ઘેરાયેલી રહેતી પ્રાચી પોતે જ જાણતી હતી કે એ અંદરથી કેટલી એકલી છે. કોઈ અજીબ શૂન્યાવકાશ સતત એને અનુભવાતો.



સ્કૂલમાં હંમેશાં એની આસપાસ અનેક મિત્રો ફરતાં રહેતાં. લંચ બ્રેકમાં એના ટેબલની આસપાસ સૌથી વધારે લોકો ઉભરાતાં. ત્યાં હસી-મજાક, જોક્સ, સેલ્ફી લેવી,રીલ્સ બનાવવી આ બધું થતું રહેતું. પ્રશ્ન એ હતો કે જ્યારે પ્રાચી કોઈ ગંભીર વાત કરવા માગતી હોય ત્યારે એની વ્હારે કોઈ ના આવતું. ક્યારેક એ કશું બોલવાનો પ્રયત્ન પણ કરે તો લોકો ભેગા મળી એની વાતને ઉડાવી દેતાં. ‘અરે યાર, આટલું ડીપ શું વિચારવાનું!’ એમ કહી કોઈ વાત ટાળી દેતું તો બીજું હસીને આઘું ખસી જતું. પ્રાચી પણ હસી દેતી, પણ એની અંદર કંઈક અધૂરું છૂટી જતું.

એક દિવસ હિન્દીના ક્લાસમાં શિક્ષકે એક સવાલ પૂછ્યોઃ ‘તમને ક્યારે એવો અહેસાસ થયો છે કે તમે લોકોની વચ્ચે હોવા છતાં પણ એકલા હોવ?’

આખો ક્લાસ થોડી ક્ષણ માટે શાંત થઈ ગયો. પ્રાચીનું હૃદય જોરથી ધડકવા લાગ્યું. એણે ધીરેથી હાથ ઊંચો કરવાની કોશીશ તો કરી, પણ વળી પાછો નીચે લઈ લીધો. એને ડર હતો કે લોકો પોતાના વિશે શું વિચારશે?

એ દિવસે ઘરે જઈને એણે જાતને પૂછ્યું : ‘શું સાચે જ મારી પાસે એવું કોઈ જ નથી કે જેની સાથે હું ખુલ્લા મને કંઈ વાત કરી શકું?’ પ્રાચીએ પોતાના ચેટ બોક્સ ખોલ્યાં. અઢળક મેસેજ, મીમ્સ, આડાં-અવળાં લીધેલાં ફોટોગ્રાફ્સ પણ એમાંથી કોઈ એક એવું નહોતું કે જેની પાસે વિચાર્યા વગર, મન ખોલીને વાતો કરી શકાય. એ રાત્રે એણે ‘માય સ્પેસ’ નામની ડિજિટલ ડાયરીમાં એકાઉન્ટ બનાવ્યું. એને શીર્ષક આપ્યું ‘સરાઉન્ડેડ બટ નોટ કનેક્ટેડ’ એટલે કે ‘ઘેરાયેલી હોવા છતાં હું સંકળાયેલી નથી...’

બીજા દિવસે સ્કૂલમાં પ્રાચી થોડી ચુપ હતી. એ જોઈ નિહારિકા પૂછી બેસી, ‘કેમ આજે બોલતી નથી?’ પ્રાચી એ પહેલાં તો વાત ટાળવાની કોશિશ કરી, પણ અંતે એનાથી કહ્યાં વગર ના રહેવાયું, ‘મને લાગે છે હું બહુ જ એકલી છું.

‘એકલીઈઈઈ...’ નિહારિકા લગભગ ચીસ પાડતાં બોલી. પ્રાચીએ એનો હાથ દબાવતા ધીરેથી કહ્યું, ‘હા તમે લોકો છો, પણ ખબર નહીં હું મારી જાતને એક્સપ્રેસ નથી કરી શકતી. મને લાગે છે કે મને કોઈ સમજતું નથી.’

નિહારિકાને જાણે નકરો આઘાત લાગ્યો. એને તો એજ સમજાતું નહોતું કે આ ઉંમરે વળી ગંભીર વાતો શી કરવાની હોય! આપણે તો મોજેમોજ જીવવાનું અને ના ગમે તો ઘડીક રોઈ લેવાનું. બાકી આપણી પાસે તો આવી અઘરી વાતો સમજવાનો સમય જ ક્યાં હોય છે?

એ દિવસ પછી પ્રાચી હન્ટીંગ મોડ પર આવી ગઈ. એ સમજી ચૂકેલી કે આ બધાં એને નહીં સમજે. એને ગમે તેમ કરી આ ઘેટા-બકરાંના ટોળાંને બદલે એકાદ શાંત ઘુવડ જોઈતું હતું. એણે દરેક સાથે બધી જ વાતો કરવાને બદલે અમુક પસંદગીના વ્યક્તિઓ સાથે કનેક્શન બનાવવાનું નક્કી કર્યું. એ દરેક ગ્રૂપમાં એક્ટિવ રહેવાની કોશિશો બંધ કરવા લાગી. દરેક નોટિફિકેશનનો તુરંત જવાબ આપવાનું ટાળવા લાગી.

દરેક સ્નેપ સ્ટ્રીક પકડી રાખવાની જિદ હવે ઓસરતી ચાલી. શરૂઆતમાં એને પોતાનું વર્તન અજીબ લાગ્યું. સામેવાળા લોકો માટે તો આઘાતજનક હતું. મિત્રોને થયું આનું ચસ્કી ગયું છે. પણ પછી ધીરે ધીરે બધું છૂટતું ગયું. સોશ્યલ મીડિયા, મિત્રો, મસ્તી, મીમ્સ, રીલ્સ, લાઈક્સ બધું છૂટ્યા પછી પોતે ગંભીર લોકો સાથે વધુ કનેક્ટેડ ફીલ કરી શકશે એવું માનતી પ્રાચીની એકલતામાં વધારો થયો. ના એને એનું ઘુવડ મળ્યું, ના એ ઝટ્ દઈ પોતે કોઈ સાથે મન ખોલી વાતો કરવા લાગી. હા, એ ચોક્કસ બદલાવ આવ્યો કે હવે એની આસપાસ નકામા ટોળાં કે કહેવાતા ફ્રેન્ડ્સ ગ્રૂપને બદલે બહુ મર્યાદિત લોકો બચ્યાં હતાં.

એકલદોકલ ફ્રેન્ડ સિવાયના બધાં એનો સાથ છોડી ગયેલાં, પણ એને સમાધાન સ્વીકાર્ય નહોતું. એને વિશ્વાસ હતો કે ક્યારેક તો એની પાસે એવા એકાદ-બે મિત્રો હશે જે એની સાથે શાંતિથી બેસી ભવિષ્યનાં સપનાઓની, જિંદગીની, ભય અને હિંમતની વાતો કરશે.

જિંદગીમાં બદલાવ આને જ કદાચ કહેવાતો હશે. જ્યારે માણસ જાતે જ પોતાનું ગ્રૂપ બદલે ,મિત્રો બદલે પોતાની પ્રાથમિકતા બદલે. એણે ડિજિટલ ડાયરીમાં નવું ક્વોટ લખ્યું ‘આઈ એમ અલોન, બટ નોટ લોન્લી.’ બીજા શબ્દોમાં એણે મનોમન સ્વીકારી લીધું કે

‘જ્યાં સુધી મનગમતાં મિત્રો ના મળે ત્યાં સુધી આ એકાંત મને મંજૂર છે...’ ■

લાફ્ટર આફ્ટર
પ્રજ્ઞા વશી
feedback.ladki@bombaysamachar.com

# લઘુકથા જલદી લખી શકાય ખરી?




એક પ્રકાશકે બે દિવસમાં લઘુકથા પોતાના સામયિકમાં છાપવા માગી. કોઈ અમંગળ ચોઘડિયે રસિકભાઈએ મહાન લેખકોની શ્રેણીમાં બેસવા માટે પ્રકાશકને હા કહી તો દીધી, પણ કવિતા લખતા રસિકભાઈને લઘુકથા લખવામાં નવ નેજાં પાણી ઊતરવાનાં છે એ ક્યાં ખબર હતી? એમને તો એમ કે કવિતામાં જેમ જોડકણાં જોડી દઉં છું એમ આમાં પણ જલદી લખવાનું અને તે પણ લઘુ. (ટૂંકુ ને ટચ) એમાં મારા જેવા સિદ્ધહસ્ત ખેલાડીને ભલા શી વાર લાગવાની? આમ ચપટી વગાડતામાં લખીને મોકલી આપીશ.

પછી તો રસિકભાઈએ પ્રભુનું સ્મરણ કરીને નવી બોલપેન અને કાગળોની થપ્પી લઈને બેઠક જમાવી. ટેબલ ઉપર ચાની કીટલી, પાણીનો જગ અને થોડા મનગમતા નાસ્તાના ડબ્બા ઍનર્જી મેળવવા પત્ની પાસે મંગાવ્યા. પત્ની ડબ્બા, ચા - પાણી વગેરે શસ્ત્ર સરંજામ ગોઠવતી વખતે એનાં વરસોથી બોલતી આવેલા ડાયલોગ બોલીને જંપીઃ

‘તે આમ લખ લખ કરવાથી તમને હું મળવાનું છે? રૂપિયાની કમાણી નહીં ને માથાની કઢી કરવાની! રાતભરના ઉજાગરા કરવાના. પછી કેડ અમારે દબાવવાની અને દસ વાર ચા -નાસ્તાની ફરમાઈશ પૂરી કરવાની. વરસોથી કકળાટ કરું છું. પણ જરાક પણ જો મારી વાત સમજતા હોત તો આજે મારી સાથે હીંચકે બેસી ઝૂલતા હોત... પણ ના, મહાન જો બનવું છે!’

‘તારી બડ બડ બંધ કર ને બધા ડબ્બા ને જગ મૂકી દીધા હોય તો જા, તને નહીં સમજાય કે સાહિત્ય એટલે શું, લઘુકથા એટલે શું, કવિતા એટલે શું...’

‘તમને સમજી શકી એટલું શું કાફી નથી ? એકની વિદ્વતા ઓછી છે તે પાછી વળી હું લઘુકથા લખતી થઈશ તો તમને ભારે પડી જશે. સમજ્યા? મને પણ કંઈ જેવી તેવી ના સમજતા. લખવા બેસું તો તમારાથી ઝડપી લખીને મૂકી દઉં...’ (પડીકું વાળી દઉં.)

‘હવે બક બક બંધ કરીશ? કેવો સરસ પ્લોટ મનમાં આવ્યો હતો તે પણ રામ જાણે! આ તારા બકવાસમાં ક્યાંનો ક્યાં છટકી ગયો.’

‘આવા વગર કામના પ્લોટ પાછળ મગજ ઘસઘસ કરો છો એના કરતાં એક બંગલો બાંધવાનો પ્લોટ શોધવા હું તમને વરસોથી કહું છું. તે શોધી કાઢતા હોય તો એક સરસ બંગલામાં આપણે રહેતાં હોત. પણ ના... આવા નકામા હવાઈ મહેલ પ્લોટ બનાવવા બેવડ વળી ગયા તોય સાનભાન ઠેકાણે આવતી નથી. રાત આખી છેકછાક કરશો, કૈં કેટલા કાગળોનો કચ્ચરઘાણ વાળશો, ઘર ગંદું કરશો, ચા - નાસ્તા પૂરાં કરશો અને સવારે દસ વાગ્યે મહાશય ઊઠશે ત્યારે કહેશે... કોઈ પ્લોટ હોય તો બતાવને. વાર્તા તો જામતી જ નથી...’

આખરે કીટલીમાંથી ચા પીધી. જેથી ચેતાતંત્ર, મગજ ઝડપથી કામ કરતું થાય. મા સરસ્વતીને વંદન કરી પહેલાં પાત્રાલેખન વિશે એમણે મંથન કર્યું. એમણે વિચાર્યું કે લઘુકથામાં પતિ- પત્ની અને ક્યાં બે છોકરા, ક્યાં પછી મા - બાપને પાત્ર રૂપે લઈને લઘુકથા શરૂ કરું. પછી વળી બધાને જ સમાવીને એક સંયુક્ત કુટુંબની વિભાવના જાગૃત કરવા કુલ છ પાત્ર નક્કી કરી રસિકભાઈએ વાર્તાનાં શ્રીગણેશ કર્યાં. પતિ પત્નીના ઝગડા, મા - બાપની સમજાવટ, દીકરા - દીકરી ઉપર આ ઝઘડાની ખરાબ અસર... જેવા મેલોડ્રામા ચીતરતાં ચીતરતાં લગભગ મળસકે કૂકડો બોલ્યો ત્યારે એમણે ઝોકું ખાધું અને જે સૂતા તે સીધા બપોરે બાર વાગ્યે જમવાના સમયે જ ઊઠ્યા.

ઊઠીને સીધા પોતાનાં ટેબલ - ખુરશી તરફ ગયા. તો આ શું? ટેબલ સાવ ખાલીખમ!

વાર્તાના કાગળો ક્યાં? આખી રાત ડૂચા કરીને નાખેલા કાગળો પણ ક્યાં?

‘અરે, મારા કાગળો ક્યાં છે?’

મોટેથી બરાડો પાડ્યો ને ઘરનાં બધા હાજર. માતા-પિતા, પત્ની અને બે બાળકો. કેવી સરસ લઘુકથા લખી હતી. કેટલો પસીનો પાડ્યો હતો. આખી રાતનો ઉજાગરો અને આમ મારા લખેલાં કાગળો ક્યાં ગયા?’

પત્ની બોલી,’ મેં તો કચરો કાઢ્યો જ નથી. હું તો રસોઈ કરતી હતી.’

ત્યાં કચરાપેટી ગલીના નાકે ઠાલવીને આવેલી કામવાળીએ ભોળા ભાવે કહ્યું,:

‘સાહેબ,

કાલે તમે કીધું હતું ને કે મારી આ લાઇબ્રેરી એ મંદિર સમાન છે. એમાં એક પણ કચરો, ડૂચાઓ કે ધૂળ ના હોવી જોઈએ. તે તમારો ઓરડો સાફ કરતી વેળા તમારી આજ્ઞાનું પાલન કર્યું. બધા કાગળના ડૂચાઓ ગલીના નાકેની કચરાપેટીમાં ફેંકતી આવી. જુઓ, કેટલી સરસ સફાઈ તમારા ઓરડાની કરી નાખી છે! આવી સફાઈ હું કાયમ કરતી રહીશ. તમે ખાલી પાંચસો રૂપિયા પગાર વધારી આપજો. હું સરસ રીતે બધું સફાચટ કરતી રહેવા...’

રસિકભાઈ તો સ્તબ્ધ. પણ હવે શું કરે?

એકવાર આગળની કામવાળીને ગુસ્સો કરવામાં થયેલી બબાલ યાદ આવી. રસિકભાઈનો ગુસ્સો સહન ન થતાં આગલી કામવાળી કામ છોડીને જતી રહી અને પછી કોઈ બીજીને પેલી કામવાળીએ કામે ચડવા પણ ના દીધી. રસિકભાઈએ એક વર્ષ સુધી ઊભા ઊભા ઘરમાં પોતાં મારવાનું કામ કરવું પડેલું એટલે આ કરુણાંતિકા બાદ હવે આ કામવાળી પર ગુસ્સો કરીને ય લઘુકથા તો પાછી ન જ આવે,... ઉપરથી પત્ની પણ ટોણાં મારશે કે ‘પોતાનથી એક સારો પ્લોટ શોધી લાવતા કે નથી એક સારી કામવાળીને કે નથી એક પત્નીને સાચવી શકતા... તો પછી જીવનમાં તમે શું ઉકાળવાના છો તે કહો.’

ત્યાં બહારથી નાનકો હાથમાં ભેલનું પડીકું લઈને આવ્યો અને ‘લ્યો પપ્પા, ચાખો.’ એમ કહીને પડીકું સામે ધર્યું. એ ભેલના પડીકામાં ચટણીથી તરબતર થયેલી રસિકભાઈની લઘુકથાનું શીર્ષક વાંચવા મળ્યુંઃ ‘મારી છેલ્લી દુઃખદ કથા’!

(સારું હતું કે ભેલની ચટણીમાં રંગાયેલા લેખકનું નામ રસિક લાલ વંચાતું નહોતું, નહીંતર...) ■

# યુવાનોનો સમર ‘સ્વેગ’ એટલે સનગ્લાસ

વિશેષ
પ્રતિમા અરોરા
feedback.ladki@bombaysamachar.com

ઉનાળાના આગમન સાથે માત્ર ગરમીનો પારો જ નહીં પરંતુ યુવાઓનું ફેશન મીટર પણ હાઇ થતું હોય છે. કોલેજ, કેમ્પસ, કાફે, મોલ, ટ્રાવેલ સ્પોટ, દરેક જગ્યાએ એક ખાસ પ્રકારની સ્ટાઇલ એનર્જી જોવા મળે છે. પરંતુ આ સમગ્ર સમર સ્વેગને જો કોઇ એક એક્સેસરીઝ દ્વારા વ્યક્ત કરવો હોય તો તે સનગ્લાસ છે. સનગ્લાસ માત્ર ધોમધખતા તાપથી બચવાનું સાધન માત્ર નથી, પરંતુ હવે તે એક એવી ઓળખ બની ગયા છે કે જે યુવાનોના વ્યક્તિત્વને ઉનાળામાં ખાસ લૂક આપે છે. આજે યુવાનો માત્ર કપડાં પહેરતા નથી, પરંતુ તેઓ કપડાં દ્વારા એક ખાસ લૂક બનાવે છે. આ લૂકનો સૌથી મજબૂત એન્કર સનગ્લાસ છે.

## એટિટ્યૂડનો ભાગ

પહેલા સનગ્લાસને આંખોની સુરક્ષા માટે જરૂરી માનવામાં આવતા હતા. પરંતુ હવે તે એક એટીટ્યૂડ એક્સેસરીઝ બની ગયા છે. સનગ્લાસ પહેરવાથી વ્યક્તિની બૉડી લેંગ્વેજ બદલાઇ જાય છે. થોડો આત્મવિશ્વાસ, થોડું રહસ્ય અને થોડું ‘હું બધાથી અલગ છું’નો ભાવ આવી જાય છે. ઇન્સ્ટાગ્રામ રીલ્સથી લઇને કોલેજ ફેસ્ટિવલ સુધી જો કોઇ એક એક્સેસરીઝ સૌથી વધુ લોકપ્રિય હોય તો તે સનગ્લાસ છે. આ જ કારણ છે કે સનગ્લાસને યુવાનોના એટીટ્યૂડનો સૌથી મહત્ત્વનો ભાગ માનવામાં આવે છે.

### સમર સ્વેગના પાંચ સોનેરી નિયમો

- માત્ર સ્ટાઇલ જ નહીં, આંખોની સુરક્ષાનું પણ ધ્યાન રાખો.
- ક્યારેક વધુ પડતાં એક્સપેરિમેન્ટ લૂક બગાડી નાખે છે.
- તેનો કેઝ્યુઅલ લૂક સ્લિમ અને ફ્રેમમાં આવે છે જ્યારે બોલ્ડ લૂક ઓવરસાઇઝ્ડમાં મળે છે.
- તેને પહેરવાથી સૌથી મહત્ત્વનું જે લાગે છે તે છે- ઓવર લૂક.
- જ્યારે પણ તમે કોન્ફિડન્ટ હોવ છો, ત્યારે તમારા સનગ્લાસ પણ તમારા સ્વેગનો જરૂરી ભાગ બની જાય છે.



## સોશ્યલ મીડિયાએ ટોચે પહોંચાડ્યા

આજની ફેશન માત્ર રસ્તા કે કોલેજ પૂરતી સીમિત રહી નથી. પરંતુ ખરી વાત એ છે કે આજના સમયમાં ફેશન બાકી બધી જગ્યાઓ કરતાં વધુ સોશ્યિલ મીડિયા માટે હોય છે. સનગ્લાસ ડિજિટલ ફેશનનું સૌથી મોટું હથિયાર છે. સનગ્લાસ પહેરેલા ચહેરાની સેલ્ફી વધુ શાર્પ હોય છે, જેમાં આંખોના એક્સપ્રેશન કંટ્રોલ કરી શકાય છે. સનગ્લાસથી એક કૂલ અને કંટ્રોલ્ડ ઇમેજ બને છે. આ જ કારણ છે કે યુવાનોના સનગ્લાસ માત્ર પહેરવાની વસ્તુ નથી રહ્યા પરંતુ કન્ટેન્ટ ક્રિએશનનું ટૂલ બની ચૂક્યા છે. આ જ કારણોસર વર્ષ ૨૦૨૫-૨૬માં જો સૌથી વધુ કોઇ એક્સેસરીઝના ટ્રેન્ડ બદલાયા હોય તો તે કાળા ચશ્માંના છે.

એક સમયે જે માત્ર કાળા ચશ્માં ગણાતા હતા તે સનગ્લાસ આજના સમયમાં અનેક પ્રકારની એક્સેસરીઝમાં પરિવર્તિત થઇ ચૂક્યા છે. હવે સનગ્લાસ ટિંટેડ લેન્સ એટલે કે બ્લૂ, યલો અને પિંક કલરમાં ઉપલબ્ધ છે. આજે બજારમાં સનગ્લાસ બોલ્ડ અને ડ્રામેટિક દેખાતા ઓવરસાઇઝ્ડ ફ્રેમમાં હાજર છે. હવે સ્લીમ અને શાર્પ કાળા ચશ્માં મળવા મુશ્કેલ છે. કારણ કે સનગ્લાસ એ એક્સેસરીઝ છે જે યુવાનો સૌથી વધુ એક્સપ્લોર કરે છે. સનગ્લાસ દ્વારા દરેક ચહેરો પોતાની અલગ સ્ટાઇલ રજૂ કરી શકે છે.

## ફેશન+પરફેક્શન= પરફેક્ટ સમર કોમ્બો

જ્યાં ઉનાળામાં એક બાજુ સ્ટાઇલ જરૂરી છે તો બીજી બાજુ આકાશમાંથી વરસતી આગથી બચવું પણ જરૂરી છે. તેથી સનગ્લાસ આ ઋતુ માટે સૌથી પરફેક્ટ કોમ્બો એક્સેસરીઝ છે. સનગ્લાસ આ બેલેન્સને ખરેખર પરફેક્ટ બનાવે છે, કારણ કે તેનાથી આકરાં તડકાથી આંખોનું રક્ષણ શક્ય બને છે. તેમજ પરસેવા અને થાકમાં પણ ફ્રેશ લૂક રહે છે. તો વળી ટ્રાવેલ કરતી વખતે આરામદાયક વિઝન પ્રદાન કરે છે. એટલે કે આ એક્સેસરીઝ માત્ર દેખાવ માટે નથી પરંતુ યુવાનોની જીવનશૈલીને સરળતાથી બદલી પણ નાખે છે.

## પોકેટ ફ્રેન્ડલી

સનગ્લાસની એક એ વાત બહુ સારી છે કે બજારમાં ભલે મોંઘાદાટ સનગ્લાસ ઉપલબ્ધ હોય, પરંતુ આંખો માટે ફાયદાકારક સનગ્લાસ માત્ર ૨૦૦-૩૦૦ રૂપિયામાં પણ બજારમાં મળી રહે છે. આ જ કારણ છે કે ગમે તે બેકગ્રાઉન્ડમાંથી આવતો યુવાન પોતાનો સ્વેગ બનાવવા માટે કાંઠલો ઊંચો કરીને સનગ્લાસ સાથે તેની પ્રતિબદ્ધતા વ્યક્ત કરે છે. સનગ્લાસ જેન્ડર ન્યૂટ્રલ ફેશન છે. સનગ્લાસ એ કેટલીક ગણીગાંઠી એક્સેસરીઝ પૈકીના એક છે, જે તેની રચનામાં જેન્ડર ન્યૂટ્રલ છે. કહેવાનો અર્થ એ છે કે જે સનગ્લાસ યુવતીઓ પહેરે છે, તેને કોઇપણ યુવક પણ પહેરી શકે છે, પરંતુ યુવતીઓ યુવકો કરતાં વધુ સનગ્લાસથી બોલ્ડ, સ્પોર્ટી અને શાર્પ લૂક મેળવે છે. જ્યારે યુવકો પણ અમુક અંશે સુંદર દેખાતા હોય જ છે. અહીં સૌથી મહત્ત્વની વાત એ છે કે સનગ્લાસે નાનાં-મોટાં શહેરો વચ્ચેના અંતરને બેઅસર કરી દીધું છે. જો કે દાયકાઓ પહેલા સનગ્લાસ મેટ્રો શહેર સુધી મર્યાદિત ફેશન હતી, પરંતુ સેટેલાઇટ ટીવી અને પછી સેટેલાઇટ મોબાઇલ આવ્યા બાદ સનગ્લાસની ફેશન માત્ર ભારતમાં જ નહીં પરંતુ વૈશ્વિક બની ગઇ છે. આ તેની સૌથી ખાસ વાત છે. જો કે આજના યુવાનો માટે સનગ્લાસ તેમની મજબૂત અને વિશ્વાસથી ભરપૂર જીવનશૈલીનો સૌથી મોટો અને સૌથી મજબૂત ભાગ છે. આ એક એવી એક્સેસરીઝ છે કે જે યુવાનોના વ્યક્તિત્વને વધુ નિખાર આપે છે. તે ડિજિટલ અને રિયલ બંને દુનિયાને પ્રભાવિત કરે છે. વળી સૌથી અગત્યનું એ કે તમારો પોતાનો અભિપ્રાય બીજા કોઇ કરતાં વધુ મહત્ત્વપૂર્ણ હોય છે. ■

# હોઠની ખૂબસૂરતી તમારા જ હાથમાં

ફોકસ
ઝુબૈદા વલિયાણી
feedback.ladki@bombaysamachar.com







- લિપસ્ટિક હોય કે ગ્લૉસ, એની પસંદગી કરતી વખતે ધ્યાન રાખો કે તે લાંબા સમય સુધી ટકાઉ હોય.
- આજકાલ બજારમાં એવી બ્રાન્ડ ઉપલબ્ધ છે જે લાંબા સમય કે ૮-૯ કલાક સુધી ટકી રહેવાનો દાવો કરે છે.
- તમે ઈચ્છો તો એવી લિપસ્ટિકનો ઉપયોગ કરી શકો છો.
- જો આપનો સ્કિન ટૉન ફૅર (ગૌર) હોય તો ક્યારેય પણ ડાર્ક લિપસ્ટિકની પસંદગી ન કરો.
- ગોરા રંગ પર લાઈટ રંગ જ સારા લાગે છે. એવી રીતે શ્યામ. કાળા કે ઘઉંવર્ણ રંગ પર ડાર્ક રંગની લિપસ્ટિક જેવી કે રેડ (લાલ) પ્લમ કે ડાર્ક બ્રાઉન શેડ્સ વધુ મૅચ કરે છે. ‘મુંબઈ સમાચાર’ પત્રની અત્યંત લોપ્રિય પૂર્તિમાંની લાડકી પૂર્તિની વાચક બહેન-દીકરીઓ!
- આપના હોઠના શેડથી બે શેડ લાઈટ અને બે શેડના ડાર્કની પસંદગી ક્યારેય ન કરો. એમાંય જો જો તમે દિવસના સમયે મેકઅપ કરી રહ્યાં હોય તો એ વાતનું સવિશેષ ધ્યાન રાખો.
- ફૉર્મલ પ્રસંગ માટે સેમિ પરમેનેન્ટ (લાંબા સમય સુધી ટકે તેવી લિપસ્ટિક)ની પસંદગી કરો.
- લિપસ્ટિકનો શેડ પસંદ કરતી વખતે તમારા હોઠના આકારને ધ્યાનમાં રાખીને પસંદ કરો.
- જો આપના હોઠ મોટા હોય તો લિપસ્ટિકનો શેડ ડાર્ક અર્થાત્ ઘેરો પસંદ કરો, કેમ કે લાઈટ શેડથી હોઠનો આકાર વધુ મોટો દેખાશે, જ્યારે ડાર્ક શેડથી હોઠ પાતળા દેખાશે.
- લિપગ્લૉસ અને શિમરી લિપસ્ટિક લગાવવાથી હોઠોનો આકાર મોટો લાગે છે, જ્યારે મેટી શેડ્સથી હોઠોનો આકાર પાતળો દેખાશે.
- જો આપનો નીચેનો હોઠ પાતળો હોય તો લિપસ્ટિક લગાવ્યા પછી હોઠના એકદમ વચમાં સિલ્વર કે ગોલ્ડ ટચથી હાઈલાઈટ કરો, જેનાથી હોઠ મોટા દેખાશે.
- લિપસ્ટિક લગાવતાં પૂર્વે હોઠો પર સનસ્ક્રિન લગાવવું ભૂલશો નહીં.
- જો તમારા હોઠ ફાટેલા હોય તો કોઈ પણ શેડ આપના હોઠોને ખૂબસૂરત બનાવી શકતો નથી!
  એટલા માટે હંમેશાં હોઠોને મોશ્ચરાઈઝ કરતા રહો.
- ઓરેન્જ અને રેડ લિપસ્ટિકથી દાંતોનું પીળાપણું ઊભરી આવે છે.
- મેટ લિપસ્ટિક,
- ગ્લૉસી લિપસ્ટિકની તુલનામાં વધુ સમય ટકે છે.
- કોઈ અન્ય વ્યક્તિ પર ખૂબસૂરત દેખાતો શેડ જોઈને જ તમે તમારા માટે એ શેડની લિપસ્ટિક ખરીદવા તૈયાર ન થઈ જશો, કેમકે સ્કિનટૉન અનુસાર લિપસ્ટિકના શેડની અસર પણ દરેક ચહેરા પર અલગઅલગ થાય છે. શક્ય છે કે સામેવાળી વ્યક્તિ પર સુંદર લાગતો શેડ તમારા પર સુંદર ન પણ લાગે.
- લિપસ્ટિક લાંબા સમય સુધી ટકી રહે એટલા માટે એકવાર લિપસ્ટિક લગાવ્યા પછી હોઠો પર બ્લોટિંગ પેપર મૂકો પૂછી ફરીથી લિપસ્ટિક લગાવો જેથી લિપસ્ટિક વધુ સમય સુધી ટકી રહેશે અને રંગ પણ પહેલાં કરતાં સારો આવશે.
- હોઠોને પેન્સિલથી આઉટલાઈન કર્યા પછી તેને હોઠો પર પણ લગાવો.
- જો આપે હોઠો માટે લિપસ્ટિક વાપરી હોય તો પણ આઉટલાઈન કરો છો તે પેન્સિપલનો ઉપયોગ કરો, એનાથી હોઠોનો રંગ આઉટલાઈનથી વધુ અલગ નહીં દેખાય.
- જ્યારે પણ લિપ પેન્સિલ લગાવો, તેને તીક્ષ્ણ અવશ્ય કરો જેથી હોઠોને સારો આકાર મળશે અને હોઠ ખૂબસૂરત દેખાશે. ■

### ટિપ્સ ફોર લિપ્સ

- જો આપે ડાર્ક રંગની લિપસ્ટિક લગાવી હોય અને તમે તેને કાઢી નાખવા ઈચ્છતા હો, પરંતુ ડર હોય કે તેને કાઢતાં ચહેરાનો બેસ મેકઅપ ખરાબ ન થઈ જાય, તો થોડુંક વેસેલિન ભેળવીને હોઠો પર લગાવીને ઘસો, જેથી પહેલાવાળી લિપસ્ટિક નીકળી જશે અને આપના ચહેરાનો મેકઅપ પણ નહીં બગડે.
- જો હોઠોને મોઈશ્ચરાઈઝ કરવાની જરૂર હોય તો એક વિટામિન ‘ઈ’ની કૅપ્સૂલ તોડીને તે પ્રવાહીને હોઠો પર ઘસો, જેથી હોઠોને ભેજની સાથોસાથ પોષણ પણ મળશે અને હોઠ ચમકીલા પણ બનશે.
- કેટલીક વાર મેટ લિપસ્ટિક હોઠો પર લગાવ્યા પછી ધબ્બાવાળી (પેચી) દેખાય છે એ માટે લિપસ્ટિક લગાવ્યા પછી જેતુનના તેલને હળવે હાથે હોઠ પર લગાવી લિપસ્ટિકને બરોબર ફેલાવો. (પૂરક માહિતઃ શિવાલી, અસ્મિતા)

### મલકાટ


- સંજુ : અરે બિરજુ, તારે તો ઘરકામ કરવાવાળી બાઈ (નોકરાણી) છે તો પછી તું કેમ વાસણ ધોઈ રહ્યો છે?

- બિરજુ : અરે ભાઈ સંજુ, થોડા દિવસ પહેલાં જ મેં એ નોકરાણી બાઈ સાથે લગ્ન કરી લીધાં છે.

# વાળને લાંબા, સુંવાળા ને મજબૂત બનાવવામાં ‘બાયોટિન’ કેટલુંક અસરકારક ?

નિખાર
દિક્ષિતા મકવાણા
feedback.ladki@bombaysamachar.com





વાળ વધુ મનોહર અને સુંવાળા બને એ માટે લોકો વિવિધ પદાર્થોનું સેવન કરે છે. એમાં કેટલાક માને છે કે બાયોટિન વાળના વિકાસને વેગ આપવા માટે ફાયદાકારક છે.

**હકીકતમાં આ બાયોટિન શું છે?**

બાયોટિન વિટામિન B7 K કે વિટામિન H ધરાવતું દ્રવ્ય વિટામિન છે, જે કેરોટિન પ્રોટીનનું ઉત્પાદન વધારીને વાળને મજબૂત ઘટ્ટ અને ચમકદાર બનાવે છે.

આજકાલ વાળ ખરવા, પાતળા થવા અને વૃદ્ધિ ઘટતી જવી એ સામાન્ય સમસ્યા બની ગઈ છે. બદલાતી જીવનશૈલી, તણાવ, ખરાબ આહારની આદતો અને વધતા પ્રદૂષણની અસર આપણા વાળ પર થઈ રહી છે... પરિણામે લોકો ઝડપી અને અસરકારક ઉકેલની શોધમાં છે, જેમાં આ ‘બાયોટિન’ ઝડપથી લોકપ્રિય બન્યું છે. સોશ્યલ મીડિયા ઇન્ફલ્યુસરથી લઈને આરોગ્ય નિષ્ણાતો સુધી બાયોટિનને વાળના વિકાસ માટે આવશ્યક પોષક ગણે છે. જો કે પ્રશ્ન એ છે કે શું બાયોટિન ખરેખર વાળના વિકાસમાં ને વેગમાં એટલું અસરકારક છે જેટલું તેનો દાવો કરવામાં આવે છે કે પછી એ એક કામચલાઉ ટ્રેન્ડ છે? શું દરેકને ખરેખર બાયોટિનની જરૂર છે કે પછી ડોક્ટરની સલાહ લીધા વિના એનો ઉપયોગ વધી રહ્યા છે...?

જો તમે હાલમાં બાયોટિન લઈ રહ્યા છો - અથવા શરૂ કરવાની યોજના બનાવી રહ્યા છો તો બાયોટિન વિશેની આવશ્યક માહિતી જાણી લેવી જરૂરી છે.

**બાયોટિન શું છે અને તે શા માટે મહત્ત્વપૂર્ણ છે?**

બાયોટિન એક ઉપયોગી વિટામિન તરીકે શરીર માટે ખાસ કરીને વાળ-નખ ત્વચા માટે ઉપયોગી છે. બાયોટિનની ઊણપ વાળ નબળા પાડી શકે છે અને તૂટવા-ખરવાની સંભાવના ધરાવે છે માટે આજે લોકો બાયોટિન સપ્લિમેન્ટ્સ લેવાનું શરૂ કરી રહ્યા છે.

શું બાયોટિન ખરેખર વાળના વિકાસને વેગ આપે છે?

જવાબ છે ના !

હા, એટલું ખરું કે એ એકંદરે વાળને વધુ તંદુરસ્ત બનાવે છે.

**બાયોટિન અને વાળને લગતું સંશોધન શું કહે છે?**

સંશોધન મુજબ બાયોટિન વાળ ખરતા અટકાવવામાં મદદ કરી શકે છે, પરંતુ આ ફાયદો મુખ્યત્વે એવી વ્યક્તિઓને થાય છે, જે બાયોટિનની ઊણપથી પીડાય છે. અભ્યાસોમાં જાણવા મળ્યું છે કે જેમના શરીરમાં બાયોટિનનું સ્તર ઓછું હોય છે તેઓ વાળ ખરવાની સંભાવના વધારે હોય છે. આવા કિસ્સામાં બાયોટિન સપ્લિમેન્ટ્સ લેવાથી થોડો સુધારો થઈ શકે છે. જો કે જે વ્યક્તિઓમાં બાયોટિનની ઊણપ નથી તેમના માટે કોઈ નિર્ણાયક પુરાવા નથી કે ફક્ત બાયોટિન લેવાથી વાળ ખરવાનું બંધ થઈ જશે. વાળ ખરવાના અન્ય વિવિધ કારણ હોઈ શકે, જેમ કે હોર્મોનલ અસંતુલન (થાઇરોઇડ સમસ્યા), પોષણની ઊણપ (આયર્ન, ઝીંક, અથવા પ્રોટીન), ઝડપી વજન ઘટવું, અથવા આનુવંશિક પરિબળ.

**વધુ પડતા બાયોટિન સેવનના જોખમ શું છે ?**

બાયોટિન સપ્લિમેન્ટ્સને સામાન્ય રીતે સલામત માનવામાં આવે છે, કારણ કે બાયોટિન પાણીમાં દ્રાવ્ય વિટામિન છે; પરિણામે તે શરીરમાં વધુ પડતી માત્રામાં એકઠું થતું નથી. જોકે ખૂબ મોટી માત્રામાં (ઓવરડોઝ) લેવાથી અનિદ્રા, વધુ પડતી તરસ અને વારંવાર પેશાબ જેવી કેટલીક પ્રતિકૂળ અસરો થઈ શકે છે માટે બાયોટિન સપ્લિમેન્ટ્સ લેતા પહેલા ડોક્ટર અથવા ડાયેટિશિયનની સલાહ લેવી જરૂરી છે.■

મુંબઈ સમાચાર YouTube ગુજરાતી




રોજિંદા કામકાજની વ્યસ્તતા વચ્ચે મેળવો હળવી પળો અને રસપ્રદ વાતોનો ખજાનો.

મુંબઈ સમાચારની ઓફિશિયલ ગુજરાતી યુટ્યૂબ ચેનલ પર સવારે ૧૧ વાગ્યે.

https://youtu.be/FEGYYs5pLww

આજે જ સબસ્ક્રાઇબ કરો અને જોડાયેલા રહો!

# પુરુષ

મેલ મેટર્સ
અંકિત દેસાઈ
feedback@bombaysamachar.com


## વર્ક-લાઈફ બેલેન્સનો નિયમ શું પુરુષને લાગુ ન પડે?

'વર્ક-લાઈફ બેલેન્સ' શબ્દ જ્યારે પણ કાને પડે છે ત્યારે મોટાભાગે આપણી નજર સામે એક એવી સ્ત્રીનું ચિત્ર ઉપસે છે, જે એક હાથમાં ઓફિસની ફાઈલ અને બીજા હાથમાં ઘરની જવાબદારીઓ સંભાળી રહી હોય. દાયકાઓથી આ વિભાવનાને માત્ર સ્ત્રીલક્ષી બનાવી દેવામાં આવી છે, જાણે પુરુષો માટે તો જીવન એટલે માત્ર કામ... કામ ને કામ જ!

જોકે બદલાતા સમય સાથે એ સ્વીકારવું અનિવાર્ય બન્યું છે કે કાર્ય અને અંગત જીવન વચ્ચેનું સંતુલન જેટલું સ્ત્રીઓ માટે જરૂરી છે, એટલું જ, કદાચ તેનાથી પણ વિશેષ અત્યારે પુરુષો માટે જરૂરી બન્યું છે. પુરુષ માટે આ સંતુલન માત્ર સમયના વ્યવસ્થાપનનો વિષય નથી, પણ તે તેમના શારીરિક સ્વાસ્થ્ય, માનસિક શાંતિ અને કૌટુંબિક સુખનો પાયો છે.

ઐતિહાસિક રીતે જોઈએ તો સમાજે પુરુષને હંમેશાં 'પ્રોવાઈડર' એટલે કે કમાનાર વ્યક્તિ તરીકે જ જોયો છે દર્શાવ્યો છે. નાનપણથી જ છોકરાઓને એવું શીખવવામાં આવે છે કે તેની સફળતાનો માપદંડ તેનું બૅંક બેલેન્સ, તેની પદવી અને તેની કાર છે. આ સામાજિક ઘડતરને કારણે પુરુષ અજાણતા જ એક એવા ચક્રવ્યૂહમાં ફસાઈ જાય છે, જ્યાં તેને લાગે છે કે જો તે સતત કામ નહીં કરે તો તે નિષ્ફળ ગણાશે. આ 'હસલ કલ્ચર' અથવા સતત દોડતા રહેવાની વૃત્તિએ પુરુષ પાસેથી તેમનું અંગત આકાશ છીનવી લીધું છે. ઓફિસના કલાકો પૂરા થયા પછી પણ લેપટોપ પર કામ કરવું, રજાના દિવસે પણ ક્લાયન્ટના ફોન ઉપાડવા અને સતત પ્રમોશનની ચિંતામાં રહેવું એ હવે નવો સામાન્ય ક્રમ બની ગયો છે, પરંતુ આ પ્રક્રિયામાં પુરુષ પોતે ક્યાંક ખોવાઈ જાય છે.

જ્યારે એક પુરુષ પોતાના કામ અને જીવન વચ્ચે સંતુલન ખોઈ બેસે છે ત્યારે તેની સૌથી પહેલી અને ગંભીર અસર તેના સ્વાસ્થ્ય પર પડે છે. પુરુષોમાં જોવા મળતા હૃદયરોગના હુમલા, બ્લડ પ્રેશર, ડાયાબિટીસ અને અનિદ્રા પાછળનું મુખ્ય કારણ અતિશય કાર્યભાર અને માનસિક તણાવ છે. 'કામ પ્રત્યેની વફાદારી' સાબિત કરવાની લ્હાયમાં પુરુષો ઘણીવાર પોતાના શરીરના સંકેતોને અવગણે છે. પૂરતી ઊંઘ ન લેવી, જમવાનો કોઈ ચોક્કસ સમય ન હોવો અને કસરત માટે સમય ન ફાળવવો એ બધું લાંબા ગાળે જીવલેણ સાબિત થાય છે. માનસિક રીતે પણ, પુરુષો પોતાની વ્યથા વ્યક્ત કરી શકતા નથી, કારણ કે તેમને 'મજબૂત' દેખાવાનું દબાણ હોય છે. આ સ્થિતિમાં જો વર્ક-લાઈફ બેલેન્સ ન હોય તો ડિપ્રેશન અને એન્ઝાયટી જેવા રોગ મૂંગા મોઢે ઘર કરી જાય છે.



સ્વાસ્થ્ય પછી બીજું મોટું નુકસાન કૌટુંબિક સંબંધોમાં જોવા મળે છે. પિતા તરીકેની જવાબદારી માત્ર બાળકની સ્કૂલ ફી ભરવા પૂરતી સીમિત નથી. બાળકને તેના પિતાના પૈસા કરતાં તેના પિતાના સમયની વધુ જરૂર હોય છે. જ્યારે એક પિતા ઘરના પ્રસંગોમાં ગેરહાજર રહે છે અથવા ઘરે હોવા છતાં માનસિક રીતે ઓફિસના વિચારોમાં મગ્ન હોય છે ત્યારે સંતાનો સાથેનું તેનું જોડાણ નબળું પડે છે. તેવી જ રીતે, જીવનસાથી સાથેના સંબંધોમાં પણ શુષ્કતા આવવા લાગે છે.

સંવાદની જગ્યા દલીલો લઈ લે છે ને એ પછી વિવાદમાં પલટાઈ જાય છે, કારણ કે પત્નીને લાગે છે કે પતિ માત્ર ઘરને 'હોટેલ'ની જેમ વાપરે છે. પરિવાર માટે સમય ફાળવવો એ કોઈ અહેસાન નથી, પણ એ દરેક પુરુષની પાયાની જરૂરિયાત છે, કારણ કે અંતે તો આ પરિવાર જ તેને માનસિક ટેકો પૂરો પાડે છે.

ઘણીવાર એવી દલીલ કરવામાં આવે છે કે કોર્પોરેટ જગતમાં સ્પર્ધા એટલી વધી ગઈ છે કે જો તમે સમય નહીં આપો તો બીજા આગળ નીકળી જશે. સત્ય એ છે કે જે વ્યક્તિનું અંગત જીવન સુખી અને સંતુલિત હોય છે, તેની કાર્યક્ષમતા (Productivity) ઓફિસમાં પણ અનેકગણી વધી જાય છે. જે માણસ વીકેન્ડમાં પરિવાર સાથે ક્વોલિટી ટાઈમ વિતાવે છે તે સોમવારે નવા ઉત્સાહ અને સર્જનાત્મક વિચારો સાથે ઓફિસ જઈ શકે છે. 'બર્નઆઉટ' થયેલો કર્મચારી ક્યારેય લાંબુ અંતર કાપી શકતો નથી. તેથી સંસ્થાઓએ પણ હવે 'મેલ વર્ક-લાઈફ બેલેન્સ' પર ભાર મૂકવાની શરૂઆત કરવી પડશે. પુરુષે એ પોતે પણ સ્વીકારવું પડશે કે ઓફિસની બહાર પણ તેમનું એક અસ્તિત્વ છે.

વર્ક-લાઈફ બેલેન્સ જાળવવા માટે પુરુષે પોતાની પ્રાથમિકતાઓ સ્પષ્ટ કરવી પડશે. દિવસના ચોક્કસ કલાકો પછી ડિજિટલ ડિટોક્સ (મોબાઈલ-લેપટોપથી દૂરી) અનિવાર્ય છે. રવિવાર કે રજાના દિવસે ઓફિસના મેલ ચેક ન કરવા એ શિસ્તનો ભાગ હોવો જોઈએ. સાથે જ, પોતાના કોઈ શોખ કે 'મી ટાઈમ' માટે સમય કાઢવો એ કોઈ ગુનો નથી. પુસ્તક વાંચવું, સંગીત સાંભળવું કે મિત્રો સાથે બેસવું એ લક્ઝરી નથી, પણ માનસિક રિચાર્જિંગની પ્રક્રિયા છે. પુરુષોએ એ સમજવાની જરૂર છે કે જો તેઓ આજે પોતાના સ્વાસ્થ્ય અને પરિવાર માટે સમય નહીં ફાળવે તો ભવિષ્યમાં તેમની પાસે સફળતા તો હશે પણ તેને માણવા માટે ન તો શરીર સાથ આપશે, ન તો પરિવારની હૂંફ હશે.

આ વિશે આખરમાં તો એટલું જ કહી શકાય કે, વર્ક-લાઈફ બેલેન્સ એ જેન્ડર-ન્યુટ્રલ વિષય છે. તે માત્ર સ્ત્રી માટેની સુવિધા નથી, પણ દરેક પુરુષનો અધિકાર અને જવાબદારી છે. સફળ પુરુષ એ નથી જેણે સૌથી વધુ કમાણી કરી છે, પણ સફળ પુરુષ એ છે જેણે પોતાના વ્યવસાયિક લક્ષ્યોની સાથે સાથે પોતાની શારીરિક સુખાકારી અને પરિવારના સ્મિતને પણ સાચવી રાખ્યું છે. પુરુષત્વની સાચી ઓળખ જવાબદારીઓ નિભાવવામાં છે અને એ જવાબદારીમાં સ્વ-સંભાળ (Self-care) અને સપરિવાર સમયનો પણ સમાવેશ થાય છે.

હવે સમય પાકી ગયો છે કે પુરુષો પણ 'ના' પાડતા શીખે અને પોતાના જીવનની ગુણવત્તા વધારવા માટે આ સંતુલનને ગંભીરતાથી અપનાવે. ■



# ડિયર હની... તારો બન્ની
પત્નીને પત્ર

કૌશિક મહેતા
feedback@bombaysamachar.com

## છૂટાછેડા પછી દીકરીનું ભવ્ય સ્વાગત!

*ડિયર હની,*

*છૂટાછેડા... આ શબ્દથી જ આખા પરિવારમાં હલચલ મચી જાય છે. એક તો છૂટાછેડાની પ્રક્રિયા બહુ લાંબી અને અકળાવનારી હોય છે અને છૂટાછેડા થઇ ગયા પછી શું? એ પ્રશ્ન પૂછાતો જ રહે છે, પણ મેરઠનો એક કિસ્સો છે. આઠ વર્ષે છૂટાછેડા મળે છે ને બાદમાં એ દીકરીનું પિતા ધામધૂમથી ઘેર સ્વાગત કરે છે. ઢોલ નગારાં વાગે છે અને પરિવારજનોએ ખાસ ટીશર્ટ પહેર્યા છે, જેના પર લખ્યું છે: 'આઈ લવ માય ડોટર.'*

*આપણા સમાજમાં આવી ઘટના ભાગ્યે જ બનતી હશે, કારણ કે, આપણે ત્યાં લગ્નને માત્ર કાયદેસરતા નહિ પણ સામાજિક બંધન ગણવામાં આવે છે. લગ્ન માત્ર બે વ્યક્તિ વચ્ચે થતા નથી, પણ બે પરિવાર વચ્ચે થતા હોય છે અને સામાન્ય રીતે સાસરિયામાં વહુને નાનો- મોટો ત્રાસ અપાતો હોય તો એ સહી લે છે. એ પોતાના ઘેર ફરિયાદ પણ કરતી નથી અને કરે તો મોટાભાગે મા-બાપ તરફથી એક જ સલાહ મળે છે : 'બેટા... થોડું સહન કરી લે. એડજસ્ટ થઇ જા...' વિગેરે.*

*હમણાં 'ચીરૈયા' નામની એક સિરિયલ જોઈ. એમાં જે વિષય છેડવામાં આવ્યો છે એની ચર્ચા જાહેરમાં થતી નથી. એ છે, મેરિટલ રેપ. પત્નીની અસંમતિ હોય તો પતિ શરીર સુખ માણી શકે ખરો? આ વિશે આપણે ત્યાં કાયદો પણ નથી, પણ અહીં સવાલ સ્ત્રીના હકનો છે- આત્મસન્માનનો છે અને આજ સિરિયલનું જે ગીત છે એ બહુ મજાનું છે:*

***'તપતી ધૂપ મેં ઠંડી છૈયા, મેરે આંગન કી ચિરૈયા... કભી ઉડતી હૈ, કભી ગિરતી હૈ, ખુદ અપના આસમાં ચુનતી હૈ...***

***ના રોકો ઇસ કે પરવાઝ કો, ના બાંધો ઇસકી આવાઝ કો... યે નયે યુગ કી હે કહાની, થોડી ચંચલ, થોડી સયાની...***

***ચિરૈયા... ઓ રે ચિરૈયા...***

*(ચિરૈયા એટલે નાનું નમણું પંખી...ચિડિયા. આ શબ્દ કેટલીક વાર ઘરને વહુ દીકરી માટે પણ વપરાય છે.)*

*બહુ મજાના શબ્દો છે આ ગીતના, પણ વહુને એવી સ્વતંત્રતા મળતી નથી. અલબત, પત્ની વિરોધ કરે છે પણ એનું સાંભળે કોણ? માને કહે છે તો એ વાત અવગણે છે અને કહે છે એવું તો ચાલ્યા કરે... અને પછી લડાઈ શરૂ થાય છે. ઘરના પુરુષ સભ્યો અને પુરુષ પ્રધાન સમાજ પર વાર થાય છે, પણ આખરે શું? એને કાયદાથી કઈ રીતે ન્યાય મળે?*

*સવાલ એ છે કે, આ સ્થિતિમાં શું થવું જોઈએ? ન્યાય ના મળે તો શું કરવું? અને પિયરથી જ સાથ ના મળે તો એ દીકરી ક્યાં જાય? સમાજમાં આસપાસ એવા ઘણા કિસ્સા જોયા છે, જેમાં પતિ- પત્ની કોઈને કોઈ કારણોસર અલગ રહેતા હોય છે. કોઈ કેસ કબાડા નથી થતા, પણ સાથે છુટકારો પણ થતો નથી. કેટલાક કિસ્સામાં સ્ત્રી પોતાના પગ પર ઊભી રહી જીવન ગુજારે છે, જો કે સમાજ એને જરા જુદી દૃષ્ટિથી જુએ છે. કોઈ કિસ્સામાં માવતર એનો સ્વીકાર કરે છે, પણ ત્યાં પણ એના માટે પહેલા જેવી જગ્યા બનતી નથી.*

*છૂટાછેડા પણ એમ ક્યાં ઝડપથી મળે છે? એમાં પણ પ્રતાડના તો દીકરીએ જ સહેવી પડે છે. કોઈ મા-બાપ એવું ઇચ્છતા નથી કે એની દીકરીનું ઘર તૂટે. એ વાત સાચી, પણ ત્રાસ વધતો જાય અને એ અસહ્ય બની જાય ત્યારે શું કરવું? મા-બાપ સાથ ના દે તો કોણ દે?*

*આ સ્થિતિમાં મેરઠનો કિસ્સો સમાજ માટે પથદર્શક બની શકે છે. આઠ વર્ષ સુધી એ દીકરીએ સાસરિયામાં ત્રાસ સહન કર્યો. એના પિતા નિવૃત્ત જજ, એમણે કહ્યું કે દીકરી પરણી જાય પછી સાસરિયામાં જ રહે ભલે ને ત્યાં એ દુઃખી દુઃખી હોય એ વિચારધારા બદલાવી પડશે. દીકરી ખુશ ના હોય તો એણે સાસરીમાં રહેવા માટે મજબૂર કરવું એ ખોટું છે.*

*આ પિતા સલાહ આપે છે કે, છૂટાછેડા એ જીવનનો અંત નથી, પરંતુ એક નવી સુખદ શરૂઆતનો માર્ગ છે. આ પરિવાર આર્થિક રીતે સંપન્ન છે અને એટલે પિતાએ કહ્યું કે, અમે દીકરી માટે કોઈ ભરણપોષણ માગવાના નથી કે પછી કોઈ સમાના પણ પરત લેવાના નથી. સમાજને અમે એક સંદેશ આપવા ઇચ્છીએ છીએ.*

*ભારતમાં છૂટાછેડાનું પ્રમાણ પહેલાં કરતાં વધ્યું છે. કારણો એકથી વધુ છે. દીકરીઓ વધુ ભણતી થઇ છે. આર્થિક રીતે પગભર હોય છે એટલે એ ખોટું સહન કરતી નથી. એક સમયે અલગ થવા માટે નિર્ણય લે છે. સારી વાત એ છે કે, પશ્ચિમની જેમ આપણે ત્યાં ફટાફટ છૂટાછેડા લેવાતા નથી. ભારતમાં ૧૦૦ કિસ્સાએ એકમાં આવું બને છે, પણ જેમાં છૂટાછેડા નથી લેવાતા એ કિસ્સામાં દીકરી કેટલું બધું સહન કરે છે? એ ત્રાસની તીવ્રતા કેટલી? પણ દીકરીએ ક્યારેક કહી દેવું જોઇએ કે, 'બસ, ઇનફ ઈઝ ઇનફ?'*

*આ સવાલનો જવાબ જલદી મેળવવો પડશે.*

**તારો બન્ની**

# સંધ્યા છાયા

## વરિષ્ઠ નાગરિકનું માન-અપમાન

feedback.ladki@bombaysamachar.com
નીલા સંઘવી

**તાજેતરમાં** હાઇ કોર્ટે એક મહત્ત્વનો ચુકાદો આપ્યો હતો. કોર્ટે કહ્યું હતું કે વરિષ્ઠ નાગરિકોનું રક્ષણ કરતાં કાયદાનું વ્યાપક અને ઉદાર અર્થઘટન કરવાની જરૂર છે. વરિષ્ઠ નાગરિકોનું સુરક્ષિત સન્માજનક અને શાંતિપૂર્ણ જીવન જીવવાનો અધિકાર છે. ન્યાયાધીશે ઉમેર્યું હતું, વરિષ્ઠ નાગરિકોની સંભાળ રાખવાનો અર્થ ફકત નાણાકીય સહાય પૂરી પાડવા પૂરતો મર્યાદિત નથી. તેમાં સલામત રહેઠાણ પૂરું પાડવાનો અને વૃદ્ધ વ્યક્તિ ગૌરવ સાથે સામાન્ય જીવન જીવી શકે તે સુનિશ્ચિત કરવાનો પણ સમાવેશ થાય છે.

ચુકાદામાં હાઇ કોર્ટની આ વાત યોગ્ય જ છે, કારણકે વયસ્ક નાગરિકોને ઘણી વખત આવાં સંજોગોનો સામનો કરવો પડે છે.

શીલાબહેન ૭૦ વર્ષે વિધવા થયાં . પતિના અવસાન સમયે તે સાથે તેમના પુત્ર-પુત્રવધૂ પણ રહેતા હતા. પતિના અવસાન પછી પણ તે બધા સાથે જ રહ્યાં. શીલાબહેન જે ફલેટમાં રહેતા હતા, તે ફલેટ તેમના નામે હતો. પુત્ર-પુત્રવધૂ પણ સારી રીતે સાથે રહેતા હતા તેમાં શીલાબહેનને કોઇ પ્રોબ્લેમ ન હતો.

જોકે લાંબો સમય સંબંધો સારા રહેતા નથી. લોભ અને લાલચને કારણે પરિવારમાં પણ એમ જ બન્યું. દીકરા-વહુના મનમાં લોભ-લાલચ જાગી, શીલાબહેનને એક પુત્રી પણ હતી. દીકરાને થયું આખો ફલેટ મારા નામે જ કરાવી લઉં, કાલે કયાંક મારી બહેન ફલેટમાં ભાગ પડાવવા આવશે તો? દીકરા-વહુના મનમાં આ વિચાર આવતા જ દીકરાએ માને કહ્યું.

''મમ્મી, તું આ ફલેટ મારા નામે કરી દે. હું પેપર તૈયાર કરાવું છું. તારા જીવતા જ આ ફલેટ મારા નામે થઇ જાય તો સારું, કારણકે તું ન રહે પછી સોસાયટીવાળા અને સરકાર તરફથી ઘણાં પ્રોબ્લેમ આવી શકે. બહુ બધી ઝંઝટ કરવી પડે, તેથી તારી હયાતીમાં જ જો આ ફલેટ મારા નામે થઇ જાય તો પછી ઉપાધિમાંથી બચી જવાય.''

'બેટા, હજુ તો હું સાજી સારી છું.ઉતાવળ શું છે ? થોડા સમયમાં જ વીલ બનાવવાની છું. તેમાં ફલેટ તારા નામે લખી દઇશ. પછી કોઇ વાંધો નહીં આવે' એવું શીલાબહેને કહ્યું, પણ એ વાત દીકરા-વહુને જંચી નહીં. વહુ પોતાના પતિના કાન ભરવા લાગી. મમ્મીને ફલેટમાં દીકરીને ભાગ આપવો છે. તેથી જ તમારા નામે કરવા તૈયાર નથી.

દીકરા-વહુ બન્નેને બહુ ગુસ્સો આવ્યો હતો. દીકરાએ મા સાથે બોલવાનું જ બંધ કરી દીધું. વહુ પણ વાતે વાતે છણકા કરવા લાગી. શીલાબહેનને મહેણાં મારવા લાગી :

'સાચવીએ અમે છીએ ને ફલેટ પોતાના દીકરાને નામે કરવા માટે તમારો જીવ ચાલતો નથી. કેવી મા છો તમે? દીકરા માટે તો મા જાન આપી દે. તમે એક ફલેટ માટે સાઇન કરતા નથી...' વગેરે... વગેરે...

શીલાબહેન વહુના આવા વ્યવહારથી ત્રાસી ગયા હતા. ધીરે ધીરે વહુની ચઢામણીથી દીકરો પણ મા સાથે ઝઘડા કરવા લાગ્યો. પુત્ર-પુત્રવધૂનો ત્રાસ બહુ જ વધી ગયો.

એક દિવસ તો ઝઘડા દરમિયાન દીકરો માને મારવા દોડયો. શીલાબહેન ડરી ગયાં . પછી ફરી એકવાર બોલાચાલી થઇ ત્યારે તો ઝઘડતા ઝઘડતા ગુસ્સામાં દીકરાએ શીલાબહેનને ધકકો મારી દીધો. શીલાબહેન પડી ગયાં તેમને પગમાં સારું એવું વાગી ગયું હતું. પગ ઊંચો થતો ન હતો. ઊભા તો થઇ જ શકાતું ન હતું.




દીકરો-વહુ તો પોતાના રૂમમાં ચાલી ગયા . શીલાબહેન રડતાં હતાં કામવાળીને દયા આવી તેણે કહ્યું, 'દાદીલા ફોન કરુન સાંગા... દીકરીને ફોન કરીને વાત તો કરો...' શીલાબહેને દીકરીને ફોન જોડયો. રડતાં રડતાં હકીકત જણાવી. થોડી જ વારમાં દીકરી-જમાઇ આવી ગયા. શીલાબહેનને ડોકટર પાસે લઇ ગયા. ફ્રેકચર હતું. પગે પ્લાસ્ટર આવ્યું. બે મહિના પછી પ્લાસ્ટર ખોલવાનું હતું. આવી પરિસ્થિતિમાં શીલાબહેન પોતાના ઘેર તો જઇ જ શકે તેમ ન હતા. ત્યાં તેમનું કોણ ધ્યાન રાખે? તેથી દીકરી શીલાબહેને પોતાને ઘેર લઇ ગઇ. માની સેવા શુશ્રૂષા કરી, બે મહિના પછી પ્લાસ્ટર ખોલ્યું. તો પણ હજુ શીલાબહેનને ચાલવામાં તકલીફ પડતી હતી. તેથી દીકરી-જમાઇએ હમણાં ઘેર જવા ના પાડી. એકદમ સારું થઇ જાય પછી જ ઘેર મૂકી જઇશું એમ કહ્યું.

આટલું બધું શીલાબહેન સાથે થયું છતાં દીકરો-વહુ માને જોવા માટે પણ આવ્યા નહીં. શીલાબહેન વિચારતા હતા ઘેર જઇને શું કરીશ? આ લોકોએ તો વેર બાંધ્યું છે. પણ પોતાને ઘેર તો જવું જ પડે ને? એટલે સાજા થઇ ગયા બાદ શીલાબહેન પોતાના દીકરી, જમાઇ સાથે ઘેર ગયા. બેલ મારી, પણ દરવાજાની અંદર લાગેલા કેમેરાથી વહુએ આ લોકોને જોઇ લીધાં અને દરવાજો ન ખોલ્યો તે ન જ ખોલ્યો. આમ તો સામાન્ય રીતે શીલાબહેન પાસે પોતાની ચાવી રહેતી, પણ તે દિવસે વાગ્યું હતું અને ઉતાવળમાં દીકરી-જમાઇ સાથે નીકળી ગયા હતા. તેથી ચાવી તો પોતાના ઘરમાં પર્સમાં જ રહી ગઇ હતી.અંતે કંટાળીને શીલાબહેન અને દીકરી-જમાઇ પાછા ઘેર ગયા. ઘેર જઇને દીકરીએ પોતાના ભાઇને ફોન કર્યો તો ઊંચકયો નહીં, મેસેજ કર્યો જવાબ આપ્યો નહીં. આનો અર્થ તો એવો થયો કે માને ઘરમાં આવવા દેવી નથી. માના પોતાના જ ઘરમાં મા ન જઇ શકે એ કેવું?

જમાઇએ વકીલની સલાહ લીધી અને દીકરા-વહુ સામે કેસ કર્યો. કોર્ટે માતાના માલિકીનો ફલેટ ખાલી કરવા માટે દીકરા-વહુને આદેશ આપ્યો. શીલાબહેન કોર્ટમાં વિનંતી કરી હતી કે દીકરા-વહુને ઘરમાંથી બહાર કાઢવામાં આવે , જેથી પોતે શાંતિથી રહી શકે કોર્ટના નિર્ણય સામે પુત્ર-પુત્રવધૂએ હાઇ કોર્ટમાં અરજી કરી હતી. બધા પાસાઓ પર વિચાર કર્યા બાદ કોર્ટે સ્પષ્ટ કર્યું હતું. ફલેટ માતાને નામે હોવાથી તેને તે મિલકતમાં રહેવાનો સંપૂર્ણ અધિકાર છે. પુત્ર-પુત્રવધૂને ફલેટ ખાલી કરવા માટે ૩ અઠવાડિયાનો સમય આપ્યો હતો.

ત્રાસ આપતા સંતાનોને ખોટી મમતા બતાવાને બદલે કે એને તાબે થવાને બદલે તેમને દરવાજો દેખાડી દેવો એ જ યોગ્ય છે. ■






# કીર્તિદાન ગઢવીએ મુંબઈને ઘેલું કર્યું

## ‘મુંબઈ સમાચાર’ માતૃભાષા ભાગવત સપ્તાહમાં ડાયરાની જમાવટ









મુંબઈ: ‘મુંબઈ સમાચાર’ આયોજિત માતૃભાષા ભાગવત સપ્તાહમાં સોમવારે ભાઈશ્રીના કથા વાંચન પછી ખળખળ વહેતી સરિતા જેવું પરફોર્મન્સ ૨૬ વર્ષની યુવાન ગાયિકા મૈથિલી ઠાકુરનું હતું. લોકસંગીતથી લોકહૈયે વસેલા ૫૧ વર્ષના ડાયરા સમ્રાટ કીર્તિદાન ગઢવીએ ઘૂઘવતા મહાસાગર જેવું પરફોર્મન્સ આપી, રમઝટ બોલાવી ડાયરાની જમાવટ કરી. ખુદ કીર્તિદાન ગઢવીના શબ્દોમાં કહીએ તો ‘મુંબઈ ગાંડુંઘેલું થયું હતું’. બોરીવલીના સ્વ. બાળાસાહેબ ઠાકરે ક્રીડા સંકુલમાં વૈષ્ણવો જે તાનમાં ઝૂમી રહ્યા હતા એ ગઢવીની પ્રતિક્રિયાની પાવતી હતી.

‘તેરી લાડકી’ ગીતથી ગુજરાતીઓના હૈયે વસી ગયેલા કીર્તિદાનનો કાર્યક્રમ માણવા વિશાળ ડોમમાં એક વધારાની ખુરશી મૂકવા જગ્યા નહોતી એ પરિસ્થિતિમાં સતત ત્રણ કલાક સુધી હાજર કીર્તિદાનના રસિયાઓએ મન મૂકીને કાર્યક્રમ માણ્યો. પ્રારંભમાં સૂર - તાલથી માહોલ તૈયાર કરી ભગવાન શિવની ભક્તિ, શક્તિ અને આસ્થાનું પ્રતીક ગણાતો ‘હર હર મહાદેવ’નો નાદ કર્યો એને સંગીત રસિયાઓએ જે ઉમળકાથી અને ઉત્સાહથી પ્રતિસાદ આપ્યો ત્યારે એસી ડોમ કૈલાશ પર્વત બની ગયો હોય એવી અનુભૂતિ થઈ. પરિવારમાં દીકરી જન્મને સૌથી ઊંચા સ્થાને બેસાડી ગઢવીએ ‘દીકરી બાપને દાતાર બનાવે’ એવું કહેતા લાગણીભીના થયેલા અનેક હૃદય વંદન અવસ્થામાં આવી ગયા હતા. ‘તેરી લાડકી મૈં છોડુંગી ન તેરા હાથ’ રજૂ થયું અને ગઢવી સાથે કોરસવૃંદમાં વીસ હજારથી વધુ ‘ગાયકો’ જોડાઈ ગયા હતા. સાથે સાથે ‘ઓ રે ઓ પારેવડા, તું કાલે ઊડી જાજે રે, મારી હાટુ રઈ જાને આજની રાત’થી રસિકો લોકસંગીતમાં રસતરબોળ થઈ ગયા હતા.

‘ગોકુળિયે અમને ગમતું નથી, યમુના લાગે ખારી ઝેર, મારા વાલા હારે વેર, તે તો શીદને કરાવ્યા શામળા’ અને ત્યારબાદ કૃષ્ણ ભક્તિનું સદાબહાર ગીત ‘દ્વારિકાનો નાથ મારો રણછોડ છે, એણે મને માયા લગાડી’થી હોલ ગૂંજી ઊઠ્યો. કીર્તિદાન ગઢવી એક ઉચ્ચ કોટિના ગાયક હોવાની સાથે સાથે એક અવ્વલ દરજ્જાના પ્રેઝન્ટર સુધ્ધાં છે એનો પરિચય પણ મુંબઈવાસીઓને થયો. ‘અનુપમા’ સિરિયલથી અફાટ લોકપ્રિયતા મેળવનારી રૂપા ગાંગુલી અને ફિલ્મો - ટીવીની જાણીતી અભિનેત્રી શ્વેતા તિવારીની હાજરીની નોંધ લઈ કીર્તિદાને કહ્યું કે ‘જે લોકો આખી દુનિયાને નચાવે છે એ જો આજે રસિકવૃંદ સાથે થોડું નાચશે તો ટેસડો પડશે’ એવું કહેતા બંને અભિનેત્રીઓ ગરબા રમવા લાગી હતી. ‘કન્હૈયા મોરલીવાળા લાગે બહુ રૂપાળા’ અને એના પછી હિન્દી ફિલ્મ ‘આરઆરઆર’ની જેમ ગુજરાતીમાં ‘રસિયો રૂપાળો રંગરેલિયો, ઘેર જાવું ગમતું નથી’ની રમઝટ બોલતા બોરીવલી ઘડીક વાર માટે સૌરાષ્ટ્રમાં ફેરવાઈ ગયું.

ગુજરાતી લોકસંગીતની જમાવટ પછી કીર્તિદાન ગઢવીએ ફિલ્મના લોકપ્રિય ગીતની અડધી અડધી પંક્તિ ગાઈ માઈક ઓડિયન્સ તરફ ફેરવી એમને સહભાગી બનાવ્યા. એક તબક્કે આ કાર્યક્રમ માત્ર ગઢવીનો નહીં પણ ગઢવી + વૈષ્ણવોનો લાગી રહ્યો હતો. તાન એવું ચડ્યું કે રસિયાઓ નોટોનો વરસાદ વરસાવી રહ્યા હતા. વચ્ચે વચ્ચે ‘યુગલો પણ કેવા ગજબનાક હોય છે કે સંતાન ન હોય ત્યારે લોટા તેડે અને સંતાન થાય ત્યારે એને તેડતાં નથી’ જેવી હાસ્ય - કરુણા જગાડતી પંક્તિઓ રજૂ કરી ગઢવીએ કાર્યક્રમના ટેમ્પોને તારસ્વરમાં જાળવી રાખ્યો હતો. ‘મુંબઈ સમાચાર’ના આ ભાગવત સપ્તાહના કાર્યક્રમમાં ભાવિકોને બપોરે કથા શ્રવણ અને સાંજે સંગીતનો મળેલો બેવડો આનંદ એક અનન્ય સંભારણું બની રહેશે. ■

---

‘મુંબઈ સમાચાર’ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી શુક્રવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

## ફન વર્લ્ડ

### ભાષા વૈભવ...

મરાઠી - ગુજરાતી સમાનાર્થી શબ્દોની જોડી બનાવો

| A | B |
|---|---|
| जंग | ખસી શકે |
| जंगम | પિતા |
| जंजाळ | નજીક |
| जवळ | કાટ |
| जनक | ઉપાધિ |

### જાણવા જેવું

હ ગુજરાતી મૂળાક્ષરો માંહેનો છેલ્લો એટલે ચુંમાલીસમો અક્ષર અને વ્યંજનો માંહેનો તેત્રીસમો કંઠસ્થાની વર્ણ છે. લહીઆઓ પુસ્તક લખતાં લખતાં સહેજ ઊઠવું હોય અથવા લખવાનું તે દિવસ માટે કે અમુક વખત માટે બંધ કરવું હોય તો આ અક્ષર ઉપર અટકતા નથી કારણ કે તેઓ માને છે કે હ હીણો છે.

### ગુજરાત મોરી મોરી રે

અટપટી રીતે સમજાવતા સંબંધને ઓળખી કાઢો. સ્ત્રીના સાસુના એકમાત્ર વેવાઈના જમાઈનો દીકરો સ્ત્રીના સંબંધમાં શું થાય એ દિમાગ દોડાવી જણાવો જોઉં.

અ) ભત્રીજો બ) પુત્ર
ક) પૌત્ર ડ) ભાણેજ

### નોંધી રાખો

હંમેશાં હારથી નથી હારી જતો માણસ, ક્યારેક જીત પણ માણસને તકલીફ આપતી હોય છે એ વાત યાદ રાખજો.

### શબ્દલાલિત્ય

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | | | | ૩ | | | ૪ |
| | | | | ૫ | | | | ૬ | |
| ૭ | ૮ | | | | | ૯ | ૧૦ | | |
| | ૧૧ | | ૧૨ | | | | | | ૧૩ |
| ૧૪ | | | | | ૧૫ | ૧૬ | | | |
| | | ૧૭ | | | | | | ૧૮ | |
| | | | | | ૧૯ | | | | |
| | ૨૦ | | ૨૧ | | | | | ૨૨ | ૨૩ |
| ૨૪ | | | ૨૫ | | | | ૨૬ | | |
| | | ૨૭ | | | | ૨૮ | | | |

**આડી ચાવી**

૧ હાજરી (૪)
૩ વાંસળી (૨)
૫ બીમાર, માંદું (૩)
૬ આસક્તિ, પ્યાર (૨)
૭ અહંકાર, ગર્વ (૨)
૯ સ્વચ્છ (૩)
૧૧ રાજા (૪)
૧૪ જીવ (૨)
૧૫ ઉત્સાહ, ઉત્કટતા (૩)
૧૭ કરી કરીને ---- (૩)
૧૮ ----, બાન અને શાન (૨)
૧૯ નમક, લવણ (૪)
૨૦ જુલમ (૩)
૨૨ નમેલું (૨)
૨૪ સમૃદ્ધિ (૨)
૨૫ સ્થિતિ, દશા (૩)
૨૭ હૃદય (૨)
૨૮ લોકો દ્વારા ચાલતું રાજ્ય (૪)

**ઊભી ચાવી**

૧ આરંભ, મૂળ (૩)
૨ સ્થાયી, નિત્ય (૨)
૩ કેદી સ્ત્રી (૩)
૪ છિદ્ર, કાણું (૨)
૫ ---- ને દેવાળું નહીં (૩)
૬ આનંદ, મજા (૨)
૮ એક દિશા (૩)
૧૦ રહેવાસી (૩)
૧૨ અગ્નિ (૩)
૧૩ આંખ, ચક્ષુ (૩)
૧૪ નસીબ, ભાગ્ય (૩)
૧૬ રંક, નિર્ધન (૩)
૧૭ મોટું નગારું (૩)
૧૮ બેસવાની જગ્યા (૩)
૧૯ અવિરત, નિરંતર (૩)
૨૦ ફલ પ્રાપ્તિ, સફળતા (૨)
૨૧ પરગણું (૩)
૨૩ પાયમાલી, નાશ (૩)
૨૪ ખાલી (૨)
૨૬ રાખ, ભસ્મ (૨)

**ગયા વખતનો ઉકેલ**

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ ડા | ૨ લા | મ | ધું | | ૩ આ | | ૪ આ | ગ | |
| ૫ મા | ટ | | | ૬ અ | સ | ૭ બા | બ | | ૮ અ |
| ડી | | ૯ મા | | ૧૦ વિ | રા | ગ | | ૧૧ મ | ના |
| ળ | | હિ | | ર | | | ૧૨ સ | ન | દ |
| | ૧૩ વા | ત | ૧૪ ચી | ત | | ૧૫ કા | ચ | | ર |
| ૧૬ ઉ | | ૧૭ ગા | લ | | ૧૮ પ | મ | રા | ટ | |
| ૧૯ મા | ૨૦ હે | ર | | | દા | | ચ | | ૨૧ સા |
| ૨૨ પ | ત | | ૨૩ મા | ૨૪ ન | વ | | ર | | રી |
| તિ | | ૨૫ તા | લા | વે | લી | | | ૨૬ બ | ગ |
| | ૨૭ ફા | ગ | | લી | | ૨૮ પ | ય | ગા | મ |

### ઓળખાણ પડી?



શાસ્ત્રીય નૃત્યાંગના, નૃત્ય સંચાલક તેમજ દર્પણ એકેડમીના સ્થાપક અને અનેક પુરસ્કાર મેળવનારાં નૃત્યાંગનાની ઓળખાણ પડી?

અ) કનક રેલે
બ) યામિની કૃષ્ણમૂર્તિ
ક) સોનલ માનસિંહ
ડ) મૃણાલિની સારાભાઈ

### ચતુર આપો જવાબ માથું ખંજવાળો

આપેલા વાક્યમાં શરીરનો પર્યાયવાચક શબ્દ સંતાયો છે એ શોધી કાઢો.

એના અણમોલ રતન જેવા બે દીકરાએ જીવન ઉજાળ્યું.

### માઈન્ડ ગેમ

મરાઠી ભાષી છતાં ગુજરાતીમાં ઉત્કૃષ્ટ સાહિત્યસર્જન કરવા બદલ ગાંધીજીએ ‘સવાયા ગુજરાતી’નું બિરુદ આપ્યું હતું એ સર્જકનું નામ કહો.

અ) વસંત કાનેટકર બ) કાકાસાહેબ કાલેલકર
ક) વી. સ. ખાંડેકર ડ) ચિ. વી. જોશી

### સુડોકુ-૯૨૬૫

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૮ | | | | | | | ૫ | |
| ૨ | | | | ૪ | ૫ | ૯ | | |
| | ૭ | ૫ | | ૧ | | | ૩ | ૬ |
| | ૪ | | ૫ | | | ૭ | ૮ | |
| ૧ | | ૭ | ૪ | | ૩ | ૬ | | ૫ |
| | ૬ | ૮ | | | ૭ | | ૪ | |
| ૯ | ૫ | | | ૭ | | ૩ | ૧ | |
| | | ૧ | ૩ | ૯ | | | | ૨ |
| | ૨ | | | | | | | ૭ |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોકસ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક

**સુડોકુ-૯૨૬૪**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૪ | ૩ | ૧ | ૭ | ૬ | ૯ | ૮ | ૨ | ૫ |
| ૯ | ૬ | ૨ | ૫ | ૮ | ૩ | ૪ | ૭ | ૧ |
| ૭ | ૮ | ૫ | ૪ | ૨ | ૧ | ૯ | ૩ | ૬ |
| ૮ | ૧ | ૭ | ૩ | ૯ | ૬ | ૨ | ૫ | ૪ |
| ૩ | ૪ | ૯ | ૮ | ૫ | ૨ | ૬ | ૧ | ૭ |
| ૨ | ૫ | ૬ | ૧ | ૪ | ૭ | ૩ | ૯ | ૮ |
| ૫ | ૯ | ૩ | ૬ | ૧ | ૮ | ૭ | ૪ | ૨ |
| ૬ | ૭ | ૪ | ૨ | ૩ | ૫ | ૧ | ૮ | ૯ |
| ૧ | ૨ | ૮ | ૯ | ૭ | ૪ | ૫ | ૬ | ૩ |

### ગયા ગુરુવારના જવાબ

| A | B |
|---|---|
| गड | કિલ્લો |
| गडी | સોબતી |
| गडद | ગાઢ |
| गरजू | ગરજવાળું |
| गप | ચૂપ |

**ગુજરાત મોરી મોરી રે:**
ફુઆ

**ઓળખાણ પડી?**
મુંબઈ

**માઈન્ડ ગેમ :**
હેમચંદ્રાચાર્ય

**ચતુર આપો જવાબ માથું ખંજવાળો :**
તર

### ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) કિશોરકુમાર જીવણદાસ વેદ (૨) મુલરાજ કપૂર (૩) શ્રીમતી ભારતી પ્રકાશ કટકિયા (૪) સુભાષ મોમાયા (૫) ભારતી બુચ (૬) નીતા દેસાઈ (૭) વિપીન શાહ (૮) નૂતન વિપીન શાહ (૯) ખુશરૂ કાપડિયા (૧૦) હર્ષા મહેતા (૧૧) શ્રદ્ધા આશર (૧૨) પુષ્પા પટેલ (૧૩) લજિતા ખોના (૧૪) જ્યોતિ ખાંડવાલા (૧૫) મીનળ કાપડિયા (૧૬) તાહેર ઔરંગાબાદવાલા (૧૭) શીરીન ઔરંગાબાદવાલા (૧૮) પ્રવીણ વોરા (૧૯) અબ્દુલ્લા એફ. મુનીમ (૨૦) મહેશ સંઘવી (૨૧) ભરત કજરિયા (૨૨) મનીષા શેઠ (૨૩) ફાલ્ગુની શેઠ (૨૪) કિરીટ છેડા (૨૫) ચેતના છેડા (૨૬) નિખિલ બંગાળી (૨૭) અમીશી બંગાળી (૨૮) ભાવના કર્વે (૨૯) કમલ માતલિયા (૩૦) મહેન્દ્ર લોઢાવિયા (૩૧) અરવિંદ કામદાર (૩૨) ભાવના કર્વે (૩૩) વિણા સંપટ (૩૪) દેવેન્દ્ર સંપટ (૩૫) અલકા વાણી (૩૬) ભારતી જયવંત ચિખલ (૩૭) અંજુ ટોલિયા (૩૮) જ્યોત્સના ગાંધી (૩૯) ઈનાક્ષી દલાલ (૪૦) હિના દલાલ (૪૧) રમેશ દલાલ (૪૨) ડાયના સંતોકે (૪૩) નિતીન જયંતિલાલ બજરિયા (૪૪) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૪૫) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૪૬) વિજય આસર (૪૭) મહેશ દોશી (૪૮) ડો. પ્રકાશ કટકિયા (૪૯) પ્રતિમા પમાણી (૫૦) ધીરેન્દ્ર મુલરાજ (૫૧) જયવંત પદમશી ચિખલ (૫૨) નયના ગિરીશ મિસ્ત્રી

# મુંબઈ સમાચાર આયોજિત માતૃભાષા ભાગવત સપ્તાહ

૨ એપ્રિલથી ૮ એપ્રિલ

Supported by: adani

## વ્યાસપીઠ તમને લાડ પણ લડાવે અને ક્યારેક જશોદાની જેમ ગુસ્સોય કરે, આંખો પણ દેખાડેઃ પૂજ્ય ભાઈશ્રી



## માતૃભાષા ભાગવત સપ્તાહનું સફળ આયોજન સંપન્ન

મુંબઈઃ 'મુંબઈ સમાચાર' આયોજિત માતૃભાષા ભાગવત સપ્તાહનું સાતમા દિવસે પૂજ્ય ભાઈશ્રી ભાઈ રમેશભાઈ ઓઝાએ ભાગવત સપ્તાહનું સમાપન કર્યું હતું. કથાના સાતમા એટલે કે અંતિમ દિવસે પણ ભાવિકજનોરૂપી સમુદ્રથી સનાતન નગરી છલકાઈ ઉઠી હતી. પૂજ્ય ભાઈશ્રીએ સપ્તાહના છેલ્લાં દિવસે કર્મ અને ધર્મ પર ભાર મૂક્યો હતો.

પૂજ્ય ભાઈશ્રી રમેશભાઈ ઓઝાએ 'મુંબઈ સમાચાર' આયોજિત માતૃભાષા ભાગવત કથાનું સમાપન કરતાં જીવનમાં પાપ અને કર્મનું મહત્ત્વ ખૂબ જ વિસ્તારથી સમજાવ્યું હતું. પૂજ્ય ભાઈશ્રીનું જીવનમાં કરેલાં કર્મ તો રાજા દશરથે પણ ભોગવવા પડ્યા હતા. એટલે જ આપણે હંમેશાં કર્મ કરતાં ડરવું જોઈએ, આપણામાં પાપનો ભય હોવો જોઈએ. ભાઈશ્રીએ મારા ઘટમાં બિરાજતા શ્રીનાથજી ભજન ગાતા જ ભાવિકોના હૈયા હિલોળે ચઢ્યા હતા.

શબરીએ રામને શોધવા ક્યાંય ના જવું પડે અને ખુદ રામ શબરીને શોધતાં શોધતા આવે એનો સંદર્ભ આપતા જ્યારે ભાઈશ્રીના મુખે મેરી ઝોંપડી કે ભાગ આજ ખુલ જાયેંગે ભજન સાંભળીને સભામંડપમાં દિવ્ય અલૌકિક વાતાવરણ તૈયાર થઈ ગયું હતું. શબરીએ રામને મળવા અયોધ્યાની યાત્રા નથી કરવી પડતી, પણ ભગવાન રામ અયોધ્યાથી નીકળીને શબરીને મળે છે. આ ભક્તાધિન ધર્મનો પ્રભાવ છે.

આજે પૂર્ણાહુતિ છે અને એ અવસરે હું કહેવા માગુ છું કે વ્યાસપીઠો પાસેથી આપણને ખૂબ મળ્યું છે. આપણે કૃતજ્ઞ છીએ. વ્યાસપીઠ એ જશોદા જેવી છે અને તમારું મન એ બાળકૃષ્ણ જેવું છે. બાળકૃષ્ણ રૂપી તમારું મન જે માગે એ વ્યાસપીઠ રૂપી જશોદા લાવે છે. વ્યાસપીઠ તમને લાડ પણ લડાવે અને ક્યારેક જશોદાની જેમ ગુસ્સોય કરે, આંખો પણ દેખાડે. પરંતુ એ બધામાં માતા જશોદાનો ભાવ હોય, તમારું હિત હોય. વ્યાસપીઠે આપણને ઘણું બધું આપ્યું છે. પૂજ્ય ડોંગરેજી જેવા મહારાજે પોતાની આખી જિંદગી વ્યાસપીઠ પરથી લોકોને અપરંપાર આપ્યું છે, એવું કહીને પૂજ્યભાઈશ્રીએ વ્યાસપીઠનું જીવનમાં શું મહત્ત્વ છે એના પર પ્રકાશ પડ્યો હતો.

જીવનમાં ભાગવત પઠનનું મહત્ત્વ જણાવતા ભાઈશ્રીએ કહ્યું હતું કે ભગવાન સત્ય છે. મોહની નિદ્રામાંથી જીવ જાગી જાય તો ભગવાન પ્રસન્ન થાય. ભગવાન કૃષ્ણની વાણી અને વિચારો આપણને મોહનિદ્રામાંથી જાગૃત કરે છે એટલે આપણે નિત્ય ભાગવતનો પાઠ કરવો જોઈએ, એવું કહીને ફરી એક વખત હાજર ભાવિકોને ભાગવત વાંચવા માટે પ્રોત્સાહન આપ્યું હતું.

પૂજ્ય ભાઈશ્રી રમેશભાઈએ કથાનું સમાપન કરતાં મુંબઈ સમાચારનો આભાર માન્યો હતો. આ વખતે આ કથા મુંબઈમાં બહુ વરસ પછી કરી. કોવિડ પહેલાં કાંદિવલીમાં કથા કરી હતી. આટલા વર્ષે બોરીવલીમાં આટલી ભવ્ય રીતે આ કથા સાકાર થઈ એનો મને વિશેષ આનંદ છે. વિશ્વમાં અત્યારે વિપરીત માહોલ છે, આપણે વિશ્વશાંતિ માટે પ્રાર્થના કરીએ. સમગ્ર વિશ્વની માનવતા માટે પ્રાર્થના, મંગલ કામના. 'મુંબઈ સમાચાર'ના માતૃભાષા ભાગવત સપ્તાહના અનન્ય પ્રયાસની પ્રશંસા કરી અભૂતપૂર્વ આયોજનને બિરદાવ્યું હતું. એ સાથે મુંબઈ શહેરમાં કેટલાક વર્ષ પછી ભાગવત સપ્તાહ 'મુંબઈ સમાચાર' અને તંત્રી નીલેશ દવેને કારણે શક્ય બની એ માટે હરખ વ્યક્ત કર્યો હતો. આટલું જણાવી ભાઇશ્રીએ 'કેવું લાગ્યું આયોજન?' એવો સવાલ કરતા હાજર હજારો ભાવિકોએ તાળીઓના ગડગડાટથી આયોજનને સર્ટિફિકેટ આપી દીધું હતું.

'મુંબઈ સમાચાર'ના તંત્રી શ્રી નીલેશ દવેએ આભાર પ્રગટ કરતાં જણાવ્યું હતું કે 'આ કથા માટે જેમણે મને એક જ મિનિટ માટે હકારમાં જવાબ આપ્યો એવા પૂજ્ય ભાઈશ્રી રમેશભાઈ ઓઝાનો હું ઋણી છું. થોડી વાર પહેલા મને કોઈએ પૂછ્યું કે તમારું સપનું સાકાર થયું? મેં એ ભાઈને કહ્યું કે 'આ તો સપનાની શરૂઆત છે.' આ વાક્ય પૂરું થતા વૈષ્ણવોનું અભિવાદન હોલમાં ગૂંજી ઊઠ્યું હતું.

ભાગવત સપ્તાહના અંતિમ દિવસે પધારેલા વિશેષ મહેમાનોમાં ભૂતપૂર્વ સાંસદ ગોપાલજી શેટ્ટી, જાણીતા ટીવી કલાકાર જે. ડી. મજેઠિયા, સંજય છેલ, મુકેશ પટેલ, મિતેશ શાહ, ધર્મેશ ગાંધી હાજર રહ્યા હતા.

(તસવીરોઃ અમય ખરાડે)



### માતૃભાષા ટકશે તો ભક્તિ રચના ટકશે

મા – દીકરી કાર્યક્રમમાં આવ્યા છે. 'રાધિકા તુને બાંસુરી ચુરાઈ' ગવાય છે, પણ ઈંગ્લિશ મિડિયમમાં ભણેલી દીકરીને કંઈ સમજાતું નથી. એટલે એ માને પૂછે છે કે What is she singing? Mother replies, 'Radha has stolen flute of Krishna.' Daughter says 'She should go to police station and report.'

માતૃભાષાના અજ્ઞાનનું આ પરિણામ છે. કૃષ્ણ રાધાનો ચિત્તચોર છે અને રાધિકા વાંસળી ચોરે છે. એમાં પોલીસ સ્ટેશનમાં ફરિયાદ ન કરવાની હોય. ભાવ સમજવો જોઈએ. માતૃભાષા ટકશે તો ભાવ સમજાશે અને આ બધો લાભ આપણને મળશે.







બોરીવલીનાં નગરસેવક શિવા શેટ્ટીએ પૂજ્ય ભાઈશ્રીના આશીર્વાદ લીધા હતા



મુંબઈ સમાચારના તંત્રીશ્રી નીલેશ દવે અને તેમના પત્ની સોનલ દવે. ભાઈશ્રીના આશીર્વાદ લેતા તંત્રીશ્રી નીલેશ દવે ભાવુક થઈ ગયા હતા





















DANUBE PROPERTIES DUBAI
Real Estate Partners:

AJMERA BUILT ON TRUST
MICL LIVE BETTER
Showglitz Events & Entertainment Private Limited
MUNJAL
RUDRAAMAR GROUP
RAJSHREE BUILDERS Building A Future Into Every Home
ARVINDBHAI KHATRI SONS
JVM CHARITABLE FOUNDATION
HEM AGARBATTI
hitech events & exhibition
NEELKANTH Building Trust Since 1938 Formerly known as: Velji Harkha Patel & Sons.
SURBHI GROUP Redefining Urban Lifestyle Contact - +91 98218 85998/
BRIGHT OUTDOOR MEDIA LIMITED
SILVER BUILDING LANDMARKS SINCE 1986
Neela Film Productions
NATUREPURE Wellness Pvt. Ltd.
WellPure | Keshasvi
APAR ADVERTISERS PRIVATE LIMITED

## મુંબઈને હવે જળાશયો પર નિર્ભર રહેવાની જરૂર નથી

# સમુદ્રના ખારા પાણીને શુદ્ધ પીવાલાયક બનાવવાના પ્રોજેક્ટનો માર્ગ મોકળો

મુંબઈ: મુંબઈવાસીઓ માટે એક રાહતના સમાચાર છે. મુંબઈવાસીઓની પાણીની ચિંતા હવે કાયમ માટે દૂર થઈ જશે. કોસ્ટલ ઝોન મેનેજમેન્ટ ઓથોરિટીએ મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશનના મહત્વાકાંક્ષી ડિસેલિનેશન પ્રોજેક્ટને લીલીઝંડી આપી દીધી છે. આનો અર્થ એ છે કે મુંબઈના અગાધ સમુદ્રના ખારા પાણીને શુદ્ધ કરીને તેને પીવાલાયક બનાવવાનો માર્ગ મોકળો થઈ ગયો છે.

છેલ્લા કેટલાક વર્ષોમાં મુંબઈની વસ્તીમાં થયેલા ઝડપી વધારા સામે તેના જળ સંસાધનો ખૂબ જ મર્યાદિત છે. હાલમાં મુંબઈને સાત અલગ અલગ જળાશયોમાંથી પાણી પુરવઠો મળે છે, પરંતુ તે બધા વરસાદ પર આધારિત છે. ૨૦૨૧ માં તત્કાલીન મુખ્યપ્રધાન ઉદ્ધવ ઠાકરેએ મનોરી ખાતે આ પ્રોજેક્ટના નિર્માણની જાહેરાત કરી હતી. જોકે રાજ્યમાં થયેલા બળવા પછી આ પ્રોજેક્ટ અટકી ગયો હતો. ઓથોરિટીએ તેને મંજૂરી આપી દીધી છે, પરંતુ હવે ફક્ત કેન્દ્રીય પર્યાવરણ મંત્રાલયની મંજૂરી બાકી છે.

આ પ્રોજેક્ટ પશ્ચિમ ઉપનગરના મનોરી ગામમાં સ્થિત એમટીડીસીની લગભગ ૨૦ એકર જમીન પર સ્થાપિત કરવામાં આવશે. તેમાં રિવર્સ ઓસ્મોસિસ નામની આધુનિક ટેક્નોલોજીનો ઉપયોગ કરવામાં આવશે. જેમ આપણા ઘરોમાં વોટર પ્યુરિફાયર પાણીને શુદ્ધ કરે છે, તેમ દરિયાના પાણીને પણ મોટા પાયે શુદ્ધ કરવામાં આવશે. મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન આ પ્રોજેક્ટ માટે લગભગ ૯,૭૩૭ કરોડ રૂપિયા ઉભા કરશે, જે દરરોજ ૨૦૦ થી ૪૦૦ મિલિયન લિટર દરિયાઈ પાણીને શુદ્ધ કરશે. અત્યાધુનિક ટેક્નોલોજીનો ઉપયોગ કરતો આ સમગ્ર પ્રોજેક્ટ આગામી ચાર વર્ષમાં એટલે કે ડિસેમ્બર ૨૦૨૯ સુધીમાં પૂર્ણ થવાની ધારણા છે.

મુંબઈ શહેરને હાલમાં દરરોજ લગભગ ૩,૯૦૦ મિલિયન લિટર પાણીની જરૂર પડે છે. જ્યારે વરસાદ ઓછો પડે, ત્યારે મુંબઈમાં ૧૦ થી ૧૫ ટકા પાણીકાપ મુકવામાં આવે છે. ■

# ૨૦૮ અધિકારી વિરુદ્ધ લાંચના ગુના છતાં તેમને સસ્પેન્ડ નથી કરાયા!

## કરપ્શનના ત્રણ કેસમાં એસીબીએ આરોપીની ૬.૬૩ કરોડની મિલકત જપ્ત કરવાની સરકાર પાસે પરવાનગી માગી

*યોગેશ સી પટેલ*

મુંબઈ: મહારાષ્ટ્ર એન્ટિ-કરપ્શન બ્યૂરો (એસીબી) દ્વારા ગુનો નોંધવામાં આવ્યા છતાં સંબંધિત વિભાગ દ્વારા ૨૦૮ અધિકારી-કર્મચારીને સસ્પેન્ડ કરવામાં ન આવ્યા હોવાની ચોંકાવનારી માહિતી સામે આવી છે. સસ્પેન્ડ ન કરાયેલાઓમાં સૌથી વધુ મુંબઈ અને થાણે રિજનના અધિકારી છે. બીજી બાજુ, એસીબીએ લાંચના ત્રણ કેસમાં આરોપીઓની ૬.૬૩ કરોડ રૂપિયાની મિલકત જપ્ત કરવાની પરવાનગી રાજ્ય સરકાર પાસે માગી છે.

એસીબીના આંકડા દર્શાવે છે કે અલગ અલગ ૨૦ સરકારી વિભાગોના ૨૦૮ અધિકારી વિરુદ્ધ એસીબીમાં લાંચના ગુના નોંધવામાં આવ્યા હતા. સામાન્ય રીતે ગુનો નોંધાયા પછી સંબંધિત વિભાગ દ્વારા એ અધિકારીને સસ્પેન્ડ કરવાની કાર્યવાહી કરવામાં આવે છે, પરંતુ આ ૨૦૮ અધિકારીને તેમના વિભાગ દ્વારા સેવામાંથી સસ્પેન્ડ જ

(જુઓ પાનું ૪) ▶▶

# સુનેત્રા પવાર 'વર્ષા' પર પહોંચ્યા: ફડણવીસ સાથેની મુલાકાત બાદ વિવિધ અટકળો

મુંબઈ: રાજ્યના રાજકારણમાં હાલમાં ઝડપી ગતિવિધિઓ જોવા મળી રહી છે. સ્વર્ગસ્થ નાયબ મુખ્ય પ્રધાન અજિત પવારના અવસાન બાદ બારામતી વિધાનસભા માટે પેટાચૂંટણીની જાહેરાત કરવામાં આવી છે. આ પેટાચૂંટણીને લઈને હાલમાં રાજકારણ ગરમાયું છે. મહાયુતિએ આ પેટાચૂંટણી માટે અજિત પવારનાં પત્ની, નાયબ મુખ્ય પ્રધાન સુનેત્રા પવારને તક આપી છે. બીજી તરફ, કોંગ્રેસે આકાશ મોરેને તક આપી છે. હવે, આ પૃષ્ઠભૂમિમાં, નાયબ મુખ્ય પ્રધાન સુનેત્રા પવાર મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસને મળ્યા હતા. આ મુલાકાત મુખ્ય પ્રધાનના સત્તાવાર નિવાસસ્થાન વર્ષા ખાતે થઈ હતી. આ મહત્વપૂર્ણ બેઠકથી રાજકીય વર્તુળોમાં ચર્ચાઓ શરૂ થઈ ગઈ છે.

બુધવારે સવારે સુનેત્રા પવાર વર્ષા બંગલા ખાતે આવી પહોંચ્યા હતા. તેમની સાથે તેમના પુત્ર પાર્થ પવાર, એનસીપી પ્રદેશ પ્રમુખ સુનીલ તટકરે અને પ્રધાન હસન મુશ્રીફ પણ હાજર હતા. મુખ્ય પ્રધાન અને એનસીપી નેતાઓ વચ્ચેની મુલાકાત લગભગ એક કલાક ચાલી હતી. એવું કહેવામાં આવ્યું હતું કે આ માત્ર એક શુભેચ્છા મુલાકાત હતી. જોકે, એવી અટકળો ચાલી રહી છે કે મહાયુતિ બારામતી પેટાચૂંટણી માટે ખાસ રણનીતિ

(જુઓ પાનું ૪) ▶▶

## બારામતી પેટાચૂંટણી મુદ્દે કોંગ્રેસમાં ભંગાણ?

મુંબઈ: અજિત પવારના અવસાન બાદ બારામતી વિધાનસભામાં પેટાચૂંટણી યોજાઈ રહી છે. અહીં નાયબ મુખ્ય પ્રધાન સુનેત્રા પવાર મેદાનમાં ઊતર્યા છે. મહાયુતિ આ ચૂંટણી બિનહરીફ થાય તે માટે પ્રયાસો કરી રહી છે. આ માટે સુનેત્રા પવારે પોતે કોંગ્રેસ અને ઉદ્ધવ ઠાકરે જૂથને ફોન કરીને તેમના ઉમેદવારો પાછા ખેંચવા વિનંતી કરી હતી. જોકે કોંગ્રેસે પોતાનો વલણ યથાવત્ રાખ્યું છે. કોંગ્રેસે બારામતીથી એડવોકેટ કિરણ મોરેને મેદાનમાં ઉતાર્યા છે.

કોંગ્રેસે બારામતીમાં ઉમેદવાર ઊભો રાખતા સુનેત્રા પવારના પુત્ર પાર્થ પવારે રોષ વ્યક્ત કર્યો હતો. પાર્થ પવારે નિવેદન આપ્યું હતું કે, અહીંથી જ કોંગ્રેસનું પતન શરૂ થશે અને ભવિષ્યમાં કોંગ્રેસે આની કિંમત ચૂકવવી પડશે. પાર્થ પવારના આ નિવેદન બાદ કોંગ્રેસમાં નારાજગી ફેલાઈ હતી, જેના કારણે કોંગ્રેસના કેટલાક નેતાઓએ ઉમેદવાર પાછો ન ખેંચવાનો નિર્ણય લીધો હતો. કોંગ્રેસે ઉમેદવાર પાછો ન ખેંચતા હવે બારામતીમાં ચૂંટણી યોજાશે તે લગભગ નક્કી જણાઈ રહ્યું છે. જોકે, હવે માહિતી

(જુઓ પાનું ૪) ▶▶

# રાયગડ બાદ હવે ગોંદિયામાં પણ બેનર પરથી અજિતદાદાનો ફોટો ગાયબ!

ગોંદિયા: રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી (અજિત પવાર જૂથ) ના દિવંગત રાષ્ટ્રીય અધ્યક્ષ અજિત પવારના અવસાનથી પાર્ટીમાં એક મોટો ખાલીપો સર્જાયો છે. જોકે, તેમના નિધનને હજુ બહુ સમય વીત્યો નથી ત્યાં જ પક્ષના આંતરિક રાજકારણમાં મોટો ઉલટફેર શરૂ થયો હોવાની ચર્ચાઓ ચાલી રહી છે. આવી સ્થિતિમાં રાયગડમાં સુનીલ તટકરેના મતવિસ્તારમાં અજિત પવારનો ફોટો બેનર પરથી હટાવ્યા બાદ હવે આવો જ પ્રકાર વરિષ્ઠ નેતા પ્રફુલ પટેલના પ્રભાવ હેઠળના ગોંદિયા જિલ્લામાં પણ જોવા મળ્યો છે. આ ઘટનાને કારણે રાજકીય વર્તુળોમાં નવી ચર્ચાઓએ જોર પકડ્યું છે.

તાજેતરમાં ગોંદિયા જિલ્લાના તિરોડા શહેરમાં રાષ્ટ્રવાદી કોંગ્રેસનું કાર્યકર્તા સંમેલન હતું. આ સંમેલન માટે શહેરમાં લગાવવામાં આવેલા સત્તાવાર બેનરો પર એક વિચિત્ર બાબત સૌના ધ્યાન પર આવી હતી. આ બેનરો પર વરિષ્ઠ નેતા પ્રફુલ પટેલ અને સ્થાનિક નેતાઓના ફોટા દેખાઈ રહ્યા હતા, પરંતુ દિવંગત અજિત પવારનો ફોટો ગાયબ હતો. બેનર પર એનસીપીના રાષ્ટ્રીય અધ્યક્ષ અને નાયબ મુખ્યપ્રધાન સુનેત્રા પવારનો સ્થાનિક નેતાઓ સાથેનો એક નાનો ફોટો જોવા મળ્યો હતો. રાયગડમાં પ્રદેશ પ્રમુખ સુનીલ તટકરે અને પ્રધાન અદિતિ તટકરેના બેનર પરથી અજિત પવારનો ફોટો દૂર કરવા બદલ પહેલાથી જ ટીકા થઈ રહી હતી. હવે, પ્રફુલ પટેલના જિલ્લામાં પણ એ જ 'રાયગઢ પેટર્ન' જોવા મળી હતી. ■

# અજિત પવારના પ્લેન ક્રેશ સંબંધી વાંધાજનક વીડિયો સર્ક્યુલેટ કરનારો જાલનામાં પકડાયો

મુંબઈ: રાજ્યના ભૂતપૂર્વ નાયબ મુખ્ય પ્રધાન અજિત પવારનું વિમાન તૂટી પડવાની ઘટના સંબંધી કથિત વાંધાજનક વીડિયો સર્ક્યુલેટ કરવા અને મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ વિરુદ્ધ વિવાદાસ્પદ નિવેદનો કરવા બદલ સાયબર પોલીસે જાલનાના યુવાનની ધરપકડ કરી હતી.

વેસ્ટ રિજન સાયબર પોલીસે પકડી પાડેલા આરોપીની ઓળખ ઉદ્ધવ ભગવાન કાપસે તરીકે થઈ હતી. વધુ તપાસ માટે આરોપીને મુંબઈ લાવવામાં આવ્યો હતો. કોર્ટે તેને ૧૦ એપ્રિલ સુધીની પોલીસ કસ્ટડી ફટકારી હતી. આરોપીએ શૅર કરેલો વાંધાજનક વીડિયો બાદમાં ડિલિટ કરવામાં આવ્યો હતો, પણ ત્યાં સુધીમાં તેને લગભગ ૧.૫ લાખ ફોલોઅર્સે જોયો હતો.

પોલીસના જણાવ્યા મુજબ વીડિયો મારફત આરોપી વિમાન દુર્ઘટના સંબંધી ખોટી માહિતી ફેલાવી રહ્યો હતો અને મુખ્ય પ્રધાનને બદનામ કરવાનો પ્રયાસ કરી રહ્યો હતો.

જાન્યુઆરીમાં બનેલી વિમાન દુર્ઘટનામાં અજિત

(જુઓ પાનું ૪) ▶▶

# કાર્તિક આર્યનની પર્સનાલિટી રાઈટ્સના રક્ષણની માગણી સાથે હાઇ કોર્ટમાં ધા



મુંબઈ: અભિનેતા કાર્તિક આર્યને ઓનલાઈન માધ્યમો પર તેના પર્સનાલિટી રાઈટ્સના કથિત અનધિકૃત વ્યાવસાયિક ઉપયોગ સામે રક્ષણ આપવાની માગ કરવા હાઇ કોર્ટના દ્વાર ખટખટાવ્યા છે. કાર્તિકે અનેક ભારતીય અને આંતરરાષ્ટ્રીય ઈ-કોમર્સ અને સોશિયલ મીડિયા પ્લેટફોર્મ્સ તેમજ તેના ફોટા અને વીડિયોનો દુરુપયોગ કરનારા કેટલાક અજ્ઞાત વ્યક્તિઓ વિરુદ્ધ બૌદ્ધિક સંપદા અધિકાર કાયદા હેઠળ દાવો દાખલ કર્યો હતો.

કાર્તિકની અરજી મુજબ તેમના નામ, છબી અને ચહેરાનો ઉપયોગ વિવિધ વસ્તુઓ, જાહેરાતો અને અન્ય ડિજિટલ સામગ્રી પર પરવાનગી વિના કરવામાં આવી રહ્યો છે, જેના કારણે તેની પ્રસિદ્ધિ અને ખાનગી જીવન

(જુઓ પાનું ૪) ▶▶

# ડેડિકેટેડ ફ્રેઈટ કોરિડોરનું પરીક્ષણ સફળ: હવે દોડશે ડબલ ડેકર માલગાડીઓ



પાલઘર: વેસ્ટર્ન ડેડિકેટેડ ફ્રેઇટ કોરિડોરના ન્યૂ સફાલેથી જેએનપીટી વચ્ચેના રેલ્વે માર્ગનું અટકેલું કામ પૂર્ણ થયા બાદ આ માર્ગ પર બંને તરફથી માલગાડીઓ દોડાવીને સફળ પરીક્ષણ કરવામાં આવ્યું. આના કારણે હવે આ રૂટ પરથી ડબલડેકર માલગાડીઓ દોડાવવી શક્ય બનશે. સાથે જ પશ્ચિમ રેલ્વેના વસઈથી દહાણુ વચ્ચેના લોકલ રેલવે માર્ગ પરનું ભારણ પણ ઓછું થશે, જેનાથી આ માર્ગ પર નવી લોકલ ટ્રેન સેવાઓ શરૂ કરવાનો માર્ગ મોકળો થયો છે.

વેસ્ટર્ન ડેડિકેટેડ ફ્રેઇટ કોરિડોરનું જેએનપીટી સુધીનું જોડાણ પૂર્ણ

(જુઓ પાનું ૪) ▶▶

# રેલવેનો કમાણીનો નવો કીમિયો: ₹ ૧.૩૨ કરોડમાં ફેરિયાઓને કોન્ટ્રેક્ટ

કલ્યાણ: લોકલમાં દરરોજ ગિરદી વધી રહી છે અને મુસાફરોને ઉભા રહેવાની પણ જગ્યા મળતી નથી, જેના કારણે અકસ્માતોમાં પણ વધારો થયો છે. મુસાફરોને સારી સુવિધા આપવાને બદલે મધ્ય રેલવેએ કલ્યાણથી સીએસએમટી વચ્ચે એક કોન્ટ્રાક્ટરને ત્રણ વર્ષ માટે ફેરીયા તરીકે વ્યવસાય કરવાનો કોન્ટ્રેક્ટ આપ્યો છે. રેલવેના આ નિર્ણયથી પ્રવાસી સંગઠનોએ ભારે નારાજગી વ્યક્ત કરી હતી.

મધ્ય રેલવેએ વર્ષ ૨૦૨૩માં લોકલમાં ફેરિયાઓને સત્તાવાર રીતે વ્યવસાય કરવાની મંજૂરી આપવાની હિલચાલ કરી હતી. રેલવે પ્રવાસી સંગઠને રેલવેના આ નિર્ણયનો સખત વિરોધ કર્યો હતો, જેના કારણે તે સમયે આ વિષય બંધ થઈ ગયો હતો. હવે આ મુદ્દો ફરી ગાજ્યો છે. લોકલમાં બિનઅધિકૃત રીતે ખાદ્ય પદાર્થો અને ઘરગથ્થુ વપરાશની વસ્તુઓ વેચતા ફેરિયાઓ

(જુઓ પાનું ૪) ▶▶

PAC n DELIVER
INTERNATIONAL COURIER
Send parcels to your Children & loved ones in CANADA, UK, USA & WORLD WIDE including Garments, Farsan, Chocolates, Sweets, Gifts, Eatables, Medicines & any permissible item & get benefited with SPECIAL rates.
Contact : Mr. ANUJ SANGOI
8879991866
Email - sales@pacndeliver.com
"20 Yrs of Quality Service"

# સુરક્ષાનાં કારણોસર ખરાતને કોર્ટમાં ન લવાયો: વીડિયો કોન્ફરન્સિંગથી સુનાવણી

નાશિક: દુષ્કર્મના કેસમાં ધરપકડ કરાયેલા 'ગૉડમૅન' અશોક ખરાતને સુરક્ષાનાં કારણોસર બુધવારે કોર્ટમાં લવાયો નહોતો. વીડિયો કોન્ફરન્સિંગથી સુનાવણી કરી કોર્ટે તેને દુષ્કર્મના બીજા કેસમાં પણ ૧૪ દિવસની અદાલતી કસ્ટડીમાં મોકલી આપ્યો હતો. આ કેસમાં ખરાતે ધાર્મિક વિધિને બહાને ૨૦૨૦થી મહિલાનું જાતીય શોષણ કર્યું હતું.

અશોક ખરાત વિરુદ્ધના કેસોની તપાસ કરનારી સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશન ટીમે (એસઆઈટી) દુષ્કર્મના બીજા કેસમાં પોલીસ કસ્ટડી પૂરી થતી હોવાથી બુધવારે ખરાતને ચીફ જ્યુડિશિયલ મૅજિસ્ટ્રેટ બી. એન. ઈચપુરાની સમક્ષ હાજર કર્યો હતો. સુરક્ષાનાં કારણોસર તેને કોર્ટમાં લવાયો નહોતો. પરિણામે કોર્ટે વીડિયો કોન્ફરન્સિંગથી સુનાવણી હાથ ધરી હતી.

સુનાવણી દરમિયાન કોર્ટે ખરાતને તેનું નામ પૂછ્યું હતું. ખરાતે અદબ વાળીને નામ કહ્યું હતું. એસઆઈટીએ રિમાન્ડ રિપોર્ટ રજૂ કરીને ખરાતને અદાલતી કસ્ટડીમાં મોકલી દેવાની વિનંતી કરી હતી. કોર્ટે ૨૧ એપ્રિલ સુધીની ન્યાયિક કસ્ટડી ફટકારી હતી. ખરાતને નાશિક રોડ સેન્ટ્રલ જેલમાં રાખવામાં આવ્યો છે.

૩૫ વર્ષની મહિલાએ સરકારવાડા પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી દુષ્કર્મની ફરિયાદ બાદ ૧૭ માર્ચે પોલીસે ખરાતની ધરપકડ કરી હતી.

બીજા કેસમાં લગ્ન ગોઠવી આપવા માટે એક સગાની સલાહથી ૨૦૧૩માં મહિલા ખરાતના સંપર્કમાં આવી હતી. મહિલાનાં લગ્ન પછી પણ ખરાત તેના સંપર્કમાં હતો. બાદમાં પરિવારની સમસ્યાઓનું નિરાકરણ કરી આપવાને બહાને ખરાતે તેનું જાતીય શોષણ કર્યું હતું, એવું ફરિયાદમાં જણાવાયું

(જુઓ પાનું ૪) ▶▶

# પ્રથમ દિવસે જ મેટ્રો-૯ અને ટૂ-બીને પ્રવાસીઓનો સારો પ્રતિસાદ



મુંબઈ: મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે મંગળવારે મુંબઈ મેટ્રો કોરિડોર-૯ અને ટૂ-બીના પ્રથમ તબક્કાનું ઉદ્ઘાટન કર્યાના એક દિવસ પછી બુધવારે સવારે કામગીરી શરૂ થઈ ગઈ છે.

મેટ્રો-૯ મેટ્રોપોલિટન રિજનમાં મુંબઈના ઉપનગર અને થાણે શહેરના એક ભાગ વચ્ચે પ્રથમ સીધી કનેક્ટિવિટી છે, જ્યારે લાઇન ટૂ-બી મુંબઈમાં હાર્બર લાઇન પર પ્રથમ મેટ્રો કનેક્ટિવિટી પ્રદાન કરશે.

મેટ્રો લાઇન-૯ના ૫.૬-કિમીના એલિવેટેડ ફેઝ-૧ માં ચાર સ્ટેશનનો સમાવેશ થાય છે - દહિસર પૂર્વ, પાંડુરંગવાડી, મીરાગાંવ અને કાશીગાંવ.

મેટ્રો લાઇન ટૂ-બી ના ૫.૫૩-કિમીના ફેઝ-૧ માં પાંચ સ્ટેશન છે,

(જુઓ પાનું ૪) ▶▶

માણો યાદગાર વિદેશ પ્રવાસો શાહ હોલીડેઝ સંગાથે...

SOUTH AFRICA
13 DAYS
CAPE TOWN - GARDEN ROUTE - PORT ELIZABETH - PILANESBERG - SUNCITY - JOHANNESBURG
MAY - JUNE
REGULAR GROUP DEPARTURES
CHINA
14 DAYS
BEIJING - SHANGHAI - ZHANGJIAJIE - CHONGQING - CHENGDU
APR - JUNE
REGULAR GROUP DEPARTURES

PACKAGE INCLUSIONS :- Economy Class Group Airfare • Luxurious Hotels • શુદ્ધ શાકાહારી / જૈન જમણ.
• ગુજરાતી, હિન્દી અને ઇંગલિશ જાણતા ટૂર મનેજર ની સેવા. • એન્ટ્રન્સ ફી, VISA સહિત તમામ ખર્ચ ટૂર કોસ્ટ માં જ સામેલ.
SHAH HOLIDAYS
203, Man Excellenza, 2nd Floor, Opp. Pawan Hans, S. V. Road, Vile Parle West, Mum-56.
9920490227 07506679945, 09324064281 (022) 26103073, 74
sales@shahholidays.com www.shahholidays.com



# ...જ્યારે આર્ટેમિસ-ટૂ મિશનના અવકાશયાત્રીનો ૪૦ મિનિટ માટે નાસા સાથે સંપર્ક તૂટી ગયો

પુણે: આશરે ૫૪ વર્ષ પછી અમેરિકાની અવકાશ સંસ્થા નાસા ફરી એકવાર માનવ અવકાશ મિશન સાથે ચંદ્ર તરફ રવાના થઈ છે. આર્ટેમિસ-૨ મિશન દ્વારા ચાર અવકાશયાત્રીઓ ચંદ્રની આસપાસ પ્રદક્ષિણા કરીને પૃથ્વી તરફ પરત ફરી રહ્યા છે. આ લગભગ ૧૦ દિવસનું મિશન છે અને એપોલો પ્રોગ્રામના પાંચ દાયકા પછી આ પ્રકારનું ઐતિહાસિક મિશન હાથ ધરવામાં આવી રહ્યું છે.

આ મિશન દરમિયાન અવકાશયાત્રીઓ પૃથ્વીની ભ્રમણકક્ષા છોડીને ચંદ્રની ભ્રમણકક્ષામાં પ્રવેશ્યા હતા. તેમણે ચંદ્રની ગુરુત્વાકર્ષણની અસર અનુભવતા ચંદ્રની આસપાસ પરિક્રમા પૂર્ણ કરી. રસપ્રદ વાત એ છે કે, સૂર્ય, ચંદ્ર અને અવકાશયાન એક જ રેખામાં આવતા અવકાશયાત્રીઓને એક અલગ પ્રકારનું ગ્રહણ જોવા મળ્યું, જેના કારણે તેમને 'બ્લેક મૂન'નો અનુભવ થયો. અવકાશયાત્રીઓનો નાસા સાથેનો સંપર્ક ૪૦ મિનિટ સુધી તૂટી ગયો હતો. ચંદ્રના પાછળના ભાગમાં જવાનું

(જુઓ પાનું ૪) ▶▶

"MUMBAI SAMACHAR" Newspaper (Periodicity-Daily) Owners The Bombay Samachar Pvt. Ltd. Publisher and Printer Meherwanji Rustomji Cama, Printed at their Press "Mumbai Samachar" at Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001 & Dangat Media PVT. LTD., Plot No. 22, Digha, MIDC, TTC Industrial Area, Vishnu Nagar, Digha, Navi Mumbai-400708 and Published from Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001. Editor * Nilesh Mahendra Dave (*Responsible for selection of news under the PRB Act.). Email: samachar.bombay@gmail.com Tel. Nos. 022-22045531-33. RNI Registration No. 1563/1957. ''મુંબઈ સમાચાર'' પત્ર રેડ હાઉસ, સૈયદ અબ્દુલ્લા બ્રેલવી રોડ, ફોર્ટ, મુંબઈ અને દાંગટ મીડિયા પ્રા. લિ., પ્લોટ ક. ૨૨,દિઘા, એમઆઈડીસી, ટીટીસી ઈન્ડસ્ટ્રિયલ એરિયા, વિષ્ણુનગર, નવી મુંબઈ-૪૦૦૭૦૮ ખાતે તેના માલિકો ધી બોમ્બે સમાચાર પ્રા. લિ. માટે તેઓના ''મુંબઈ સમાચાર'' પ્રેસમાં મહેરવાનજી રૂસ્તમજી કામાએ છાપ્યું અને પ્રગટ કર્યું છે. તંત્રી: *નીલેશ મહેન્દ્ર દવે (*પીઆરબી એક્ટ હેઠળ સમાચારોની પસંદગી માટે જવાબદાર). ઈ-મેઈલ: samachar.bombay@gmail.com ટેલિફોન: ૨૨૦૪૫૫૩૧-૩૩. R.N.I. No. 1563/1957.